પુષ્ટિમાર્ગીય ઉદ્બોધ

[ભાગ નવમો]

નવાખ્યાનનીં

લેખક:

બ્ર. રણછોડદાસ લક્ષ્મીદાસ,

ઠે૦ શેઠ કરસનદાસ નાથાની ધર્મશાળા.

મુ. ગોકુલ.

પ્રકાશક—

રા. રા. હેમરાજ દયાળજીના ધર્મપત્નીબાઈ રતનબાઈ,

પોરબંદર.

આવૃત્તિ પહેલી, પ્રત ૧૦૦૦.

વિના મૂલ્ય.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૨૩૨૮ किमत

ग्रंथनाम પુષ્ટિમાર્ગીય ઉદ્બોધ

वर्गांक P/૨૨૧૬:૫૨

પ્રસ્તાવના

વર્તમાન સમયમાં હે વૈષ્ણવો આપણી સ્વધર્મ પ્રત્યેની શ્રદ્ધા અત્યંત ઘટતી જોવામાં આવે છે પણ સ્વધર્મ એ કેવી વસ્તુ છે તેને આપણે જાણતા નથી, જાણવાની ચાહ પણ કરતા નથી. આપણા સ્વધર્મને આપણે નહી જાણીયે તો અન્ય કોણ જોવા કે જાણવા આવશે ? તમામ પ્રસંગો આપણા દૃષ્ટિબિંદુ આગળથી પસાર થઈ રહ્યા છે તેથી આપણે અજ્ઞાત નથી પણ તેના વિષે આપણું લક્ષ જતું નથી એ મોહોટા ખેદની વાત છે. આખી દુનિયામાં ધર્મ વિનાનો એક પણ માણસ નહી જોવામાં આવે. ઉંચ નીચ સૌ પોતપોતાના સ્વધર્મમાં રહી લૌકિક અલૌકિક દરેક કાર્ય કરે જાય છે તેમ આપણે પણ કરીયે તો શું ન બને ? જરૂર બને પણ આપણે તેમ કરતા નથી. સૌને પોતપોતાનો સ્વધર્મ વહાલો છે તેમ આપણે પણ પોતાના સ્વધર્મને વહાલું કાં ન કરિયે ? સ્વધર્મે કરીને સર્વે વાનાં સિદ્ધ થાય છે તે વિષે શ્રીમદ્ ભગવદ્ગીતામાં પ્રભુજીયે આજ્ઞા કરેલ છે કે—

(स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावह) અર્થ સ્વધર્મમાં રહીને મરણ થાય તે શ્રેયસ્કર છે પરાયો ધર્મ ભયને ઉત્પન્ન કરવાવાળો છે. આ મહાવાક્યને આધારે દરેકે પોતપોતાના સ્વધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવાંની છે તેમ વળી આપણો સ્વધર્મ સર્વોત્કૃષ્ટ હોવા છતાં આપણા સ્વધર્મથી પદભ્રષ્ટ થઈ પરાયા ધર્મને વખાણિયે છીયે. આખી દુનિયામાં ચાલતા કોઈ પણ મતમાં કેતાં કોઈ પણ સંપ્રદાયમાં કે કોઇ પણ શાસ્ત્રમાં એવું નહીં બતાવી શકાય કે પોતાના સ્વધર્મથી પદભ્રષ્ટ થયેલાને ઉત્તમ માનેલ હોય છતાં

આપણે સ્વધર્મ પદભ્રષ્ટતાને પસંદ કરી તેનેજ વળગી રહીયે એ કેટલી બધી આપણી અજ્ઞાનતા અને સ્વધર્મ સંબંધી અજાગ્રતા ગણાય ? માટે ભાઈઓ એ દુઃખદાયી ઊંધને દૂર કરી એ સંબંધમાં જાગ્રત થવાની અતિ આવશ્યકતા છે. આપણે પુષ્ટિભક્તિમાર્ગની દિક્ષા લીધી છે તેની તેજ આપણો સ્વધર્મ ગણાશે નહી કે અન્ય. એ તો પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ છે. ભક્તિ ગોપીજનોના જેવી કોઈએ કરી નથી એ પક્ષ પણ સર્વ સમ્મત છે તેજ આ પુષ્ટિભક્તિમાર્ગ અતિ સર્વોત્કૃષ્ટ છે એના જેવો એકે માર્ગ નથી ભવિષ્યમાં થવાનો પણ નથી. તે વિષે શ્રીનાથજીના મંદીરના વર્ણનનું ધોળ (હો જીરે જીરે પ્રથમ સૂરજ પોળ જાણોજી) એ ધોળમાં કહેલ છે જે (એવો માર્ગ થયો નવ થાયજી શ્રીમહાપ્રભુજીની કૃપા થકી પુષ્ટિ કેહેવાયજી) તો આટલી બધી ઉત્કર્ષતા માર્ગની શાથી જણાય કે એ માર્ગના કયા કયા સિદ્ધાંતો છે અને તે દરેક કેટલા સુદૃઢ છે તે જાણવાથી સમજી શકાય તો તેને માટે વાંચો મારા તરફથી બહાર પડેલ (અતિ અદ્‌ભુત પ્રસંગ) નામનું પુસ્તક, તેમાં આપણા સંપ્રદાયના એકતાલીશ સિદ્ધાંતો બતાવી દરેકનું જૂદું જૂદું સમર્થન કરેલું છે તે જોઈ લેવું. તેથી અત્રે વિસ્તાર કર્યો નથી. સ્વધર્મની શ્રદ્ધા સંબંધમાં જેટલું કહું તેટલું ઓછું છે પણ પ્રથમના પુસ્તકોમાં લખાઈ ગયેલ ફરીવાર લખ્યું નથી એટલેથી વિરમું છું.

લી૦ દાસાનુદાસ રણછોડદાસ લક્ષ્મીદાસના સર્વ ભગવદીયોને નમ્રતાપૂર્વક ભગવદસ્મરણ પોહોચે તેમ કોઈ શ્રીવલ્લભકુળના બાળક વહુ બેટીઓના શ્રીહસ્તમાં એ પુસ્તક આવે તો તેમને મારા સાષ્ટાંગ દંડવત્ પહોંચે.

ઉપોદ્ઘાત

રાજનગર અસારવામાં શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક ભાઈલા કોઠારી રહેતા. આપ જ્યારે રાજનગર પધારે ત્યારે તેને ત્યાં ઉતરતા તેથી એમના ઘરના સૌને ઓળખતા, ભાઈલા કોઠારીને ગોમતી બાઈ નામની એક પુત્રી હતી તેનો વેશવાળ રૂપાલ ગામમાં ગોપાલદાસ વેરે થયો હતો. એક વખત ભાઈલા કોઠારીયે પોતાના જમાઈ ગોપાલદાસને પોતાને ઘેર તેડાવ્યા હતા તે વખતમાં શ્રીગુસાંઈજીનું પધારવું ત્યાં થયું ત્યારે ગોપાલદાસની ઉંમર ૯ વર્ષની અને મુગ્ધ દશા હતી. એમને (ગુંગા) જોઈ આપે પૂછ્યું જે કોઠારી યહ કોન હેં ત્યારે કોઠારીયે કહ્યું જે કૃપાનાથ યહતો ગોમતીકો વર હે ત્યારે આપે કહ્યું જે ગોમતીકો વર તો સાગર ચહિયે ત્યારે કોઠારીયે કહ્યું જે આપની કૃપાથી સાગર થાશે. આપના કૃપાપાત્ર સેવક ભાઈલા કોઠારીના મુખમાંથી નીકળેલા વચન સત્ય કરવાને અર્થે તેજ સમયે શ્રીગુસાંઈજીયે ગોપાલદાસને પોતાના ઉત્સંગમાં લઈ પોતાનું ચર્વિત તાંબુલ તેના મુખમાં આપ્યું તે ઉદરમાં જતાંની સાથે પુરૂષોત્તમ સ્વરૂપ શ્રીગુસાંઈજીના સ્વરૂપનું તેમને જ્ઞાન થયું તેથી ઉઠી શ્રીગુસાંઈજીને સાષ્ટાંગ દંડવત કરી તેજ વખતે નવેઆખ્યાન ગાયાં તો હવે શ્રીગુસાંઈજી સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમ સ્વરૂપ છે તેના પ્રમાણોઃ—

૧ પુરાણાંતરમાં કલિયુગાવતાર ગણના કરી છે ત્યાં કહેલ છે કે (कृष्णो बुद्धो विट्ठलेश कल्किर्म्लेच्छ निकृंतनः)

૨ વળી અગ્નિપુરાણના ભવિષ્યોત્તર ખંડમાં કહેલ છે કે (वल्लभो-द्यमिरुपः स्याद्विट्ठलपुरुषोत्तमः)

૩ વળી કૃષ્ણયામલ તંત્રમાં કહ્યું છે કે (कृष्णोपूर्णश्चांशबुद्ध परमानंद विट्ठल)

૪ વળી બ્રહ્માંડપુરાણમાં કહ્યું છે કે (विट्ठलस्तुहरिस्वयं)

૫ વળી બૃહન્નારદ પંચરાત્રમાં કહેલ છે કે (कलिकालगते ब्रह्मन् सर्वधर्मक्षयंगतः ॥ श्रीवल्लभश्चतत्सूनुर्नामाभ्यांसर्वसिद्धिदः)

૬ વળી અગ્નિસંહિતામાં કહેલ છે કે (धनुर्मासस्य कृष्णं तु नवम्यां मुनिसत्तम ॥ गोप्यावतारकृष्णस्य द्विजरूपेण भूतले ॥१॥ भविष्यति-महाप्राज्ञोदैवप्रोद्धरणायच ॥ वल्लभस्यगृहेनूनं गिरिराजधरोहरिः ॥२॥

૭ વળી સનત્કુમાર સંહિતામાં કહેલ છે કે (करुणारस भावज्ञो लीलाकरण तत्परः ॥ सदानंदमयोदेवो यशोदानंदनोहरिः ॥ १ ॥ विप्रवेषेणदैवानामुद्धारार्थे भविष्यति ॥ विठ्ठलेशोद्भुतं नाम ताप-त्रयविनाशकं ॥ २ ॥

૮ વળી ગૌરી તંત્રમાં શ્રી મહાદેવજીએ પાર્વતીજી પ્રતિ કહેલ છે કે (पौषकृष्णनवम्यां च विठ्ठलेशेति संज्ञक ॥ द्विजालये महादेवी काश्यां सन्निहतो हरिः ॥ १॥ गुप्तवृंदावनं यत्र नानापक्षी समाकुले ॥ गिरि-राज कनिष्ठस्य चरणाद्रेश्चगह्वरे ॥ २ ॥ भविष्यतिकल्ला वाद्ये प्रथमं नंदनंदनः ॥

૯ વળી नारदपंचरात्रना तृतीयरात्रमां નારદજી પ્રતિ ભગવાને કહેલ છે કે श्रीभगवानुवाच । शृणुवत्सप्रवक्ष्यामि अवतारं कलौमम ॥ दैवानुद्धरणार्थाय द्विजरुपेण भूतले ॥ १ ॥ भविष्यामैश्वरीलीला प्रकाशार्थं च भूतले ॥ सर्वेषां साधनानां च भक्तिसाधनमुत्तमं ॥ २ ॥ तस्या-रुपानुगार्थं च अनन्य शरणा मंय ॥ तथैवाऽनन्य भावार्थं व्रजलीला मनोद्भमः ॥ ३ ॥ भावात्मक प्रवेशार्थं पुष्टिसृष्टस्यहेतवे ॥ तैलंग विप्र-माश्रित्य भावनां प्राप्तिहेतवे ॥४॥ विशेषेण भविष्यामि वल्ल नामस्य संवते ॥ वल्लभो नाममेवत्स भुवि सर्वं वदंति हि ॥५॥ यत्सूनुर्विठ्ठले-शस्तु यशोदानंदनंदनः ॥ पूर्णानंद प्रदानित्यं पुराणपुरुषश्च यः ॥६॥ स एव मम गेहेतु जनिष्यति न संशयः ॥ राधिका भाव माश्रित्य पुष्टि लीलार्थं चिंतनं ॥ ७ ॥ विस्तारं प्रकरिष्यामि भूतले नात्र संशयः ॥

स्वयंहि गिरिराजस्य धारणं ये न वा कृतं ॥ ८ ॥ तेनायं विठ्ठलेति नाम्ना भविष्यति मदात्मजः ॥

१० श्री ब्रह्मांडपुराणे प्रश्नखण्डे भगवद्ब्रह्मसंवादे युगावतार प्रसंगे श्री विठ्ठलावतारमाह श्रुणुवत्स प्रवक्ष्यामि गुह्याद्गुह्यतरं मम । घोरे कलियुगे प्राप्ते सर्वधर्मविवर्जिते । पापपुञ्जरते पुण्ये म्लेच्छ धर्मरते जने । तदाहं वल्लभकुले द्विजाचार रतेऽमले । अवतीर्य परंरूपं दर्शयिष्ये मनोहरम् । पृथिव्यां भारते क्षेत्रे माथुरे मम वल्लभे । गोकुलं मत्पदं नित्यं यत्रास्ते वै मुदावहम् । कालिंदी सरितां श्रेष्ठा यत्र गोवर्द्धनो गिरिः । आदिमध्यावसाने वै वासो मे तत्र निश्चितम् । वर्तते विश्रुतं पूर्वं त्वया चास्ति परंतप । अपिचान्तर्हितं रूपं सर्वलोचनगोचरम् । करिष्ये विमलं सौम्य व्रजभक्तसुखावहम् । विठ्ठलेति विख्याति गमिष्ये जगतीतले । आदावहं चैकरूपो बहुरूपधरस्ततः । देशांतरे प्रवेक्ष्यामि मद्भक्तानुग्रहाय वै । मम भक्तिवितानाय विनाशाय च मायिनाम् । मद्भक्तसुखदानाय दुःखाय च दुरात्मनाम् । भक्तानां गुरु रूपेण यास्येऽहं सेव्यतां परम् । दारैर्गृहैः सुतैः प्राणैः प्राणादप्यधिकै र्धनैः । मत्सेवनं करिष्यंति सर्वभाव निवेदिनः । तेषामेवानुकंपार्थं करिष्ये रूपमुत्तमम् । उद्धरिष्याम्यहं तत्र बहु रूप धरः प्रभुः । ते वै भागवताः सर्वे भक्तिसिद्धाः कलौ युगे । भविष्यन्ति महाभागा मानिनो वै दुरासदाः । मत्कृपासिंधुतोयेन सेविताः खलु वर्धिताः । पुष्पितास्ते महाभागा मम भक्तिफलान्विताः । दृढप्रेममदोन्मत्ता निर्भयाः सर्वतः सदा । मयि चानन्यभावास्ते भविष्यन्ति तदानघ । त्यक्तसर्वकुलाचाराः कर्ममार्गविनिःसृताः वेदवादविनिर्मुक्ता भक्तास्तेऽतीव मे प्रियाः । ममैव दर्शनारामा मत्कथा श्रवणे रताः । मध्यानरिता नित्यं ममैव गुणवादिनः । हंसधर्मसमारूढास्ते वै भागवतोत्तमाः प्रवेक्ष्यन्ति परं

धाम कालमायातिगं च यत्। ममैव तनवस्ते तु भविष्यन्ति न संशयः। वक्तारो मम धर्माणां तथैव च प्रवर्तकाः। ये केचित्तु विशेषज्ञा मम साधर्म्यमागताः। मत्कृपालवलेशेन तत्क्षणान्मुच्यते जगत्। मम भक्तेश्च धर्माणां वक्ता कश्चन मद्दते। भक्ति तत्त्वोपदेष्टा वै अहमेव तदा युगे। सर्वे धर्मोज्झिते शुध्धे पाखंडनिरते खलु। विलुप्ते वेदमार्गे वै पापिष्टे दुष्ट भूमिपे। लोके लुप्तविवेके हि अविवेक परायणे। तस्मिन्निपतितान्साधून्मम भक्तिपरायणान्। ब्राह्मणान् क्षत्रीयान् वैश्यान् सच्छूद्रान् सत्स्त्रियोऽन्त्यजान्। उद्धरिष्याम्यहं ब्रह्मन् ब्रह्मरूपेण भास्वता। कृष्णनाम विशुद्धं यन्मयोक्तं परमं गतम्। कर्णे च दक्षिणे नूनं श्रुत्वा चैव प्रजायते। नमस्यन्ति जनाः सर्वे यावद्दै मानवर्जिताः। अर्चिष्यन्ति च मां नित्यं तावदेव न संशयः। निवसिष्याम्यहं नूनं तत्कुले चाग्निभूषिते। अन्तर्धानं गमिष्यामि ततो वै चतुरानने'ति निरूपितम्। श्री विठ्ठले कृष्णचन्द्रे विभिन्नमतयो हि ये। तेषां संगो न मे भूयाद् द्विषतोऽपि सुदुःसहः।

આ બધા પ્રમાણોથી શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી) નું પૂર્ણ પુરૂષોત્તમત્વ સિદ્ધ થયું. પણ આ વાણી તો ગોપાલદાસની છે એ શંકાના નિરાશમાં કહે છે કે, ચર્વિત તાંબુલ દ્વારા શ્રીગુસાંઈજી ગોપાલદાસના હૃદયમાં બિરાજીને આપેજ એ નવાખ્યાન ગાયા છે. માટે એ વાણી શ્રીગુસાંઈજીની છે (શંકા) દેહાંતરમાં એ કેમ સંભવે? (પ્રત્યુત્તર) ચતુર્થ સ્કંધ ભાગવતમાં કથા છે કે ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવજીને પ્રભુજીયે પ્રસન્ન થઈ દર્શન આપેલા છે અને વેદમય જે પંચજન્ય શંખ આપના શ્રીહસ્તમાં હતો તેનો સ્પર્શ ધ્રુવજીના કપોલમાં કરાવેલ ત્યારે ધ્રુવજીયે સ્તુતિ કરી તેમાં કહેલ છે કે (योंतः प्रविश्य ममवाचमिमां प्रसुप्तां संजीवयत्यखिल शक्तिधरः स्वधाम्ना) અર્થ સર્વ શક્તિને ધારણ કરવાવાળા પ્રભુ મારા અંતઃકરણમાં

પ્રવેશ કરીને મારી નિશ્ચેતન વાણીને સંજીવન આપના તેજથી કરો છો એમ કહ્યું છે તો એવી રીતે અત્રે પણ શ્રીવિઠ્ઠલનાથજીયે પોતાના મુખારવિંદની સુધારસ દ્વારા ગોપાલદાસને ભ્રમર કીટક ન્યાયથી અલૌકિક દેહ સંપાદન કરીને તેના હૃદયમાં બિરાજી આપેજ એ નવાખ્યાન ગાયા છે. તેવીજ રીતે વેદાદિક અને શ્રીમદ્ ભાગવાદિકની ઉત્પત્તી પણ આપથી થયેલ છે પણ નિમિત્ત બ્રહ્મા અને વ્યાસાદિકને બનાવ્યા છે. શ્રીપુરૂષોત્તમની લીલાનું અને સ્વરૂપનું નિરૂપણ કરવાને જીવની સામર્થ્ય નથી. કારણ જે આપની લીલા આપનું સ્વરૂપ (વાઙ્મનોગોચરાતીત છે) અને નવાખ્યાનમાં શ્રીપુરૂષોત્તમની લીલા તથા સ્વરૂપનું નિરૂપણ છે, તેથી એ નવાખ્યાન પુરૂષોત્તમ સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીની વાણી છે. એ વાણીને વેદ તુલ્ય સ્વતઃ પ્રમાણ અમે કહિયેં છીયેં (શંકા) ઉપર ધ્રુવનું દૃષ્ટાંત આપ્યું તેથી તો ધ્રુવની વાણીની તુલના થાય છે. તો પછી એ વાણી વેદ તુલ્ય કેમ? (ઉત્તર) દૃષ્ટાંત દીધાથી તેની તુલ્યતા દાર્ષ્ટાંતિકને વિષે નથી આવતી જેમ ભગવત્તેજને સૂર્યાદિકની ઉપમાં અપાય છે તેથી શું ભગવત્તેજ સૂર્યાદિકથી તુલ્ય થયું? નહીં તે તો સર્વાધિક અતિ અલૌકિક છે તેમજ આ વાણીનું અને ધ્રુવાદિકની વાણીનું તારતમ્ય છે (શંકા) ભગવત્તેજનું અને સૂર્યાદિકના તેજનું તારતમ્ય અનુમાનથી તથા વેદાદિકથી જાણ્યું જાય છે. આનું તારતમ્ય કયા પ્રકારથી છે (પ્રત્યુત્તર) ધ્રુવજીને તો તપસ્યાદિ સાધન સાધ્ય શ્રીપુરૂષોત્તમની વિભૂતિ જે વિષ્ણુ તેના દર્શન થયા અને તેમના પણ સાક્ષાત અંગનો સ્પર્શ થયો નહીં. શંખનો સ્પર્શ તે પણ બહિરંગ જે કપોલ તેને થયો અને શ્રીવિઠ્ઠલનાથજી તો પૂર્ણ પુરૂષોત્તમ છે. તેઓ તપસ્યાદિ સાધન સાધ્ય નથી, માત્ર ભક્તિ સાધ્ય છે તે વિષે શ્રી ગીતાજીમાં કહ્યું છે

(नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ॥ शक्यमेवं विधोद्रष्टुं दृष्टवानसिमाम् यथा) ॥ १ ॥ भक्त्यात्वनन्य याशक्य अहमेव विधोर्जुन ॥ ज्ञातुं द्रष्टुं च तत्वेन प्रवेष्टुं च परंतप ॥ २ ॥ આનો અર્થ ગ્રંથનો વિસ્તાર થાય તેથી અત્રે નથી લખ્યો તો એવા જે શ્રીગુસાંઈજી પુરૂષોત્તમ સ્વરૂપ તેમના સાક્ષાત્ મુખારવિંદની સુધારસનું સ્પર્શ ગોપાલદાસના અંતરંગ જે મુખ અને હૃદય તેને થયું તેથી ધ્રુવજીથી અધિક ગોપાલદાસજી છે અને ધ્રુવજીની વાણીને તો શ્રીવિષ્ણુયે સંજીવન માત્ર કરી છે તેથી એમના વાણી ધ્રુવજી તુલ્ય નહીં. (શંકા) એ વાણી શ્રીવિઠ્ઠલનાથજીની છે તેની કાંઈ નીશાની છે ? (પ્રત્યુત્તર) એ નવાખ્યાનમાં શ્રીગુસાંઈજીના આખા પરિવારનું નામ છે પણ શ્રીગુસાંઈજીના બન્ને પત્નિઓ શ્રી રૂકિમણીવહુજી તથા શ્રી પદ્માવતીવહુજીનું નામ નથી કારણ જે શાસ્ત્રમાં સ્ત્રીનું નામ લેવાની મનાઇ છે તેથી લીધું નથી એ જણાવે છે. આ વાણી શ્રીગુસાંઇજીની છે અને અપ્રાકૃત છે એમ સંપૂર્ણ ખાત્રી થાય છે (શંકા) એ વાણી ભાષામાં છે તેને અપ્રાકૃત કેમ કહો છો ? (પ્રત્યુત્તર) એ વાણી પ્રાકૃત નથી અપ્રાકૃત છે અજ્ઞાને કરીને જે અંધ છે તેને પ્રાકૃત ભાસે છે તે કેમ જે ભગવદાવતાર ભૂતલ માથે થાય છે ત્યારે પ્રભુ સૌને સામાન્ય મનુષ્ય જેવા ભાસે છે પણ દૈવી જીવોને તો તે સમયે પણ અપ્રાકૃત દર્શન થાય છે તેવીજ રીતે એ શ્રીવલ્લભાખ્યાન અપ્રાકૃત છે અને વેદથી અધિક છે. (શંકા) વેદથી અધિક કેમ ? (પ્રત્યુત્તર) વેદ પ્રભુજીના નિશ્વાસરૂપ છે, નિશ્વાસથી વક્તાનો અભિપ્રાય સ્ફુટ નથી થઇ શકતો પણ વાણીથી થઈ શકે છે માટે એ વાણીને વેદથી અધિક કહી છે તે યુક્ત છે એટલેથી ઉપોદ્‌ઘાતની સમાપ્તિ કરીને હવે નવાખ્યાનના અનુવાદનો આરંભ કરવામાં આવશે.

પુષ્ટિમાર્ગીય ઉદ્‌બોધ.

પ્રથમાખ્યાનનો અનુવાદ આરંભ

વંદૂં શ્રી વિઠ્ઠલ સુંદર વર નવઘન શ્યામતમાલ ॥
જગતીતલ ઉદ્ધાર કરેવા પ્રકટયા શ્રીપરમદયાલ (૧)

અર્થ:—શ્રીવિઠલનાથજી પૂર્ણ પુરૂષોત્તમ છે તેનો અક્ષરાર્થ (વિ) એટલે જ્ઞાન (ઠ) શૂન્ય જીવોને (લ) એટલે અંગીકાર કરનાર એવા શ્રીગુસાંઇજીનું પ્રથમ વંદન કર્યું છે કારણ કે અનંત કોટિ બ્રહ્માંડ પ્રભુજીએ રચ્યા છે દ્રશ્યમાન વસ્તુ માત્ર પણ પ્રભુજીની રચેલી છે એવી કોઈ નવી વસ્તુ નથી જે પ્રભુને અર્પણ કરી આપણે પ્રસન્ન કરી શકીયે પ્રભુજી કેવળ દીનતા દ્વારા પ્રસન્ન થાય છે તેથી દરેક ગ્રંથના આરંભમાં દીનતા વાચક વંદન અથવા નમન પદ મૂકવાનો શિષ્ટાચાર આદિકાલથી પ્રચલિત છે. તેથી પ્રથમ શ્રીવિઠ્ઠલનાથજી જે પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપ તેમનું વંદન કરેલ છે તેણે કરીને તેમની પ્રસન્નતા પ્રાપ્ત થતાં આ આરંભ કરેલ ગહન કાર્ય આપના અનુગ્રહથી પરિપૂર્ણ થાય સિવાય જીવનું ગજું નથી જે તે પૂર્ણ કરી શકે હવે શ્રીવિઠ્ઠલનાથજી કેવી સુંદરતાવાળા છે જે કામ ચાંદ્રાદિક તેનાં કરતાં પણ શ્રેષ્ઠ અથવા સુંદર જે સ્વામિન્યાદિક તેના વર અથવા સુંદર જે દૈવી જીવ તેને વરણ કરવાવાળા એ અભિપ્રાય મુંડક કઠવલ્યાદિ ઉપનિષદોમાં તથા ગાયત્રીમાં વર્ણન કરેલ છે અને બૃહદ્વામન પુરાણના ઉત્તર ખિલ્યસ્થ વૃંદાવન માહાત્મ્યમાં બ્રહ્માજીએ

ભૃગુને એજ અભિપ્રાય કહેલ છે કે—(**स्त्रोयो वा पुरुषोवापि भर्तृभावेन केशवं ॥ हृदिकृत्वागतिं यांति श्रुतिनां नात्र संशयः**) અર્થ—સ્ત્રી હો કે પુરૂષ હો પણ તે પ્રભુજી મારા પતિ છે એમ હૃદયમાં ધ્યાન કરે તો શ્રુતિઓની ગતિને પ્રાપ્ત થાય એટલે ભગવલ્લીલાની પ્રાપ્તિ તેને થાય તેથીજ અત્રે સુંદર વર નિરૂપણ કરેલ છે વળી આપનું શ્રી અંગ નવીન મેઘના જેવું અને શ્યામતમાલના વૃક્ષના જેવું શ્યામ છે. શ્યામતમાલનો વૃક્ષ જેમ પોતાના આશ્રિતનું તાપ નિવારણ કરી શીતલતા પ્રાપ્ત કરે છે તેવી રીતે શ્રીવિઠ્ઠલનાથજી શરણે આવેલાના તાપને દૂર કરી શીતલ કરે છે. શ્યામતમાલ જેમ અનેક શાખા પત્રફલે કરીને શોભે છે. તેમ આપના આશ્રયે કરીને શ્રુતિ સ્મૃતિ યથાર્થ સાર્થક થઈને પ્રફૂલ્લિત થાય છે અનેક દૈવી જીવો સુખ પામે છે અને સ્વપરિવાર રૂપ શાખા ફલપત્રોએ કરીને આપ શોભે છે. એવા પ્રભુ કેમ પ્રકટયા ? પૃથ્વી તલને માથે જે દૈવી જીવ હતા તેનો ઉદ્ધાર કરવાને અર્થે અથવા પૃથ્વી ઉપર અનેક પાખંડ મતો પ્રસર્યા હતા તેનો ખંડન કરી તેને આસુરી સંબંધ છુડાવીને તેનો ઉદ્ધાર કરી તેને પોતાની લીલા રૂપી અમૃતરસે કરીને સરસ કરી (૧) હવે એ કાર્ય કોઈની પ્રેરણાથી આપે કરેલ હશે એ શંકાનું નિવારણ બીજા ચરણથી કરે છે કે:—

શ્રીપુરૂષોત્તમ સ્વતંત્ર ક્રીડા લીલા દ્વિજ તનુધારી ॥
સાત દિવસ ગિરિવર કરધાર્યો વાસવ વૃષ્ટિ નિવારી (૨)

અર્થ:—આપ શ્રીપુરૂષોત્તમ સ્વરૂપ ત્રિગુણાતીત અગણિતાનંદ છે તેથી સ્વતંત્ર ક્રીડા કરવાવાળા છે પણ લીલા માત્રથી બ્રાહ્મણની દેહને ધારણ કરી છે જીવ જેવી રીતે કર્માનુસાર દેહ ધારણ કરે છે તેમ નહીં તે વિષે શ્રીમદ્ ભાગવત

પ્રથમ સ્કંધમાં કહેલ છે કે (लीलावतारानुरतो देवतीर्यङ् नरादिष्वित्यादि સ્થલમાં કહ્યું છે) અર્થ—દેવતા પશુપક્ષી મનુષ્ય ઈત્યાદિ જાતીમાં પ્રભુ ઈચ્છા માત્રે અવતાર ધારણ કરે છે અથવા લીલા દ્વિજ કેતાં ભગવલ્લીલા સંબંધી ભગવન્મનો રૂપ નિષ્કલંક ઉદયાસ્ત ભાવ રહિત ચંદ્ર તેના જેવી દેહ ધારણ કરી છે જેમ ચંદ્ર અંધકારનો નાશ કરે છે ચકોરાદિકને આનંદ દે છે લોકોપયોગી ઔષધીનું પોષણ કરે છે. સંયોગીને સુખ આપે છે વિયોગીને તાપ કરે છે. તેમ શ્રીવિઠલનાથજી માયા વાદરૂપ અંધકારનો નાશ કરે છે દૈવી જીવ રૂપ ચકોરોને આનંદ આપે છે. લોકોપયોગી શ્રુતિ સ્મૃતિ રૂપ ઔષધીનું પોષણ કરે છે ભગવદ્ વિયોગી જીવોને પ્રથમ વિરહ તાપ આપે છે પછી ભગવદ્ સંયોગામૃતે કરીને શીતલ કરે છે અથવા બીજો અર્થ એ જે સાત દિવસ ગોવર્ધન ધારણ કરી ઇંદ્રની વૃષ્ટિનું નિવારણ કરી સ્વીયજનની જેમ પ્રથમ રક્ષા કરી હતી તેમ હમણા જગતીતલનો ઉદ્ધાર કરી સ્વીયજનની રક્ષા કરી તે પછી ત્રીજા ચરણથી આજ્ઞા કરે છે કે—

તે પ્રકટયાનું કારણ કહીયે જો સુરતા મન આણો ।।

કરો કૃપા હું કરૂં વીનતિ પોતાનો કરી જાણો (૩)

અર્થ:—એવા જે શ્રીવિઠલનાથજી તે પ્રકટ થયા તેમના પ્રાકટયનું કારણ (તે સ્વરૂપની જો સ્મૃતિ મારા મનમાં લાવો તો) હું કહિ શકું અથવા દૈવીપણો મનમાં લાવો તો કારણ હું કહિ શકું ઘણા દિવસનાં ભગવદ્ વિયોગે અને આસુર સંબંધે મારૂ મન આસુરપ્રાય થઈ રહ્યું છે તે દૈવી કરો તો હું નિરૂપણ કરી શકું. હવે જીવ ધર્મથી નિરૂપણ કરવામાં સમ વિષમપણો આવી જાય તો અપરાધ પડે તેથી વીનંતી કરે છે કે મને પોતાનો જાણી મારા માથે કૃપા

કરો. અને જ્યારે આપ પોતાનો જાણસો ત્યારે સર્વ દોષ નિવૃત્ત થઇ જશે તો પછી વાણીનો દોષ પણ નિવૃત્ત થઈ જાય એમાં આશ્ચર્ય શું છે? કશુંએ નહી. હવે આવી રીતે પ્રાર્થના કરી ત્યારે શ્રીપુરૂષોત્તમ સ્વરૂપની સ્ફૂર્તિ થઇ તે લીલા સ્થાન જે અક્ષર બ્રહ્મ તે સહિત થઈ તેથી ત્રણ ચરણથી અક્ષર બ્રહ્મનું વર્ણન કરે છે—

વ્યાપકરૂપ અદ્વૈત બ્રહ્મ જે તેજોમય કહેવાય ॥
આરજ પંથ અધિકારી મુનીજન તેમાહેલય થાય (૪)

અર્થ:—બ્રહ્મ કેતાં અક્ષર બ્રહ્મ વ્યાપક રૂપ છે એ વિષે નિબંધમાં શ્રીમહાપ્રભુજીયે આજ્ઞા કરેલ છે કે (**यज्ञरूपो हरिः पूर्वकान्डे ब्रह्मतनुः परे**) એ શ્લોકમાં જેમ તનુપદથી સાકારતા સિદ્ધ કરી છે તેમ અહીં रूप પદથી સાકારતા સિદ્ધ કરી છે. હવે વ્યાપ્ય વ્યાપક ભાવ તો દ્વિનિષ્ટ છે એ શંકાના નિવારણમાં અદ્વૈત વિશેષણ કહ્યો છે તેથી એ સૂચન કર્યું જે વ્યાપક પણ પોતે છે. અને જેમાં આપ વ્યાપ્ત થાય છે તે સર્વે જગત પણ આપજ છે વળી અક્ષર બ્રહ્મ તેજોમય છે. વળી આરજ પથ એટલે વેદપથ કીયો કે નિષ્કામ કર્મમાર્ગ તેના અધિકારી જે મનનશીલ જન છે તેમને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે પછી પાંચમાં ચરણથી કહે છે કેઃ—

અક્ષર આદિ અખંડ અનૂપમ ઉપમાં કહી નવ જાય ॥
અસ્તિ વસ્તુ સહુકો મળી બોલે નિગમતે નેતિ નેતિ ગાય (૫)

અર્થ:—અક્ષરબ્રહ્મ સર્વ સૃષ્ટિના કારણરૂપ જે આકાશાદિક તેનો પણ આવિર્ભાવ જેમાંથી છે તેથી આદિ પદ અત્રે કહ્યો છે વળી જેમ જલના ભરેલા ઘડામાંથી જેટલું જલ

કાઢિયેં તેટલી ન્યુનતા થાય તેમ સર્વ વસ્તુના આવિર્ભાવ દ્વારા કાંઇ ન્યુનતા થઈ હશે એ શંકાના નિવારણાર્થ કહે છે કે (અખંડ) હોવાથી ત્રણે કાલમાં જેમાં અણુ માત્ર ન્યુનતા નથી જેમ સમુદ્રમાંથી અનેક ઘડા જલ કાઢિયે તો પણ સમુદ્ર અખંડ છે તેમ આ પણ અખંડ છે વળી ઉપમા ન આપી શકાય તેવો છે વળી અસ્તિ વસ્તુ એટલે કાંઇક અનિર્વાચ્ય વસ્તુ છે એમ સઉ મળીને કહે છે એથી નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મનુ સ્વરૂપ માયાવાદીયો કહે છે પરંતુ એવો પરબ્રહ્મનું સ્વરૂપ નથી.

હવે સારી રીતે બ્રહ્મ સ્વરૂપનું જ્ઞાન થાય તે નિગમ કહેવાય તો નિગમ જે વેદ તે પણ નેતિ નેતિ શબ્દે એવા પ્રકારનું બ્રહ્મ સ્વરૂપ નથી એમ વારંવાર ગાન કરે છે તે પછી છઠા ચરણથી આજ્ઞા કરે છે કે—

નિર્ગુણનો નિર્દેશ અટપટો રસના શી પેરે કહિયે ।।
રૂપ વર્ણવપુ દૃષ્ટિ પદારથ ત્યાં એકોનવ લહિયે (૬)

અર્થ:—નિર્ગુણ જે અક્ષરબ્રહ્મ તેનો નિર્દેશ કેતાં નિરૂપણ તે અટપટો છે માટે વાણીથી તે કેમ કહ્યો જાય કારણ કે નિરૂપણ (તો સત્વાદિક ગુણ રૂપ હોય બ્રાહ્મણ ક્ષત્રિયાદિક વર્ણ હોય વળી ગૌર સ્યામાદિક દેહ હોય કે સંસારમાંના દૃષ્ટિ ગોચર પદાર્થો હોય તો તેનું) થઇ શકે પણ તેમાયનું કશું ત્યાં નથી તો એ લીલાસ્થાન અક્ષરબ્રહ્મનું વર્ણન કરીને હવે લીલા વિશિષ્ટ જે પુરૂષોત્તમ તેનું નિરૂપણ કરે છે.

તેહ થકી પુરૂષોત્તમ અળગા લીલા અચળ બિહાર ।।
બ્રહ્મજ્ઞાનીને મુક્તિમાર્ગી સ્વપ્ને નહિ વ્યવહાર (૭)

અર્થ:—પહેલા ચરણમાં જેમનું વર્ણન કર્યું એવા અક્ષર બ્રહ્મથી પુરૂષોત્તમ જૂદા છે તે વિષે ગીતાજીમાં પ્રભુજીયે આજ્ઞા કરી છે કે (**यस्मात्क्षरमतितोहमक्षरादपि चोत्तमः अतोऽस्मिन् लोके वेदे च प्रथितः पुरुषोत्तमः**) અર્થ—ક્ષર જે સર્વ પ્રાણી તેનાથી પર જે અક્ષર-બ્રહ્મ તેનાથી પણ અમે પર છીયે તે લોકમાં અને વેદમાં પુરૂષોત્તમ નામથી પ્રસિદ્ધ છિયે અને મારી લીલા જે ગોવર્ધનો ધારણાદિક અને વિહાર જે રાસ ક્રિડાદિક તે નિત્ય છે. એવા પુરૂષોત્તમની સાથે ભક્તિ વિનાના કેવળ અક્ષરબ્રહ્મનેજ પરબ્રહ્મ નરિકે માનવાવાળા અને મુક્તિમાર્ગી કહેતાં મર્યાદા ભક્તિમાર્ગીયનો સ્વપ્નાંતરમાં પણ વહેવાર કહેતાં સંબંધ નથી. હવે અક્ષરબ્રહ્મની ભીતર જે વ્યાપિ વૈકુંઠ અથવા ગોલોક જે કહેવાય છે તે ત્યાં પણ છે અને અત્રે ભૂતલને વિષે પધાર્યા ત્યારથી અહીં પણ છે તેનું વર્ણન આઠમા ચરણથી કરે છે (જ્યાં શ્રીવૃન્દાવન આદિ અચળ શશી શરદ રેણુ બહુવેશ ॥ વનદેવી પદ કુમકુમ મુખ સુખ સ્પર્શ રંગ વિશેષ (૮) અર્થ ત્યાં આદિ વૃંદાવન નામનું વન છે અને ભગવન્મનોરૂપ ચંદ્ર છે જેમાંથી ભૌતિક ચંદ્રનો આવિર્ભાવ થયો છે માટે તે ચંદ્ર નિષ્કલંક છે. ઉદયાસ્ત ભાવથી ક્ષય વૃદ્ધિ ભાવથી રહિત છે. સદા સર્વદા મધ્યાકાશમાં જ જેમનું બિરાજવું છે. વળી શરદની પૂર્ણિમાની રાત્રી હોવાથી બહુ શોભી રહી છે. શરદઋતુનું તો વર્ણન ઉપલક્ષણ રીતીથી કર્યું છે પણ વૃંદાવનને વિષે તો (સબ રૂત સંત બસંત લસત જહાં દિન મણીઆભા, આન વનન ત્તણી વિભૂતિ કર શોભિત શોભા) ઋતુઓમાં શ્રેષ્ઠ વસંત ઋતુ છે તો વૃંદાવનમાં બધી ઋતુઓ વસંતઋતુના જેવી શોભે છે. એવો જે વૃંદાવન તેને વિષે પ્રભુજી ફરે છે તેથી આપના ચરણારવિંદને વિષે લાગેલો

પ્રસાદી કુમકુમ કેશર તે ત્રણાદિકને લાગે છે તેના દર્શનથી કામતમ થઈને વનદેવી જે વનસ્થ પુલિંદી પ્રભૃતિ ભક્તો છે તે પોતાના મુખ અને હૃદયને કામતાપની શાંતિને અર્થે લગાવે છે તેનો જે સુખરૂપ સ્પર્શ તેણે કરીને રંગ વિશેષ એટલે તેના શોભા અધિક થાય છે. એજ અભિપ્રાય શ્રીમદ્દભાગવતમાં (पूर्णाः पुलिंद्युरुगाय पदाब्जराग श्रीकुंकुमेन दयिताऽस्तन मंडितेन ॥ એ શ્લોકમાં નિરૂપણ કરેલ છે એનો અર્થ ભગવદ્દધામમાં વૃંદાવન નામનો વન છે તે ઇચ્છાનુસાર ફલપુષ્પાદિક જેમાં સિદ્ધ થાય એવા વૃક્ષોએ કરીને યુક્ત છે અને જેમાં અતિ સુંદર નિકુંજો છે અને બધી રૂતુઓનો આનંદ અને શૃંગારાદિ રસ જયાં સદા રહે છે તો એવો વૃંદાવન ત્યાં પણ છે તેમ અહિં ભૂતલને વિષે પણ જયારે સારસ્વત કલ્પને વિષે સાક્ષાત વ્રજને વિષે પધારી લીલા કરી છે તેથી તે વૃંદાવન અહિયાં પણ છે તે ચંદ સરોવર અથવા પરાસોલી જેને કહે છે તે આદિ વૃંદાવન છે. વળી નવમા ચરણથી વર્ણન કરે છે—

જયાં સરિતા ચામિકર મણી ગણ ઉભય બદ્ધ સોપાન ॥
કમલ કુમુદનાના અલિ સુંદર મધુર કરે ત્યાં ગાન (૯)

અર્થ:—તે શ્રીવૃંદાવનની સમીપમાં સરિતા જે શ્રીયમુનાજી બિરાજે છે તે સારસ્વત કલ્પને વિષે શ્રીગિરિરાજજીની પાસે જમુનાવતો ગામ છે જેમાં કુમનદાસજી રહેતા તે ગામના પાદરમાં શ્રીયમુનાજી બિરાજતા તેના બન્ને બાજુના તટો સુવર્ણમાં અનેક પ્રકારના મણીગણોયે જટિત સોપાન કહેતાં બન્ને બાજુની સીડીઓ જેમની બાંધેલી છે વળી એ શ્રીયમુનાજીમાં સૂર્યવિકાસી કમલ તથા ચંદ્રવિકાસી કુમુદ વિવિધ પ્રકારના

ખીલ્યા છે તેના મકરંદમાં લુબ્ધ થઈને ભ્રમર ગુંજારવ કરે છે તેને અત્રે ગાન કરે છે એમ કેમ કહ્યું છે? એ ભ્રમરો પણ અલૌકિક છે એ સુંદર શબ્દે સૂચન કર્યું છે તો ગુંજારવદ્વારા ભગવદ્‌ગુણાનુવાદનું ગાન કરી રહ્યા છે તેથી તેમાં મધુરતા સમાયલી છે. વળી ભ્રમરોનું ગુંજારવ તો ખીલેલા કમલ કે કુમુદમાથે સંભવે તો ત્યાં ભગવદ્‌સન્નિધિયે કરીને કમલ કુમુદ નિરંતર ખીલેલા રહે છે તેથી એ પ્રસંગનો આશ્ચર્ય નથી એ વિષે બૃહદ્વામન પુરાણમાં કહેલ છે કે (यत्र निर्मल पानीया कालिंदीसरितां वरा ॥ रत्नवद्धोभय तटा हंसपद्मादि संकुला) એ શ્લોકમાં શ્રીયમુનાજીનું વર્ણન કરેલ છે. એનો અર્થ ભગવદ્ધામમાં નિર્મલ જલવાળા સર્વ નદીઓમાં શ્રેષ્ઠ એવા શ્રી યમુનાજી છે તેના બન્ને તીરો રત્નોયે કરીને બાંધેલા છે અને ત્યાં હંસ કમલ ભ્રમર આદિઓની ભીડ રહે છે એવી રીતે જલભીતરની શોભાનું વર્ણન કરીને હવે તીરની શોભાનું વર્ણન દશમા ચરણથી કરે છે કે:—

કનકલતા માલતી મલ્લિકા વિવિધ કુસુમમકરંદ ॥
શીતલ પવન ઝકોરે લહરી સ્પર્શે અતિ આનંદ (૧૦)

અર્થ:—વળી યમુના તટને વિષે કનકલતા એટલે પીત ચમેલી, માલતી, મલ્લિકા એટલે મોગરો આદિ વિવિધ પ્રકારના પુષ્પો ખીલ્યા છે તેમાંથી મકરંદ છૂટી રહ્યો છે અને મંદત્વ સુગંધીત્વ શીતલત્વ સમાયલો ત્રિવિધ સમીર કહેતાં પવન ત્યાં વાઈ રહ્યો છે જેની લહેરોના સ્પર્શે અતિ આનંદ જ્યાં છાયી રહ્યો છે. એવી રીતે લતાઓએ કરીને તટ પ્રાંતની શોભા સૂચિત થઈ. હવે બે ચરણથી શ્રીગિરિરાજજીનું વર્ણન કરે છે—

પદ્મરાગ મર્કતમણી સ્ફાટિક શ્રીગોવર્ધન સોહે ।।
બ્રહ્મા રૂદ્ર ત્યાં કોણ બાપડા શ્રીહરિના મન મોહે (૧૧)

અર્થઃ—પદ્મરાગ કહેતાં ઉત્તમ માણિક્ય અને મર્કતમણી કહેતાં ઇંદ્રનીલમણી જેને નીલ કહેવામાં આવે છે તે અને સ્ફાટિકમણી એ ત્રણ પ્રકારની મુખ્ય મણી ગણનું નામ તો ઉપલક્ષણ રીતીથી અત્રે સૂચિત કર્યું છે પણ સર્વ પ્રકારની મણી ગણોયે કરીને શ્રીગિરિરાજજી ધાતુમય રત્નખચિત શોભા રહ્યા છે તેમની શોભા એવી તો અતિ સુંદર છે કે શ્રી હરિ જે પ્રભુજી તેમના મનને પણ મોહ પ્રાપ્ત કરે તેવી છે તો બ્રહ્મા અને મહાદેવજીના મનને મોહ કરે તેમાં શું આશ્ચર્ય એ વિષે બૃહદ્વામન પુરાણમાં કહ્યું છે કે (यत्र गोवर्ध्धनो नाम सुनिर्झर दरीयुतः ॥ रत्न धातुमयः श्रीमान् सुपक्षीगणसंकुलः) એ શ્લોકમાં વર્ણન કર્યું છે તેનો અર્થ ભગવલ્લોકમાં ગોવર્દ્ધન એ નામનું પર્વત છે જે સુંદર ઝરણાં અને કંદરાઓએ કરીને સહિત છે અને રત્નસુવર્ણમય અલૌકિક શોભાવાન અને સુંદર પક્ષીઓના સમૂહે કરીને સંકીર્ણ છે હવે બારમા ચરણથી શ્રીવૃંદાવન અને શ્રીગિરિરાજજીના પક્ષીઓનું વર્ણન કરે છે કે—

નાના પક્ષીની શબ્દ માધુરી શોભાતણો નહી પાર ।।
વિવિધ પ્રકારે જૂજુવા કહેતાં ગ્રંથ થાય વિસ્તાર (૧૨)

અર્થ—શ્રીવૃંદાવન અને શ્રીગિરિરાજજીને વિષે નાના પ્રકારના પક્ષીગણો અલૌકિક છે તેથી તેમના શબ્દમાં માધૂર્ય સમાયલું છે તેમજ ભગવત્તેજ બિરાજેલું છે તેથી તેમની શોભાનો પણ પાર નથી. દરેકનું જૂદું જૂદું વર્ણન કરવાથી ગ્રંથનો વિસ્તાર થાય તેથી સાથે વર્ણન કરેલ છે. હવે એવું જે

વૃંદાવન શ્રીયમુનાજી શ્રીગિરિરાજજી જેમના વિષે છે એવું જે વ્યાપી વૈકુંઠ જેને ગોલોક પણ કહે છે તે બ્રહ્માનંદમય છે એટલે પ્રભુજીના આનંદમય છે તે વિષે બૃહદ્વામનપુરાણમાં કહેલ છે કે (ब्रह्मानंद मयो लोको व्यापि वैकुंठसंज्ञक: निर्गुणोऽनाद्यनंतश्च वर्तते केवलेऽक्षरे ॥) એ શ્લોકમાં નિરૂપણ કર્યું છે એનો અર્થ વ્યાપી વૈકુંઠ એ નામનું આગણિતાનંદરૂપ નિર્ગુણ આદિઅંતરહિત એવું ભગવદ્ધામ કેવલ અક્ષરબ્રહ્મની ભીતર છે. હવે એવું જે ગોલોક તેને વિષે પુરૂષોત્તમ લીલા કરે છે તેનું વર્ણન તેરમા ચરણથી કરે છે કે—

શ્યામા શતદલ નયન સુંદરી યૂથ તણો નહી પાર ॥
અનેક રાસ મંડલ રચના રચિ ખેલે શ્રીનંદકુમાર (૧૩)

અર્થ—સદા સર્વદા જેમની ષોડષ વર્ષની વય રહે તે શ્યામા કહેવાય. સો પાંખડીના કમલ જેવા જેમના નેત્ર છે એવા સર્વાંગ સુંદર જે વ્રજભક્ત કે તેમના યૂથોનો પાર નથી તેઓની સાથે નંદકુમાર અનેક પ્રકારના રાસ મંડલની રચના રચીને ખેલે છે તે વિષે બૃહદ્વામન પુરાણમાં કહેલ છે કે:-

नाना रास रसोन्मत्तं यत्रगोपी कदंबकं ॥ तत्कदंबक मध्यस्थ: किशोराकृतिरच्युत: ॥ એ શ્લોકમાં નિરૂપણ કરેલ છે તેનો અર્થ સદા અનેક પ્રકારની રાસ-ક્રીડાના રસે કરીને ઉન્મત્ત એવો ગોપી-સમૂહ ભગવદ્ધામમાં છે. તે સમૂહના મધ્યમાં કિશોર સ્વરૂપથી પ્રભુજી બિરાજે છે. તે પછી ચૌદમા ચરણમાં વર્ણન કરે છે કે—

એણી પેરે નિત નવલી લીલાઘોષ વાદ ઝંકાર ॥
અંગ સ્વેદ મકરંદે મોહ્યા મધુપ કરે ગુંજાર (૧૪)

અર્થ:—એ પ્રકારથી નિત્ય પ્રતિ નવીન નવીન લીલા પ્રભુજી કરે છે તે સંબંધી ઘોષ કહેતાં અવાજ કિંકિણી

કંકણાદિકનો તેના સહિત ગાન અને વાદ્ય જે મૃદંગ વીણાદિકના શબ્દ એ બધું મલીને ઝંકાર કહેતાં અવ્યક્ત મધુર શબ્દ થઈ રહ્યાં છે અને રાસક્રીડામાં થતા શ્રમે કરીને પ્રભુજીને તથા વ્રજસુંદરીને થતાં પ્રસ્વેદ તેની સાથે મિશ્રિત થયું એવું પુષ્પમાલાઓનો મકરંદ અથવા અંગસ્વેદ એટલે પ્રસ્વેદના મકરંદના પાને કરીને મોહિત જે ભમરા ગુંજારવ કરે છે એવી રીતે શ્રીપુરૂષોત્તમનું નિરૂપણ કરીને હવે સૃષ્ટિનો પ્રકાર નિરૂપણ પંદરમા ચરણથી કરે છે—

એ પ્રભુને મન ઇચ્છા ઉપની યશ થાવા વિસ્તાર ।।
અધિકારી પાંખે એ વાણી નહી કોયને ઉચ્ચાર (૧૫)

અર્થ:—પ્રભુ કે જેમનું ઉપર વર્ણન કર્યું તેવા સાક્ષાત્ પુરૂષોત્તમ સ્વરૂપ શ્રી ગુસાંઈજી તમને પોતાનું માહાત્મ્ય કીર્તનનું વિસ્તાર થવાની ઈચ્છા ઉત્પન્ન થઈ પરંતુ ભગવલ્લીલા નિરૂપણ કરવા વાણીનું ઉચ્ચાર વિના અધિકાર થઈ શકતું નથી. અધિકારી હોય તે પાંખે એટલે જાણે. એથી એ સૂચન કર્યું કે હું અનધિકારી હતો પરંતુ સ્વચર્વિત તાંબુલ આપીને અધિકારી કર્યો તેથી મારા હૃદયમાં લીલાની સ્ફૂર્તિ થઇ તેનું મેં વર્ણન કર્યું અને કરૂં છું ભગવદનુગ્રહ વિના લીલા સ્ફૂર્તિ થાય નહી તે વિષે ગીતાજીમાં અર્જુન પ્રત્યે પ્રભુજીયે કહેલ છે કે (दिव्यंददामित्ते चक्षुः पश्य मे योगमैश्वरं) અર્થ હું તને અલૌકિક નેત્ર આપું છું તેથી મારૂ ઐશ્વર્યતા બોધક યોગ જો તે પછી સોલમાં ચરણથી વર્ણન કરે છે કે—

ભ્રૂભંગેથી સૃષ્ટિ નીપની અતિ સુંદર બ્રહ્માંડ ।।
ચૌદ લોક નાના વૈચિત્રે ભૂમંડલ નવખંડ (૧૬)

અર્થ:—શ્રીપુરૂષોત્તમના ભ્રકુટીના ચલન માત્રથી સૃષ્ટિ એટલે ચરાચરની ઉત્પત્તિ થઈ અને બ્રહ્માંડ ઉત્પન્ન થયું તે કેવું છે કે જેમાં સાત ઉર્ધ્વલોક સાત અધોલોક અને નવખંડ છે એવો ભૂમંડલ તેણે કરીને વિચિત્ર અતિ સુંદર બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું હવે નવખંડાત્મક ભૂમંડલ કહ્યું સપ્તદ્વીપાત્મક ન કહ્યું તેનું કારણ શ્રીભાગવત તત્વાર્થ દીપનિબંધમાં શ્રીમહાપ્રભુજીયે આજ્ઞા કરી છે કે (लक्षमात्रमियंभूमिः प्रायेणेतिमतिर्मम) અર્થ—આ કલ્પની પૃથ્વી લાખ યોજનનીજ છે એવું ભાસે છે તેથી નવ ખંડાત્મક કહી છે હવે સૃષ્ટિ કેટલા પ્રકારની છે તેનું નિરૂપણ સતરમાં ચરણથી કરે છે—

પરપોતાની વ્યક્તિ કરેવા સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર ॥
દૈવી આસુરી બે ઉપજાવી પ્રભુ મન કરી વિચાર (૧૭)

અર્થ:—પારકી અને પોતાનીનું સ્પષ્ટિકરણ કરવાને અર્થે દ્વિધા એટલે બેપ્રકારની સૃષ્ટિ તે દૈવી અને આસુરી ઉપજાવી, હવે પ્રભુજીને પોતાનું કે પારકું છે નહીં તો અહિંયાં પરપોતાની કેમ કહેલ છે ? આસુરી જીવો પ્રભુથી વિમુખ રહે છે એટલે પ્રભુજી તેની ઉપેક્ષા કરે છે તેથી તેને પોતાની ન માનતાં પરાઈ માની છે સૃષ્ટિનું દ્વૈવિધ્ય ગીતાજીમાં કહેલ છે કે (द्वौभूतसर्गौ लोकेस्मिन् दैव आसुर एवच) અર્થ— પ્રાણીઓની સૃષ્ટિ આ લોકમાં બે પ્રકારની છે એક દૈવી અને બીજી આસુરી તો એ બન્ને સૃષ્ટિના અવલંબ માટે બે પદાર્થ ઉત્પન્ન કર્યા તેનું વર્ણન ૧૮ માં ચરણથી કરે છે કે—

ભક્તિ સુંદરી ને માયા દાસી બે મૂર્તિ પ્રકટાવી ॥
તેમાં પહેલી નખશિખ સુભગા શ્રીહરિને મન ભાવી (૧૮)

અર્થ:—ભક્તિ રૂપીસુંદરી અને માયારૂપી દાસીને પ્રકટ કરી તેમાં ભક્તિ છે તે નખથી શિખ પર્યંત સર્વાંગ સુંદર છે તેથી પ્રભુજીના મનને પણ પ્રિય લાગી. ભકિત વિષે બૃહદ્વામન પુરાણમાં કહેલ છે કે-(**स्त्रियो वा पुरुषोवापि भर्तृभावेन केशवं ॥ हृदिकृत्वागतिं यांति श्रुतिनां नात्रसंशयः**) અર્થ સ્ત્રી અને પુરૂષ પણ ભગવાનજ આપણા પતિ છે એવા પ્રકારથી ધ્યાન કરે તે શ્રુતિઓની ગતીને પ્રાપ્ત થાય તેમાં સંશય નથી વળી ભાગવત નવમસ્કંધમાં દુર્વાસા પ્રતિ આજ્ઞા કરે છે કે-(**वशेकुर्वंति मांभक्त्या सत्स्त्रियः सत्पतिं यथा**) અર્થ સારી સ્ત્રી સારા પતિનેજ વશ કરે છે તેમ ભકત ભકિતયેં કરીને મને વશ કરે છે વળી પ્રભુજી કહે છે કે (**भक्त्याहमेक या ग्राह्यः**) અર્થ-એ કે ભકિતયેં કરીને મારૂ યથાર્થ જ્ઞાન અને દર્શન થઇ શકે છે.

હવે માયાને દાસી કહી છે તેનો અભિપ્રાય એ છે કે જેમ દાસીને સ્વામીનો સત્તાસંબંધ છે તથાપિ સ્વામીના મુખ્ય સેવકોની પાસે જવાની તેને યોગ્યતા નથી અને નીચોની સાથેજ તેનો સંબંધ થાય છે તેવીજ રીતે મોહક માયા પણ ભગવત્ શકિત છે તોપણ ભગવદ્દભકતોની નિકટ જઈ શકતી નથી તે વિષે શ્રીમદ્ ભાગવતમાં કહેલ છે કે-(**तावन्मोहोंघ्रिनिगडो यावत्कृष्णनतजनाः ॥ मायापरैत्यभिमुखेच विलज्ज्यमाना**) અર્થ હે પ્રભુ જ્યાં સુધી જન આપના ન થાય ત્યાંસુધી મોહરૂપ બેડી પગમાં રહે અને માયા પ્રભુની સન્મુખ ઉભા રહેવામાં પણ લાજ પામીને પાછી ફરી જાય છે વળી ગીતાજીમાં કહેલ છે કે (**मामेव ये प्रपद्यंते मायामेतां तरंतिते**) પ્રભુજી કહે છે કે જે મારી શરણે આવે છે તેજ માયાને તરે છે તેથી સર્વાધિકસુંદર પ્રભુને વશ કરવાવાળી પ્રેમલક્ષણા ભક્તિ છે

અને આસુરાવેશ કરાવવાવાળી માયા છે એ ફલિતાર્થ થયા તે પછી ૧૯ મા ચરણથી વર્ણન કરે છે કે—

કૃપા કટાક્ષે હુવા અક્ષરમાં ઉપના સત્વ અનંત ॥
ભક્તિ લીન હુવા સૌ ભાગી તે વૈષ્ણવ ગુણવંત (૧૯)

અર્થ:—પ્રભુજીયે ઇચ્છાપૂર્વક સૃષ્ટિને જોઈ તે દ્વારા અક્ષરબ્રહ્મમાં અનંત જીવ વ્યુચ્ચરણ થયા. જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગ નીકળે છે તેમ ઉત્પન્ન થયા. આ પંચમહાભૂત ઇંદ્રિયાદિક એ સર્વે ઉત્પન્ન થયા (શંકા) શ્રુતિસ્મૃતિવ્યાસસૂત્રમાં તો જીવને વ્યાપક અને નિત્ય નિરૂપણ કરેલ છે અને અહિયાં તો એની ઉત્પત્તી કહી તેનું કારણ શું? (પ્રત્યુત્તર) વ્યાપક જીવ નથી પણ અણુ સ્વરૂપ છે કરીને વેદમાં નિરૂપણ કરેલ છે પરંતુ એનો ચૈતન્ય ગુણ વિસર્પિ હોવાથી વ્યાપક જેવું ભાસે છે અને એ ભગવદંશ છે તેથી નિત્યતા કહી છે પણ એમની ઉત્પત્તી તો બ્રહ્મરૂપથી વ્યુચ્ચરણ થયેલ છે. અગ્નિમાંથી વિસ્ફુલિંગવત્ તેથી છાંદોગ્ય બૃહદારણ્યક મુંડકાદિ ઉપનીષદમાં દ્રષ્ટાંત આપેલા છે કે જેમ વિસ્ફુલિંગ અગ્નિમાંથી નીકળેછે તે કાંઈ નવા ઉત્પન્ન થઇને નીકળતા નથી એ તો અગ્નિરૂપજ છે પરંતુ જૂદા માત્ર થાય છે. (શંકા) જીવભગવદંશ છે તો તેને અજ્ઞાન કેમ સંભવે? અને સુખ દુઃખાદિક જીવને થાય છે તે બ્રહ્મને પણ થતા હશે જેમ એક અંગને બાધા થાય છે તે અંગીને થાય છે તેમ (પ્રત્યુત્તર) જીવને અજ્ઞાન તો ભગવદિચ્છાયે જ્યારે માયા લાગે છે ત્યારે થાય છે અને દુઃખ સુખાદિક જે જીવને થાય છે તે બ્રહ્મને નહીં કેવી રીતે કે વિસ્ફુલિંગ ત્રણાદિકમાં પડવાથી વૃદ્ધિ અને જલાદિકમાં પડવાથી નાશ પામે છે પણ જે અગ્નિમાંથી તે ઉત્પન્ન થાય છે તેની વૃદ્ધિ કે

નાશ કશુંયે નથી થાતું વળી દીપકનું પ્રકાશ જેમ વિસર્પિ છે તેથી એક સ્થળમાં રહીને આખા ઘરમાં પ્રકાશ કરે છે તેમ જીવ પણ હૃદયમાં રહીને સર્વ શરીરમાં ચૈતન્ય ગુણના પ્રસારે કરીને વ્યાપક જેવું ભાસે છે એમ પ્રભુજીની કૃપા કટાક્ષથી અક્ષરબ્રહ્મમાં અનંત જીવ ઉત્પન્ન થયા તે ભક્તિમાં લીન થયા સૌભાગ્યવાળા થયા અને ગુણવંત વૈશ્નવ થયા હવે બીજી કટાક્ષે ઉત્પન્ન થયેલાનો પ્રસંગ વીસમાં ચરણથી કહે છે—

બીજી કટાક્ષે જે જન ઉપના માયામાં થયા લીન ।।
કર્મજડ આસુર અન્ય ઉપાસક ભજન ધર્મથી હીન (૨૦)

અર્થ:—બીજી કટાક્ષથી ઉત્પન્ન થયેલા જીવ માયામાં લીન થયા તે ચાર પ્રકારના છે એક તો કર્મજડ એટલે કેવળ કર્મજ બધું કરે છે કર્મે કરીને બધું થાય છે ઈશ્વર નથી કર્મનેજ પ્રાધાન્ય માનવાવાળા વળી જગતને અસત્ય માનવાવાળા (આસુરી) (અન્ય ઉપાસક) પ્રભુ વિના અન્ય દેવોની ઉપાસના કરવાવાળા અને ભજનધર્મથી હીન હવે ભજનધર્મ કીયો કે ચતુઃશ્લોકીમાં શરૂઆતમાં શ્રીમહાપ્રભુજીએ કહેલ છે કે (सर्वदा सर्व भावेन भजनीयो व्रजाधिप स्वस्यायमेव धर्मो हि नान्यक्कापि कदाचन) એ આપણો ભજનધર્મ તેનાથી રહિત થયા તે પછી એકવીસમાં ચરણથી વર્ણન કરે છે કે—

એણી પ્રકારે સૃષ્ટિ દ્વિધાગુણ મિશ્રિત ચાલી જાય
ભક્તિમારગી જીવ સ્વતંતર કેવળ ભક્ત ન થાય (૨૧)

અર્થ:—એવા પ્રકારથી દૈવી અને આસુરી દ્વિધા એટલે બે પ્રકારની સૃષ્ટિ (ગુણ મિશ્રિત) એટલે સત્વ રજ અને તમ એ ત્રણ ગુણ મિશ્રિત ચાલી જાય છે પરંતુ નિર્ગુણ ભક્તિમાર્ગીય જે

જીવ છે તે સ્વતંત્રતાયે કેવળ ભક્ત થઈ શકતા નથી એટલે ઉપદેશક આચાર્ય વિના નિરૂપધિ શુદ્ધ નિર્ગુણ ભક્તિને પ્રાપ્ત કરી શકાતી નથી તે કેમ જે આચાર્ય વિના જ્ઞાન ભક્તિ કાંઈ પણ સિદ્ધ ન થાય એમ શ્વેતકેતુ વિદ્યા મુંડકોપનિષત્ પ્રભૃતિમાં કહ્યું છે તે પછી બાવીશમાં ચરણથી વર્ણન કરે છે કે—

શ્રીપુરૂષોતમે વળી વિચાર્યું હવે પ્રકાર શ્યો કરીએ
મારી સેવા અને કથારસ નિરૂપવા તનુ ધરિયે (૨૨)

અર્થ:—શ્રીપુરૂષોતમ જે નિસાધન જનના હિતકરતા તેમણે પ્રથમ તો એ વિચાર્યું જે દૈવી સૃષ્ટિ પ્રવાહમાં ભ્રમણ કરે છે ભક્તિમાર્ગનું અવલંબન તેને મળતું નથી ત્યારે એમનું ઉદ્ધાર કેમ થાય ? એ વિચાર થતાં જણાયું જે મારી સેવા અને કથામાં જો એ જીવ પ્રવૃત્ત થશે તો ઉદ્ધાર થશે પણ પ્રભુજીની સેવા અને કથાને પ્રભુજી વિના કોણ જાણી શકે ? કોઈજ નહી તેથી સેવા અને કથાનું નિરૂપણ કરવા દેહ ધારણ કરવી એવું આપે વિચાર્યું હવે દેહવાચક તનુ શબ્દ અત્રે લીધો છે તેનુ અભિપ્રાય એ છે કે (તનુ વિસ્તારે ધાતુ) છે તેથી વંશ વિસ્તારે કરીને દૈવી જીવોને અને પૃથ્વીને અનેક વર્ષ પર્યંત સુખ દેવું. તે વિષે સર્વોત્તમ સ્તોત્રમાં કહેલ છે કે (भुवि भक्ति प्रचारैक कृते स्वान्वयकृत्) પૃથ્વીમાં ભગવદ્‌ભક્તિનો પ્રચાર કરવાને પોતાના વંશનું સ્થાપન શ્રીમહાપ્રભુજીયે કરેલ છે તે પછી ત્રેવીશમાં ચરણથી વર્ણન કરે છે.

ભક્ત જીવના ભાગ્ય વિસ્તર્યાં ઈચ્છા કરી હરિસાર ॥
તેને હેતે આપોપે પ્રકટ્યાં શ્રીવલ્લભ રાજકુમાર (૨૩)

અર્થ:—પ્રભજીયે ભૂતલમાંથે પધારવાની સારરૂપ ઈચ્છા કરી તેથી ભકતોના અને સામાન્ય જીવોના ભાગ્ય વિસ્તાર પામ્યા તેને

હેતે એટલે પ્રથમ ઇચ્છા કરી હતી તેને અનુસાર આપોઆપ પ્રકટ થયા કોણ ? (શ્રીવલ્લભ રાજકુમાર) શ્રી મહાપ્રભુજીને રાજાધિરાજની ઉપમા આપી તેમના કુમાર શ્રી વિઠ્ઠલનાથજી પ્રકટ થયા તો આ તુકમાં શ્રી વિઠ્ઠલનાથજીનુંજ પુરૂષોત્તમત્વ વર્ણન કર્યું તેથી કોઇને એવી શંકા થાય કે શ્રી મહાપ્રભુજીને કશ્યપ વસુદેવતુલ્યપણું હશે તેનો નિવારણ ચોવીશમા ચરણથી વર્ણન કરે છે કે–

પૂર્ણ બ્રહ્મ શ્રીલક્ષ્મણ સુત પુરૂષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ ॥
શ્રીગોકુલમાં પ્રકટ પધાર્યા સ્વજન કીધાં સનાથ (૨૪)

અર્થ:–લક્ષ્મણભટ્ટજી અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે તેના સુત શ્રીવલ્લભપ્રભુજી અને શ્રીવિઠ્ઠલનાથજી પુરૂષોત્તમ છે સુત અને શ્રીવિઠ્ઠલનાથજી બેની વચમાં પુરૂષોત્તમ શબ્દ છે તે મધ્યમણી ન્યાયથી લક્ષ્મણભટના સુતને અને શ્રીવિઠ્ઠલનાથજી બન્નેને લાગુ થાય છે માટે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી બન્ને પુરૂષોત્તમ છે અને તે બન્ને શ્રીગોકુલમાં પ્રકટ પધારીને સ્વજન જે દૈવી જીવ તેને સનાથ કર્યા (શંકા) આ નવાખ્યાન વાણી શ્રીવિઠ્ઠલનાથજીની છે અને પ્રથમાખ્યાનના આરંભમાં શ્રીવિઠ્ઠલનાથજીનેજ વંદન કર્યું છે તે કેમ સંભવે ? (પ્રત્યુત્તર)જેમ વેદ ભાગવતાદિક પણ ભગવદ્ વાણી છે છતાં તેમાં नारायण नमस्यकृत्यं ઇત્યાદિ સ્થળને વિષે તથા વેદમાં પણ વંદન કરેલ છે તેવીજ રીતે આંઇ પણ કરેલ છે કદાચ વાદી કહે ત્યાં પણ મારી એ શંકા છે તો વળી કહે છે (પ્રત્યુત્તર) વેદાદિક પુરાણાદિક યદ્યપિ ભગવદ વાણી છે તો પણ બ્રહ્માજી વેદ વ્યાસાદિકોના મુખથી એનો પ્રાદુર્ભાવ થયો તેથી વંદનનું દોષ નથી.

દ્વિતીય આખ્યાનનું વિવેચન.

**શ્રીલક્ષ્મણસુત શ્રીવલ્લભરાયજી સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી ॥
કલિજન તરેવા નહીં અવર ઉપાયજી યજ્ઞ પુરૂષ હરિના
શ્રુતિગુણ ગાયજી. (૧)**

અર્થ:—શ્રીલક્ષ્મણ ભટજીના સુત પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપ શ્રીવલ્લભપ્રભુજી કેવા છે તેમનું નામ સ્મરણ કરતાં પાપ નાશ પામે છે તે વિષે નૃસિંહ પુરાણમાં કહેલ છે કે,—

नाम्नोस्ति यावतीशक्तिः पाप निर्दहने हरेः ॥
तावत्कर्तु न शक्नोति पातकं पातकी जनः ॥

અર્થ:—ભગવન્નામની પાપ મિટાવવામાં જેટલી મોટી શક્તિ છે તેટલા પાપ પાતકી મનુષ્ય પણ નથી કરી શકતો તેથી કલીકાળના જીવોને ભવસાગર તરવા ભગવન્નામ વિના બીજો ઉપાય નથી અને એઓ યજ્ઞ પુરૂષ હરિ છે એમના વેદની શ્રુતિઓ પણ ગુણ ગાય છે તે પછી બીજા ચરણજીથી વર્ણન કરે છે કે:—

**ગાય શ્રુતિ ગુણ રૂપ અહનિશ કરી ધ્યાન વિચાર ॥
આનંદ રૂપ અનૂપ સુંદર પામે નહી કોઈ પાર. (૨)**

અર્થ:—જે સ્વરૂપનું શ્રુતિઓ ગુણગાન કરે છે, તેનું ધ્યાન અને વિચાર પણ કરે છે તે સ્વરૂપ સાકાર છે કે નિરાકાર તેનુ નિર્ણય થતું નથી કેમ જે નિરાકાર જે આકાશ વાયુ છે તેનો વેદમાં ગુણ નિરૂપણ કરેલ છે તો આ શંકાના નિવારણાર્થે કહ્યું જે (ગુણરૂપ) રૂપ શબ્દ કહ્યું તેથી સાકાર છે એમ નિશ્ચય થયું તો ગુણગાન કરે છે એ પ્રસંગ તો પહેલા ચરણમાં આવી ગયું છે. આ ચરણમાં ફક્ત રૂપનું વિવેચન જોઇતું હતું તેના બદલામાં ફરી (ગુણરૂપ)

કેમ કહ્યું હશે? એવી શંકાના સમાધાનમાં જાણવાનું કે લૌકિકમાં કેટલાક પદાર્થ એવા છે કે ગુણ તેમાં સારો હોય ને રૂપ તેનું બુરૂં હોય જેમ કે કસ્તુરીમાં સુગંધ ગુણ અત્યુત્તમ છે પણ રૂપ શ્યામ છે તેમ અહિંયા નથી. શ્રીમહાપ્રભુજીના ગુણ અનંત છે તે રાતને દિવસ વેદ ગાન કરતાં પણ પાર પામી શકતો નથી. આપનું રૂપ કેવું છે આનંદ રૂપ કેતા કરપાદ મુખોદરાદિ સર્વ આનંદરૂપનો કોઈ પાર પામી શકતું નથી તે પછી ત્રીજા ચરણથી વર્ણન કરે છે કેઃ—

પ્રાણપતિ પ્રાકટય કારણ કાંઇક કહુંમતિમંદ
હરસુર વિધાતા નવ લહે સાક્ષાત બ્રહ્માનંદ. (૩)

અર્થ:—હવે શ્રીમહાપ્રભુજીનો અલૌકિક સ્વરૂપ અનુભવપૂર્વક નિરૂપણ કર્યું તેથી પ્રેમલક્ષણા ભક્તિ હૃદયમાં ઉત્પન્ન થઈ તેથી અત્રે શ્રીમહાપ્રભુજીને કેવળ પતિ ન કહેતા પ્રાણપતિ કહ્યા કારણ કે લૌકિકમાં કિંચિત માત્ર પોશાણ કરે તે પતિ કહેવાય છે પણ શાસ્ત્રમાં પોતે સદા સર્વદા સર્વત્ર નિર્ભય હોય અને ભય માત્રથી સર્વ રીતીયે કરીને રક્ષા કરે તે પતી કહેવાય તે વિષે શ્રીમદ્ ભાગવતમાં કહેલ છે કેઃ—

सर्वैपतिः स्यादकुतो भयः स्वयं समंततः पातिभयातु रंजनं

અર્થ:—જે પોતે કોઇથી પણ ભય ન પામે અને ભય સહિત એવા પોતાના જનની ચારે તરફથી રક્ષા કરે તે પતી કહ્યો જાય તો એવા અલૌકિક પતિ શ્રીવલ્લભાચાર્યજીના પ્રાકટયનું કારણ મોહોટા બુદ્ધિમાનોથી ન થઈ શકે તો હું તો મતીયે કરીને મંદ છું તેથી કિંચિન માત્ર કહું છું હર કેતાં મહાદેવજી સુરગણો અથવા ઈંદ્ર બ્રહ્માથી પણ કહ્યો ન જાય કારણ કે આવા સાક્ષાત બ્રહ્મ જે અક્ષર બ્રહ્મ તે તો ગણીતાનંદ છે તેથી તેને

મન વાણી પોહોંચી શકતાં નથી તે વિષે શ્રી ભાગવત તૃતીયસ્કંધમાં છઠા અધ્યાયમાં મૈત્રેયજીયે કહેલ છે કે—

यतो प्राप्यनिवर्तते वाचश्च मनसा सह ॥ अहंचान्यं इमेदेवा स्तस्मै भगवतेनमः

અર્થ:—વાણી અને મન જે ભગવદ સ્વરૂપને પ્રાપ્ત નથી કરી શકતા નિવૃત થાય છે અર્થાત સ્વરૂપ મનથી વિચાર્યું નથી જાતું અને વાણીથી કહ્યું નથી જાતું અને હું તથા આ બધાયે દેવતા જેને પામી નથી શકતા તે ભગવાનને અમે પ્રણામ કરીયે છીયે. તે પછી ચોથા ચરણથી કહે છે કે

શ્રી વૃંદાવન ચંદમુખ રૂચિ અગ્નિ તે અવતાર ॥
દ્વિજ તલક ત્રિભુવન નામ નિરૂપમ રૂપ અંગીકાર (૪)

અર્થ:—પ્રભુજી શ્રી વૃંદાવનના ચંદ્ર છે રાત્રી જેમ ચંદ્રમાંયે કરીને શોભે છે તેમ વૃંદાવનની શોભા આપ થકી છે તો એવા જે વૃદાવન ચંદ્ર તેમના મુખાર્વિંદની અધિષ્ઠાતા અગ્નિ સ્વરૂપ શ્રી મહાપ્રભુજી છે વળી કેવા છે જે દ્વિજ બ્રાહ્મણ તેના પણ શિરોમણી આચાર્ય છે તે વિષે શ્રીમદ ભાગવત એકાદશ સ્કંધમાં કહેલ છે કે

आचार्यं मांविजानियात् नावमन्येत कर्हिचित् ॥
तमर्त्यं धुध्यासूयेत सर्व देवमयो गुरुः ॥

અર્થ:—પ્રભુજીયે આજ્ઞા કરી છે કે આચાર્યોને મારો સ્વરૂપ જાણવું અને ક્યારે પણ તેમનો અપમાન ન કરવું અને તેઓના ઉપર મનુષ્ય બુદ્ધિ લાવીને ઈર્ષા ન કરવી કેમ જે ગુરૂ છે તે સર્વ દેવતારૂપ છે તેથી તેમને બ્રાહ્મણ અને ત્રણે ભુવનના પણ તિલક રૂપ કહ્યા હવે પ્રભુજી જગતને વિષે બે પ્રકારથી લીલાક્રીડા કરે છે તે વિષે તત્વાર્થદીપ નિબંધમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે

(नामरूपविभेदेन जगत् क्रीडति यो यतः) આપ જગતને વિષે નામથી અને રૂપથી લીલાક્રીડા કરે છે તો શ્રીમહાપ્રભુજીયે પણ તેવા નામ રૂપનો અંગીકાર કરેલ છે જેને કોઈ ઉપમા ન પહોંચી શકે તે પછી પાંચમાં ચરણથી વર્ણન કરે છે કે

દેવલોક દુંદુભી વાજીયાં આનંદાકરે રે નિશંક ॥
અસુર તિમિર ઉચ્છેદવા ભુવિવલ્લભ દેવમયંક (૫)

અર્થ:—જયારે શ્રીવલ્લભપ્રભુજી પ્રકટ થયા ત્યારે દેવલોક એટલે સ્વર્ગલોકમાં દુંદુભી વાજવા લાગ્યો દુંદુભી તો ઉપલક્ષણ માત્ર કહે છે પણ સર્વ પ્રકારના વાજીંત્રો વાગવા લાગ્યા હવે પ્રાદુર્ભાવનું કારણ કહે છે કે (અસુર તિમિર ઉચ્છેદવા ભુવિવલ્લભદેવમયંક) અર્થ—તિમિર એટલે અંધકાર રાત્રીના થાય અને તેનો નાશ ચંદ્રોદયથી થાય છે તો આસુરી જીવો સંબંધી અંધકાર એટલે અજ્ઞાનરૂપી અંધકાર છાયી ગયો હતો તેને ટાળવા ભૌતિક ચંદ્ર સમર્થ નથી તેથી આધિ દૈવિકચંદ્ર રૂપ શ્રીવલ્લભદેવનો પ્રાદુર્ભાવ થયો ત્યારે દેવતાઓ નિશંક થઈને આનંદ કરવા લાગ્યા હવે પ્રકટ થઈને શું કાર્ય કર્યું તેનું નિરૂપણ છઠા ચરણથી કરે છે કે

પૂરણ પુરૂષ પ્રમાણપંથા વ્યાખાતા વેદાંત ॥
ગ્રંથ સર્વે રસ રૂપ કીધાં પોતાને સિદ્ધાંત (૬)

અર્થ:—આપ પૂર્ણ પુરૂષોત્તમ છે તેથી પ્રમાણ પંથના અને વેદાંત એવું ઉપનીષદોનું નામ છે કેમ જે ઉપનીષદ વેદના અંતમાં એટલે શિરો ભાગ રૂપ છે વળી ઉપનીષદ વિચારક વ્યાસ સૂત્રને પણ વેદાંત કહે છે અથવા વેદનું અંત જે શાસ્ત્રમાં હોય તે વેદાંત કહેવાય. વેદાર્થ નિશ્ચયના કારણ રૂપ વ્યાસ સૂત્રજ છે તેથી વ્યાસસૂત્રને વેદાંત કહે છે આપ આચાર્ય હોવાથી વ્યાસ

સુત્રનું નૌતન ભાષ્ય કર્યું છે તેથી તેના અને પ્રમાણ પંથના પણ વ્યાખ્યાતા આપજ છે અને પોતાના શુદ્ધાદ્વૈત સિદ્ધાંતને અનુસાર રસરૂપ ગ્રંથો આપે પ્રકટ કર્યા તે પછી સાતમાં ચરણથી વર્ણન કરે છે કે

રસિકરસના રસિકવાણી જાણી નર નવખંડ ॥
ઉર્ધ્વ પંથા સુયશ પસર્યો વાધિયો બ્રહ્માંડ (૭)

અર્થ:—આપ રસિક આપની રસના ઇંદ્રિયથી નીકળેલી વાણી પણ રસિક તે કોણે જાણી તો કહે છે કે નવખંડાત્મક પૃથ્વીમાં જે નર હતા તેમણે જાણી નર શબ્દ પુરૂષ વાચી છે ભગવદ્ ભક્તિ રૂપી અલૌકિક પુરૂષાર્થ જેણે સિદ્ધ કર્યું છે તેજ ખરા નર છે માટે નવખંડ પૃથ્વીમાં જે ભગવદ્ ભક્તો હતા તેમણે એ વાણીને જાણી કારણ એ પ્રભુજીની વાણી ભગવદ્ અનુગ્રહ વિના ન જાણી જાય અને પ્રભુજી અનુગ્રહ પણ ભગવદ્ ભક્તો વિના ઇતર ઉપર ન કરે અને આપનો સુંદર યશ પ્રથમ ઉર્ધ્વ પંથમાં પ્રસર્યો પછી આખા બ્રહ્માંડમાં ફેલ્યો તે પછી આઠમા ચરણથી વર્ણન કરે છે કે

એક બ્રહ્માંડે જેના યશ ન માયા તેના હુવા કોટી અનંત ॥
તોય ત્યાં થકી વાધિયો જઇ વશ્યો મુખ ધીમંત (૮)

અર્થ:—પુર્ણ પુરૂષોત્તમ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના યશ પાર વિનાનું અને બ્રહ્માંડ પાત્ર નાનું તેથી એક બ્રહ્માંડમાં યશ ન સમાણો તેથી અનંત કોટિ બ્રહ્માંડ થયા તેમાં સમાતાં પણ વધ્યો તે લીલાસ્થ ભક્તમાં જઇ સમાણો તે વિષે શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધમાં કહેલ છે કે (अक्षण्वतां फलमिदं न परंविदामः) વેણુ ગીતમાં વ્રજભક્તના વચન છે કે સર્વ પ્રકારથી ભગવદ્ સંબંધે

કરીને ઇંદ્રિયવાનનો આ ફળ છે એમ અમે જાણીયે છીયે બીજું કશું નથી જાણતા તે પછી નવમાં ચરણથી વર્ણન કરે છે.

અતુલ અમલ ઉદ્યોત ઉદયો ભૂતલ દ્વિજ માર્તંડ ।।
ભક્તિ માર્ગ કેસરી ગજ માયિક મત શતખંડ (૮)

અર્થ:—આપ ભૂતલને વિષે દ્વિજ એટલે ચંદ્ર અને માર્તન્ડ એટલે સૂર્યરૂપ પ્રાદુર્ભૂત થયા હવે ચંદ્ર સૂર્ય તો લૌકિક છે તેની ઉપમાં આપેથી લૌકિક તુલના થઈ તેના નિવારણાર્થ આગળ કહેલ છે કે (અતુલ) સૂર્ય ચંદ્ર પણ તુલના ન કરી શકે તેવા તે વિષેગી તાજીમાં કહેલ છે કે (दिवि सूर्य सहस्रस्य भवेद्युग पदुत्थिता ॥ यदिभाः सदृशीसाष्याम् दासस्तस्य महात्मनः) અર્થ જે આકાશમાં હજારો સૂર્ય ચંદ્રોનું તેજ એક સાથે ઉદય પામે તો પ્રભુના તેજનું કાંઈક સદશ કદાચિત કહેવાય. વળી સૂર્ય ચંદ્રના તેજને મેઘ રાહુ એ બધા મલીન કરે છે. પણ આપનું ઉદ્યોત અમલ છે એટલે શુદ્ધ છે મલથી રહિત છે તે વિષે કઠવલી મુંડકાપનીષદમાં કહેલ છે કે ભગવદ્ ધામમાં સૂર્ય ચંદ્રતારા અને વિદ્યુત કેતાં વિજલી કાંઈ પ્રકાશ કરી શકતા નથી તો એ અગ્નિ કયાંથી પ્રકાશ કરી શકે (તે કેમ જે) એ સર્વે પ્રભુજીના પ્રકાસે કરીને પ્રકાસિત છે વળી કહે છે કે પુષ્ટિભક્તિ માર્ગને વિષે આપ કેશરીસિંહ જેવા છે તેથી (ગજમાયિક મત શતખંડ) માયિક જે માયાવાદી તેનો મત કેતાં સિદ્ધાંત રૂપી ગજ તેના શેકડો ટૂક કરી નાખ્યા. એટલે માયાવાદ ખંડનદ્વારા તેના અનેક ટૂક કરી નાખ્યા હવે ભક્તિમાર્ગ કેશરી કહ્યું તેનો ભાવાર્થ એ છે કે સિંહ જે માર્ગમાં હોય છે ત્યાં હસ્તિ પ્રભૃતિ કોઈ નજીક પણ આવી શકતા નથી. તેમ પુષ્ટિમાર્ગમાં આપના પ્રતાપે કોઇ પણ દુઃસંગરૂપ પશુ નજીક પણ આવી શકતા નથી તો

બાધા તો ક્યાંથી કરી શકે અને સિંહ જેમ બીજાની આપેક્ષા વિના એકલો રહી પરાક્રમ કરે છે તેમ આપ પણ કેવલ પોતાના પ્રતાપ માત્રે કરીને સર્વ કાર્ય કરે છે તે પછી દશમાં ચરણથી વર્ણન કરે છે કે—

દિગ્વિજય દશ દિશાયે કિધો પરિક્રમાને વ્યાજ ।।
તીરથ સકલ સનાથ કીધાં ચરણ રેણુ સમાજ (૧૦)

અર્થ:—પૃથ્વી પરિક્રમા કોણ કરે ? જે કોઈ ફલની આકાંક્ષાવાળો હોય તે કરે. શ્રીમહાપ્રભુજી તો સાક્ષાત પૂર્ણ પુરૂષોતમ છે આકાંક્ષા રહિત છે પરિક્રમાનું તો મિષ માત્ર છે તે દ્વારા આપે દશો દિશાઓમાં દિગ્વિજય કીધો અને ચરણરજના સંબંધે કરીને તીર્થોને સનાથ કર્યાં છે (શંકા) ચાર દિશા પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષીણ તથા ચાર ખૂણા અગ્નિ નૈરૂત્ય વાયવ્ય અને ઈશાન એમ આઠ દિશા તો ઠીક છે પરંતુ અંતરીક્ષ એટલે ઉર્ધ્વ દિશા અને અધો દિશામાં દિગ્વીજય કેમ સંભવે ? (પ્રત્યુત્તર) અંતરીક્ષ દિશાનું સ્વામી વાયુ છે એમં વેદમાં તૈતરી શાખામાં કહેલ છે અને વાયુનો અવતાર મધ્વાચાર્ય છે તેને આપે જીતેલ છે અને અધો લોકમાં મુખ્ય શેષજી છે તેનો અવતાર રામાનુજાચાર્ય છે તેને જીતેલ છે તેથી દશે દિશાઓમાં દિગ્વિજય કર્યો એમ કહેલ છે તે યુક્ત છે વળી તમામ તીર્થોમાં પધારી તીર્થો સરવેને આપના ચરણ સંબંધી રજદ્વારા સનાથ કીધાં વળી સકલ એટલે કલાસહિત તીર્થોમાં અનેક પાપ ભેગા થવાથી કલાહીન થયા તેને આપે કલાયુક્ત પણ કર્યાં અને સનાથ પણ કર્યાં તે પછી અગ્યારમાં ચરણથી કહે છે કે—

પત્રાવલંબે પંડિત જીત્યા ગજમાયિક મત્ત માતંગ ।।
શ્રીકૃષ્ણ પૂર્ણબ્રહ્મ સ્થાપ્યાં જેના રૂપ કોટી અનંગ (૧૧)

અર્થ:—માયાવાદીયો મદોન્મત્ત હસ્તી જેવા હતા માતેલો હસ્તી અંકુશ આદિને માનતો નથી પગમાંની સાંકળોને તોડી નાખીને બીજાઓનો ઘાત કરે છે તેવા દુરાગ્રહી માયાવાદી છે પોતાનો જય થવાને વિતંડાવાદ કરે છે તેવાઓને પણ પત્રાવલંબન નામના નાના ગ્રંથદ્વારા આપે જીત્યા અને શ્રીકૃષ્ણ પૂર્ણબ્રહ્મ છે એમ સ્થાપન કર્યું જેમનું રૂપ કોટાન કોટી કામ દેવ જેવું છે તે વિષે શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પંચાધ્યાયીમાં કહેલ છે કે (साक्षान्मन्मथ मन्मयः) સાક્ષાત કામદેવના પણ કામદેવ પ્રભુ છે વળી બૃહદ્વામન પુરાણમાં શ્રુતિઓએ કહેલ છે (कंदर्प कोटिलावण्ये त्वयिदृष्टेमनांसिनः એ સ્થળમાં નિરૂપણ કરેલ છે શ્રીકૃષ્ણપૂર્ણબ્રહ્મ છે તેવેદમાં તથા શ્રીમદ્ ભાગવતમાં (कृष्णस्तु भगवानस्वयं) અવતારોમાં કેટલા અંશ રૂપ છે કેટલાક કલારૂપ છે અને શ્રીકૃષ્ણ તો ભગવાન પોતે છે વળી કહેલ છે કે (यन्मित्रं परमानंदं पूर्णब्रह्म सनातनं) અર્થ દશમસ્કધમાં બ્રહ્માજીયે કહેલ છે કે નંદરાયજી અને ગોપો તથા બધા વ્રજવાસીયો એ સર્વેના મ્હોટા ભાગ્ય છે કેમ જે પરમાનંદ અનાદિ પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણ જેમના મિત્ર છે એવી રીતે અનેક દષ્ટાંતો છે તે પછી બારમાં ચરણથી વર્ણન કરે છે કે—

સ્વમાર્ગ સ્થિર સ્થાપવા આપવા ભજનાનંદ ॥
નામ આપ્યાં જીવને શુભમિષ્ટ મુખ મકરંદ (૧૨)

અર્થ:—પોતાનો જે પુષ્ટિભક્તિ માર્ગ તેને સ્થાપન કરવાને અને ભજનનો આનંદ દેવાને નામ આપ્યાં અષ્ટાક્ષર મહામંત્ર સંભળાવ્યાં હવે આપ્યાં બહુ વચન કહેવાનું કારણ નામ મંત્ર ત્રણવાર સંભળાવ્યાં પછી આપના મુખકમલના મકરંદ રૂપ જે પંચાક્ષર મંત્ર તે સહિત ગદ્યમંત્રનો ઉપદેશ આપે જીવોને કર્યો અથવા આપનું

મુખ મકરંદ જે શ્રી સુબોધિનીજી તેનુ દાન આપે જીવોને કર્યું તે વિષે સર્વોત્તમજીમાં કહેલ છે કે (कृष्णावरामृता स्वाद सिद्धिरत्र न संशयः)

વળી બીજા મકરંદો સર્વદા રહેતા નથી અને તેની તૃપ્તિ પણ ક્ષણમાત્ર રહે છે પરંતુ આપની વાણી રૂપમકરંદ તો નિત્ય છે અને તેનું આસ્વાદન કરે તે સદા તૃપ્ત રહે છે એ સૂચન કરવાને (શુભ) યહ વિશેષણ કહ્યો વળી એ મકરંદ કેવું છે કે (મિષ્ટ) એટલે મધુર બીજા મકરંદો તો જીભને મિષ્ટ લાગે છે અને આ મકરંદ તો જીભ તથા કાનને અર્થજ્ઞાનથી મનને પણ મિષ્ટ લાગે છે તે પછી તેરમાં ચરણથી વર્ણન કરે છે કે—

અનેક જીવને કૃપા કરેવા દેશાંતર પ્રવેશ ।।
કોમલ પદ જ્યાં કમલ વિલસે ધન્ય કહું તે દેશ (૧૩)

અર્થ:—અનેક જીવો માથે કૃપા કરવાર્થે આપે દેશાંતરમાં પ્રવેશ કરેલ છે એ આપની દયાલુતાનો હૃદયમાં અનુભવ થયો તેનો આનંદ ગોપાલદાસજીને થયો તેથી કહે છે કે જે આ પદકમલ જે જે દેશમાં પધારી ધારણ કર્યા તે દેશને ધન્ય, તે પછી ચૌદમાં ચરણથી વર્ણન કરે છે.

અંગ બંગ કલિંગ કીકટ મગધ મરૂ સુર સિંધ ।।
તે તામસના અઘ હર્યા પ્રતાપ પદ રજગંધ (૧૪)

અર્થ:—અંગ બંગ કલિંગ કીકટ મગધ મરૂ સુર સિંધ આદિ જે નિષેધ દેશો છે તેમાં આપ પધાર્યા નથી તે દેશોમાં અનેક તામસી જીવો હતા તેના પાપ (પોતાના ચરણરૂપી અલૌકિક કમલ તે સંબંધી રજ ફેલાવી તે દ્વારા હર્યા હવે એ નિષિદ્ધ દેશોમાં કેટલેક ઠેકાણે પધારેલ છે આપની બેઠકો પણ છે તેનું કારણ જે તીર્થનિમિત પધારેલ છે તેનો દોષ નહીં. તે પણ આખા દેશમાં

નહી. તીર્થ સ્થળનો નિષેધ પધારેલા છે. તે પછી પનરમાં ચરણથી વર્ણન કરે છે કે—

કનક સ્નાને શતમણ સુવર્ણ કરાવ્યું મહિપાલ ।।
તે મૂકીને વેગે ચાલિયાં રાય દ્દષ્ટિ ન પાછી વાળ (૧૫)

અર્થ:—વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાયે સોમણ સુવર્ણથી કનકાભિષેક કરાવ્યું અને તે દ્રવ્ય અંગીકાર કરવાને વીનતી પણ કરી, પણ તે દ્રવ્ય આપે અંગીકાર ન કરતાં આગળ પધાર્યાં છે તે દ્રવ્ય સામે પાછું વાળી દ્દષ્ટિ પણ આપે નથી કરી તે પછી સોલમાં ચરણથી વર્ણન કરે છે કે—

ત્યાંથી દક્ષિણ પ્રભુ પાઉ ધારિયા પાંડુરંગ શ્રીવિઠલનાથ ।।
નેત્ર મળતાં વાત કીધી વચન દીધું હાથ (૧૬)

અર્થ:—વિદ્યાનગરથી દક્ષિણ શ્રીમહાપ્રભુ એટલે ચતુર એવા જે પંડિતો તેના પ્રભુ તે પાન્ડુરંગ શ્રીવિઠ્ઠલનાથજી પધાર્યાં છે ત્યારે શ્રીવિઠ્ઠલનાથજી સામા પધાર્યાં છે અને કહ્યું કે અમે એક વચન માંગીયે છીયે ત્યારે શ્રીમહાપ્રભુજીયે કહ્યું આપ કહેશો તે કરીશ એમ વચન શ્રીવિઠલનાથજીના શ્રીહસ્તમાં આપ્યું છે તે પછી સતરમાં ચરણથી વર્ણન કરે છે કે—

વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું કીધી શ્રીવલ્લભજીસું વાત ।।
અમને તે ઇચ્છા એહ છે જે હું નંદન તમે તાત (૧૭)

અર્થ—એ વચન શ્રીવિઠ્ઠલનાથજીયે માંગેલ છે પણ તેમને તો નિમિત્ત બનાવ્યા છે, શ્રીવિઠલનાથજીના હૃદયમાં બીરાજી શ્રીનાથજીયે વચન માંગેલ છે જે અમે તમારા પુત્ર થઈયે અને તમે અમારા પિતા થાઓ એવા પ્રકારથી વંશવૃદ્ધિ દ્વારા આનંદ આપવો

છે તેથી એ વચન માગી લીધું છે તે પછી અઢારમાં ચરણથી વર્ણન કરે છે કે—

તે પુરૂષોતમ પ્રકટશે શ્રીવિઠલરૂપ નિધાન ॥
નેત્રકમલે નાના ભાવે દેશે ભક્તને સન્માન (૧૮)

અર્થ:—તે પુરૂષોતમ શ્રીનાથજી શ્રીવિઠ્ઠલનાથજી રૂપથી પ્રકટશે હવે રૂપનિધાન, એટલે દશાવતાર ચોવીસ અવતારના પણ આધારરૂપ એવા શ્રીવિઠલનાથજી નિસાધન જનનું હિત કરવાવાળા પ્રકટશે એમ ભવિષ્ય પ્રસંગ કહેલ છે તેનું કારણ પ્રભુની લીલા નિત્ય છે તેથી એ લીલાનું ગાન કરતી વખત પ્રાદુર્ભાવ પહેલાંની લીલાનું સ્ફુરણ થયું તેથી પ્રકટશે એમ ગાયું છે પ્રકટ થઈને નેત્રકમલે કરીને અને નાના ભાવે કરીને ભકતોના જેવા ભાવ હશે તેવા તેમના સન્માન કરશે તે પછી ઓગણીસમા ચરણથી વર્ણન કરે છે કે—

ત્યાંથી વૃંદાવન પાઉ ધારિયાં જ્યાં મધુપ કરે ઝંકાર ॥
કુસુમ દ્રુમ નવ મલ્લિકા મકરંદનો નહીં પાર (૧૯)

અર્થ:—ત્યાંથી એટલે પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીથી આપશ્રી વૃંદાવન પધાર્યા છે ત્યાં અનેક તરેહના પુષ્પો ખીલ્યાં છે તેના મકરંદનું પાન કરી ભમરા ઝંકાર કેતાં ગુંજારવ કરી રહ્યા છે, મલ્લિકા તો ઉપલક્ષણ રીતાથી કહેલ છે પણ સર્વ પ્રકારના ફૂલના વૃક્ષો સદા સર્વદા ફૂલેલા રહે છે તે નવીન શબ્દે સૂચવ્યું છે તે પછી વીસમાં ચરણથી વર્ણવે છે કે—

તરૂતમાલ અતિ શોભિતા હેમ યૂથિકા સંઘોડ ॥
લલના તે સુભગા લટકતાં હીંડે તે મોડામોડ (૨૦)

અર્થ:—વૃંદાવનમાં તમાલના વૃક્ષ અતિ શોભી રહ્યા છે વળી વૃક્ષને માથે વેલી જોઈયે તો કહે છે કે હેમ યૂથિકા તે સોન જુહીની

વેલી પણ તમાલની સાથે શોભી રહી છે અથવા તમાલની ઉપમાં પ્રભુજીને આપી છે અને વ્રજભકતોના શ્રીઅંગને સોન જુહીની ઉપમા આપી છે, હવે વ્રજભકતો કેવા સુભગા એટલે પ્રિય લાગે તેવા રસોદ્ બોધક લટકા મટકા કરતાં ચાલે છે હવે હેમયૂથિકાના ઉપલક્ષણ રીતીથી કહી છે પણ બીજા પણ સુગંધીદાર ફૂલો ફૂલ્યા છે તે પછી એકવીસમાં ચરણથી કહે છે કે–

તાન ધુની મુની મયૂર રૂપે સાંભળે ધરી ધ્યાન ॥
નિત્ય લીલા ગાન શ્રવણે કરે તે મધુ પાન (૨૧)

અર્થ:—ઓગણપચાસ કોટી તાન અને ધુની તે અનેક પ્રકારના વાજીંત્રો વીણા, વેણુ, મૃદંગ પ્રભૃતિ તેના શબ્દો મુનીજનો મયૂરના રૂપથી સાંભળી તે લીલાનું ધ્યાન વિચાર કરે છે. ગાન સેનું કરે છે? નિત્ય પ્રભુજીની લીલા છે તેનું ગાન કરે છે એ સર્વ લીલા રસ રૂપીણી છે તેથી તેમાંથી રસ ઝરે છે તેનું પાન શ્રવણ પુટદ્વારા કરે છે તે પછી બાવીસમાં ચરણથી કહે છે કે–

કુંજ સદન સોહ્યામણા શોભાતણો નહી પાર ॥
વિવિધ રાસમંડલ રચના રચી ખેલે શ્રીનંદકુમાર (૨૨)

અર્થ:—કુંજસદન એટલે લતાગૃહ અતિ શોભી રહ્યા છે તેની શોભાનો પાર નથી ત્યાં યશોદોત્સંગ લાલિત નંદકુમાર વિવિધ પ્રકારના રાસમંડલની રચના રચીને ખેલી રહ્યા છે તે પછી ત્રેવીસમાં ચરણથી વર્ણન કરે છે કે–

રંગે તે રમતાં દીઠડાં બલદેવ શ્રીગોવિંદ ॥
એ પુત્ર ભાવે પ્રકટશે જન આપશે આનંદ (૨૩)

અર્થ:—ત્યાં વૃંદાવનમાં કૃષ્ણ બલદેવને રંગેથી રમતાં દીઠાં અને એ બન્ને સ્વરૂપ પુત્રભાવથી અમારે ત્યાં પ્રકટશે એમ મનમાં

સ્મરણ થતાં મહાપ્રભુજીના મનના વિષે આનંદ ઉત્પન્ન થયો છે તે પછી ત્રેવીસમાં ચરણથી વર્ણન કરે છે કે–

બલદેવ શ્રીગોપીનાથ કહિયે શ્રીવિઠલ નંદાનંદ ॥
એ વેદપથ વિસ્તારસે જન આપસે આનંદ (૨૪)

અર્થ:—હવે બલદેવજી છે તે શ્રીગોપીનાથજીના સ્વરૂપથી પ્રકટી વેદપંથનો વિસ્તાર કરશે કારણકે તેઓ મર્યાદા સ્વરૂપ છે. શ્રીવિઠલનાથજી છે તે પુષ્ટિ સ્વરૂપ નંદરાયજીને આનંદ આપનાર સ્વરૂપ છે માટે એ પોતાના જન જે ભક્તજન તેને આનંદ આપશે. તે પછી ૨૫ માં ચરણથી વર્ણન કરે છે કે–

ત્યાંથી કેશી ઘાટ પાઉ ધારિયાં કહી કથા તત્વ સમાધિ ॥
રસપુંજ પુરૂષોતમ પ્રમાણ્યા સરસ્વતિ તજી આધિ (૨૫)

અર્થ:—શ્રીવૃંદાવનમાં કેશી ઘાટ ઉપર પધારી ત્યાં તત્વ સમાધિની કથા કહી તેમાં રસના સમૂહરૂપ પુરૂષોતમ છે એમ સિદ્ધ કર્યું છે. અન્ય સંપ્રદાયવાળા એનો અર્થ અન્ય રીતીથી ઉલટો લગાવતા હતા તેથી સરસ્વતીજી વાણીની અધિષ્ઠાત્રી દેવી હોવાથી તેમને મનોવ્યથા થતી હતી તે જ્યારે શ્રીમહાપ્રભુજીયે ખરો અર્થ કર્યો ત્યારે સરસ્વતીજીયે મનોવ્યથાને તજી દીધી છે તે પછી છવીસમાં ચરણથી વર્ણન કરે છે કે–

ગિરિરાજને આશ્વાસ દીધો ધરી કોમલ ચરણ
હરખે તે સામા આવીયાં શ્રીગોવર્ધન ઉદ્ધરણ (૨૬)

અર્થ:—પર્વતોમાં રાજા એવા શ્રીગિરિરાજજી જેઓ હરિદાસવર્ય કહેવાય છે તેમના માથે જ્યારે શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા એટલે કોમલ ચરણાવિંદ ધારણ કર્યું તે દ્વારા ધીરજ આપી (શંકા) ગિરિરાજજી ઉપર તો શ્રીનાથજી બિરાજતા છતાં તેમને દુઃખ કેમ થયું ? જે

શ્રીમહાપ્રભુજી કોમલ ચરણ ધરવાથી આશ્વાસ થયો ? (પ્રત્યુત્તર) શ્રીગિરિરાજજી હરિદાસોમાં પણ વર્ય કેતાં શ્રેષ્ઠ છે તેથી તેઓ પ્રભુજીના સુખે પોતાને સુખ નિરંતર માને છે. પણ શ્રીનાથજીને પુષ્ટિ લીલા અનુસાર સેવા સંયુક્ત બિરાજતા ન જોઈ તેમને દુઃખ હતું તે જ્યારે શ્રીમહાપ્રભુજી પધાર્યા ત્યારે તેમને આશ્વાસ મળ્યો જે હવે પ્રભુજીના સુખે સુખ રૂપ સેવા થશે. અને શ્રીમહાપ્રભુજી પધાર્યા ત્યારે સામા શ્રીગોવર્ધનનાથજી પધાર્યા છે તે પછી સતાવીશમાં ચરણથી વર્ણવે છે કે—

હળીમળીને ચાલીયા ચરણાટ જ્યાં નિજધામ
નવરંગ નાગર પ્રકટીયા મન પૂરવા બહુ કામ ૨૭

અર્થ:—શ્રીમહાપ્રભુજી શ્રીગોવર્ધનનાથજીથી પરસ્પર હળીમળીને પછી અડેલ પધાર્યા ત્યાં શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય થયા પછી ચરણાટમાં પણ પોતાનું ઘર હતું ત્યાં જઈ વસ્યા શ્રીગુસાંઈજી જેને નવરંગ નાગર શબ્દે પુર્ણ પુરૂષોતમની ઉપમા આપી છે તે શ્રી ચંદ્રાવલીજીનું સ્વરૂપ છે તેમની નિકુંજ ત્યાં હતી તેથી શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય ત્યાં થયું શ્રીમહાપ્રભુજીના મનની ઇચ્છાઓ પરિપૂર્ણ કરવાર્થે તે પછી અઠયાવીશમાં ચરણથી વર્ણન કરે છે કે—

તત્વ સંખ્યાયે કહ્યા પદ સારમાંહે સાર ॥
હવે કાંઈ એક સ્તુતિ કરૂં શ્રીવલ્લભરાજ કુમાર (૨૮)

અર્થ:—શાસ્ત્રમાં તત્વ બધા મળી અઠયાવીશ છે તેમજ આ દ્વીતીય આખ્યાનના પદ કેતાં ચરણ ૨૮ છે તે સારમાં પણ સાર રૂપ છે કારણ કે એમાં શ્રીમહાપ્રભુજીના ચરિત્ર વર્ણન કર્યા છે હવે આગળ તૃતીય આખ્યાનમાં શ્રીવલ્લભપ્રભુજી જે સર્વે આચાર્યોમાં શ્રેષ્ઠ છે તે રાય શબ્દે સૂચન કર્યું છે.

તૃતીય આખ્યાનનું વિવેચન

આ પોષ મધ્યાને નોમે શ્રીનાથજી અંકાજી ઉર ઉપનો
આનંદ આ ચંદ શ્રીવૃંદાવન તણો પ્રકટીયો (૧)

અર્થ:—વ્રજનો પોષ માગસર વદ ૧ થીજ શરૂ થાય છે. તે માસની પહેલી નવંમી એટલે વ્રજની પોષ વદ ૯ ગુજરાતી માગસર વદ ૯ દિવસે મધ્યાન સમયે શ્રીવૃંદાવનના ચંદ એવા શ્રીનાથજી અંકાજીને ત્યાં પ્રકટિયા એટલે પ્રાદભૂ ત થયા: તેથી તેમના હૃદયમાં આનંદ ઉત્પન્ન થયો તે પછી બીજા ચરણથી વર્ણન કરે છે કે—

સોભાગ્ય સુંદરી મળી ધવળ ગાયે ॥
સુહાયે રૂડા કંઠ સુનાદ આલ્હાદ ઉપનો તે અંગોઅંગ ઘણો ૨

અર્થ:—હવે શ્રીગુસાંઈજીનો પ્રાદુર્ભાવ થવાથી સૌભાગ્યવતી સુંદરીઓ મળીને ધોળ ગાવા લાગી. તેઓ આનંદ ઉમંગથી ગાવા લાગી તેથી તેમના કંઠના નાદ સુહાવવા લાગ્યા આલ્હાદ ઉત્પન્ન અંગે અંગમાં થયો. શ્રીવિઠલનાથજીના પ્રાદુર્ભાવ મહોત્સવનું આલ્હાદ પ્રથમ શ્રવણપુટ દ્વારા ભીતરમાં પ્રવેશ થઈ સર્વાંગમાં પ્રસર્યો તેથી આલ્હાદ અંગો અંગમાં ઉપનો એમ કહ્યું છે તે પણ ઘણો અતિશય ઉત્પન્ન થયેલ છે. તે પછી ત્રીજા ચરણથી કહે છે કે—

સૂતિકાસદન સોહ્યામણું શોભા રૂડી લેહેરડે જાય ॥
આ વાય વાદિત્ર તે સમે તણા (૩)

અર્થ;—સુવાવડીનું ઘર તે પણ અતિશય અલૌકિક શોભવા લાગ્યું જાણે શોભાની લેહેરો ઉઠતી હોય અને પ્રાદુર્ભાવ સમય અલૌકિક વાજીંત્રો વાગવા લાગ્યા. કોણે વગાડયા તે કહ્યું નથી તેનું

કારણ કે અંતરીક્ષમાં વાગવા લાગ્યા છે તે પછી ચોથા ચરણથી વર્ણન કરે છે કે—

સર્વસ્વ દાન તેણે સમે કરેરે શ્રીવલ્લભજી ઉદાર ॥
સુકુમાર સુત ઉદયો શ્રવણે સુણી (૪)

અર્થ:—શ્રીવિઠલનાથજી સુકુમાર સુતનો પ્રાદુર્ભાવ થયો એમ કાને સાંભળ્યું તે સમયમાં ઉદાર એવા શ્રીવલ્લભપ્રભુજીયે પોતાનું સર્વસ્વ દાન કર્યું. સર્વસ્વ દાન થયા પછી તો કાંઈ નહી રહ્યું હોય તેના ખુલાસામાં કહે છે કે સંસારમાં લક્ષ્મીજીનો જરા કટાક્ષ જેના માથે થાય છે તેને ઘણી લક્ષ્મી પ્રાપ્ત થાય છે પણ આપતો શ્રીવલ્લભ શ્રીલક્ષ્મીજીના પતિ હોવાથી તેમને ઘણા પ્રિય છે તેથી તેઓ સર્વસ્વદાન કરતાં પણ જરાયે ન્યુનતા ન થઈ જેમ કૃષ્ણાવતારમાં પ્રભુજીયે સુદામાને અત્યંત વૈભવ આપતાં પણ આપના વૈભવમાં લેશ માત્ર ન્યુનતા ન થઈ. હવે પાંચમાં ચરણથી વર્ણન કરે છે.

આ પાતાળે શેષ નાગરીજ્યાં ઉપર ઈંદ્રાદિક દેવ ॥
તત્ખેવ સુણી નિશાન વજડાવિયા (૫)

અર્થઃ—પાતાળે એટલે નીચેના સાતલોકના અધિપતિ શેષજી છે તેનો અવતાર શ્રીવલદેવજીનો છે તેનું પહેલાં પ્રાકટ્ય થયેલું છે તે શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય થવાથી રીજ્યા કારણ કે એમના પ્રાકટ્યથી પ્રથમ વિરહ અનુભવતા તે હવે સંયોગ થયો તેથી રીજ્યાં વળી પૃથ્વી માથે અનેક માયાવાદ ફેલ્યો તેથી ભાર વધ્યો હતો તે સર્વે શેષજી ઉપર હતો તે માયાવાદનું ખંડન કરી તે ભાર ઓછો કરશે જાણી રીજ્યા. ઉપર સ્વર્ગાદિક સાત લોકના ઇંદ્રાદિક દેવતાઓ પણ રીજ્યા છે અને તેઓ શ્રીવિઠ્ઠલનાથજીનો જન્મ કાને

સાંભળતાંની સાથે નિશાન એટલે દુંદુભી આદિ વાજીંત્ર વગાડવા લાગ્યા તે પછી છઠા ચરણથી વર્ણન કરે છે કે—

આ સિદ્ધ ગંધર્વ ગણ અપ્સરા ઉલટિયાં નૃત્યને નાદ ॥
આલ્હાદ ભર્યાં શ્રીવલ્લભજીયે માનિયા (૬)

અર્થ:—(સિદ્ધ) તે એક જાતના દેવતા અને ગંધર્વ તે દેવતાઓના ગાયક અને અપ્સરાઓના સમૂહ ઉલટિયાં એટલે વેગ અથવા હર્ષયુક્ત થઈ આવ્યાં આવીને નૃત્ય અને વાજીંત્રના નાદ કરવા લાગ્યા તેઓને આનંદભર્યાં જોઈને અથવા આનંદભર્યાં શ્રીવલ્લભ પ્રભુજીયે યથોચિત તેમનું સત્કાર કર્યું. તે પછી સાતમા ચરણથી કહે છે કે—

બ્રહ્મા મહાદેવ મુની હરખિયાં વરખીઆં કુસુમ સમૂહ ॥
આ મોહ ટાળ્યો જગતના જીવનો (૭)

અર્થ:—બ્રહ્મા મહાદેવ મુની તેમ મરિચિ નારદ પ્રભૃતિ અથવા મનન શીલ નિરંતર પ્રભુજીના સ્વરૂપનું મનન કરવાવાળા એવા ભક્ત તે સર્વે હર્ષ યુક્ત થઈ પુષ્પની વૃષ્ટિ કરી આપ શ્રીગુસાંઈજી પુર્ણપુરૂષોતમ સ્વરૂપ છે એવો જ્ઞાન નહીં હતો તે મોહ રૂપ અજ્ઞાનને આપે ટાળી દીધો કારણ કે કૃષ્ણાવતાર સમયે જેવે આનંદ થયો હતો તેવો આનંદ થયો એજ મોહ ટાળ્યો અથવા દૈવં જીવો આસુરી જીવોના સંસર્ગથી મોહ યુક્ત થયા હતા તે આપન પ્રાકટય માત્રથી મોહ તેમનો મિટાવી દીધો ને પછી આઠમ ચરણથી વર્ણન કરે છે કે—

નિગમ શ્યામ શાખા સહસ્ત્રસું કરેરે ભલા નિર્ઘોષ
આઘોષ પતિ ભગવંત ભેટતાં (૮)

અર્થ:—સામવેદની હજાર શાખાઓથી વેદનો ઉચ્ચાર કરવ લાગ્યા ચારે. વેદોમાં સામવેદ મુખ્ય છે અને તે ગાન રૂપ છે તેથ

સામગાન કહેવાય છે ને ગાન આપને પ્રીય છે તેથી સામવેદનો ઉચાર કરવા લાગ્યા અથવા સામવેદ તો ઉપલક્ષણ રીતીથી કહ્યું. બધા વેદોનો ઉચ્ચાર થવા લાગ્યો શા માટે કે (ઘોષપતિ ભગવંત ભેટતાં) ઘોષ તે વ્રજ તેના પતિ ભગવંત સ્વરૂપ શ્રીવિઠલનાથજીના ભેટવાથી હવે અત્રે પ્રકટવાથી ન કહેતા ભેટવાથી કહેવાનું કારણ કે એ વખતમાં શ્રીવિઠલનાથજીયે યશોદોત્સંગલાલિત સ્વરૂપથી દર્શન દીધા તેથી ભેટતાં એમ કહ્યું વળી ચારે વેદમાં સામવેદ જેમ મુખ્ય છે તેમ સર્વે ભગવદવતારોમાં શ્રીવિઠ્ઠલનાથજીનું અવતાર મુખ્ય છે તે પછી નવમાં ચરણથી સૂચન કરે છે કે—

વેદ વિહિત કૃત્ય સર્વે કીધાં દીધાં બહુ પેરે ગોધન ॥
માનશું સ્વજન સંતોષિયાં (૯)

અર્થ:—શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાકટ્ય સમયે શ્રીમહાપ્રભુજીયે (પોતે યજુર્વેદી હતા તેથી તૈતિરીય શાખા તેના મંત્રે કરીને આપસ્તંબ સૂત્રમાં કહ્યા છે તેવા) જાત કર્માદિ કૃત્ય તે સર્વે કર્યા હવે સર્વસ્વદાન તો પ્રથમ કરી ચૂકયા છે તેથી ફરી દાન નહીં કર્યું હોય એ શંકાના નિવારણાર્થ કહે છે કે (દીધાં બહુ પેરે ગૌદાન) ઘણા પ્રકારથી ગૌદાન આપ્યા. વળી શું કર્યું કે માને કરીને સ્વજન કેતાં સગા સંબંધીને સંતોષ આપ્યું અથવા સ્વજન જે દૈવી જીવને સંતોષિયાં તે પછી દશમા ચરણથી વર્ણન કરે છે કે—

કનકકચોળાં કુમ કુમ ભર્યાં અક્ષત દુર્વાભર્યાંરે સુથાલ ॥
માલ પારિજાતની મહમહે (૧૦)

અર્થ:—સુવર્ણના કુમ કુમ ભરેલા કટોરા અને અક્ષત એટલે ચાળા ચોખા અને ધ્રુબાર એ બધા માંગલિક પદાર્થો સુંદર થાળમાં ભર્યા છે અને પારિજાત કહેતાં હારસિંગારના ફૂલની માલા પણ

ત્યાં ધરી છે તેની સુગંધી છૂટી રહી છે. તે પછી અગીઆરમા ચરણથી વર્ણન કરે છે કે—

તોરણ પરણ સહકારના ધરણીયેં ચંદનતણા નીર ।।
વીર શ્રી ગોપીનાથ શ્રી વિઠલ પ્રકટિયા (૧૧)

અર્થ:—સહકાર એટલે આંબાના પતાના તોરણ સર્વે ઠેકાણે બાંધ્યાં. વળી પૃથ્વી માથે ચંદનના જલનો છિરકાવ કર્યો હવે વીર કેતાં સંહાર શક્તી સંકર્ષણ તે રૂપ શ્રીગોપીનાથજી તેમની શોભા જેમનાથી છે એવા શ્રીવિઠ્ઠલનાથજી પ્રકટિયાં તેથી આ બધો આનંદોત્સવ થયો. તે પછી બારમાં ચરણથી સૂચન કરે છે કે–

આ દધિ દૂધ ઘૃત મધુ માંડવે શેરડિયેં વહે રે સુગંધ ।।
સુગંધે મોહ્યા અલિકુલ આવિયા (૧૨)

અર્થ:—પુર્ણપુરૂષોતમ સ્વરૂપ શ્રી વિઠલનાથજીનો પ્રાદુર્ભાવ થયો તે વખતે ઇંદ્રાદિ દેવતાઓએ આવી પંચામૃત સ્નાન કરાવેલ છે તેનો પ્રસાદી પંચામૃત દહી દૂધ મધ ઘી ખાંડ એ અલૌકિક પંચામૃત સોને આપવા સારૂ માંડવામાં રાખ્યું છે તેની સુગંધ ગલીઓમાં વહી રહી છે વહેતો પદાર્થ ઘણે દૂર સુધી પહોચે છે તો ચરણાદ્રિ પર્વત જન્મ સ્થાનથી થોડે દૂર હતો તેના માથે અનેક તરે પુષ્પો ખીલેલાં હતા તેના માથે ભમરો બેઠલા હતા તે મકરંદ મૂકીને આ અલૌકિક પંચામૃતની સુગંધી માથે મોહ પ્રાપ્ત થઇને પ્રાદુર્ભાવ થયેલા સ્થાનમાં આવ્યા. લૌકિક પંચામૃતમાં સુગંધી હોય નહી પણ આ તો અલૌકિક પંચામૃત છે તેમ પ્રસાદી છે તેથી તેની સુગંધી છૂટી છે લૌકિક સુગંધીમાં તો ભમરોની લુબ્ધતા હોય પણ આ અલૌકિક સુગંધી છે તેથી લોભ્યા ન કહેતાં મોહ્યા કહેલ છે, તે પછી તેરમાં ચરણથી સુચન કરે છે કે—

સૂત માગધ સાધુ સર્વે મળ્યાં ભળીયાં તે માંહોમાંહે
ઉત્સાહભર્યા કો કોને જાણે નહી (૧૩)

અર્થઃ—સૂત એટલે પૌરાણિકો અથવા પ્રભુના યશની કવિતા કરવાવાળા અને માગધ તે યશનું ગાન કરવાવાળા અને સાધૂ તે જ્ઞાની એ બધાયે એકત્ર થયા પછી ભળીયા એટલે એકબીજામાં ભળીને એક સમુદાય થઇ ગયા પરસ્પર ભળી ગયા અને શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાદુર્ભાવના ઉત્સવના ઉત્સાહમાં ભરાઈ ગયા છે તેથી કોઈ કોઇને જાણતા નથી સૌને નિરોધ સિદ્ધ થઈ ગયું છે તેથી ચિત્ત કેવળ પ્રભુજીમાં છે. તે પછી ચૌદમાં ચરણથી વર્ણન કરે છે કે—

શુકદેવ સબળ આનંદિયા વંદીયા શ્રીવલ્લભજીના ચરણ ।।
ગિરિધરણ શ્રી ભાગવત મારૂં નિરખશે (૧૪)

અર્થઃ—શ્રી શુકદેવજી સબળ કેતાં અતિ આનંદિત થઇને શ્રીવલ્લભ પ્રભુના ચરણારવિંદનું વંદન કર્યું કારણ કે આપને ત્યાં શ્રીપુરૂષોતમ સ્વરૂપ શ્રીવિઠલનાથજી પ્રકટ થયા છે તે મારા ભાગવતને જોશે એટલે તેનું અવલોકન કરશે એનું ભાવાર્થ એ જે શ્રીશુકદેવજીએ શ્રીમહાપ્રભુજીનો મોહોટો ઉપકાર માન્યો તે કેમ જે મારી વાણીથી મેં ઉચ્ચાર કરેલ શ્રીભાગવતમાં શ્રીપુરૂષોતમના સ્વરૂપનું લીલાનું અને મહિમાનું નિરૂપણ છે તેથી તેમને જોવાનું કશું પ્રયોજન નથી પરંતુ આપને ત્યાં પુરૂષોતમ રૂપ શ્રીવિઠ્ઠલનાથજી પ્રકટયા છે તો લોકસંગ્રહાર્થે મારા શ્રીભાગવતનું અવલોકન કરશે ત્યારે હું કૃતાર્થ થઈશ એ ઉપકાર માની શ્રીમહાપ્રભુજીના ચરણ વંદિયા છે. તે પછી પંદરમાં ચરણથી વર્ણન કરે છે કે—

સકળ કલા કલી કાલમાં કલ્પદ્રુમ પ્રકટિયો આજ ॥
આ કાજ મન વાંછિત પૂરવા (૧૫)

અર્થ:—સકલ કલાઓએ કરીને યુક્ત કેતાં પ્રબલ એવો કલિકાલ કહ્યું કારણ કે કલિકાલને સંપૂર્ણ દોષકારિત્વ સૂચન કરેલું છે એવા કલિકાલને વિષે અલૌકિક કલ્પવૃક્ષ રૂપ શ્રીવિઠ્ઠલપ્રભુજી આજે પ્રકટ થયા. શા માટે કે મનવાંછિત કાર્યો પરિપૂર્ણ કરવા. (શંકા) જ્યારે ગોપાલદાસજીયે આ આખ્યાન ગાયા ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાકટયને ઘણા વર્ષ થયા હતા છતાં આ ઠેકાણે કલ્પદ્રુમ પ્રકટિયો આજ એમ કેમ કહ્યું છે? (પ્રત્યુત્તર) શ્રીપુરૂષોતમની લીલા નિત્ય છે આપની લીલાનુ નિત્યત્વ વેદમાં વિષ્ણુ સૂક્તાદિ સ્થળમાં તથા અનેક ઉપનિષદોમાં તથા પુરાણોમાં અનેકત્ર વર્ણન કરેલ છે તેથી પુરૂષોતમ જે સમે જેને જે લીલાનું અનુભવ કરાવે તે લીલાનું અનુભવ તેને થાય તેથી આ સમે ગોપાલદાસજીને પ્રાકટય લીલાનું અનુભવ ગાન કરતી વખતે કરાવ્યું છે તેથી ગાયું જે કલ્પદ્રુમ પ્રકટિયો આજ તે પછી સોલમાં ચરણથી વર્ણન કરે છે કે—

તૈલંગ તિલક ત્રિભુવન ધણી મણી મર્કત ઘનવાન ॥
સમાન રૂપ નિરખતાં કોય નહી (૧૬)

અર્થ:—આપ તૈલંગ દેશસ્થ બ્રાહ્મણ તેમાં તિલક કેતાં શ્રેષ્ઠ અને ત્રિભુવન કેતાં સ્વર્ગ મૃત્યુ અને પાતાલ અથવા ઉર્ધ્વ-લોક અધોલોક અને ભુવર્લોક એમ ચૌદ લોકના ધણી વળી કહે છે મર્કતમણી અને ઘનતા જેવું આપનું શ્રીઅંગ છે તે એવું તેજવાળું છે કે આપના રૂપ સમાન કોઈનું રૂપ નથી. તે પછી સત્તરમાં ચરણથી વર્ણન કરે છે કે

ગણુક ગર્ગાદિક આવિયાં ભાવિયાં દીયેરે આશીશ ॥
જગદીશ શ્રી વલ્લભ ઘેર પ્રકટિયા (૧૭)

અર્થ:—ગણુક એટલે જ્યોતિષિ (ગર્ગાદિક) ગર્ગાચાર્ય જ્યોતિષ શાસ્ત્રની પ્રવૃતિકર્તા શ્રીકૃષ્ણના પુરોહિત અને આદિ શબ્દે બીજા પણ સત્પાત્ર જ્યોતિષીઓ આવ્યા તે શ્રીમહાપ્રભુજીના મનમાં ભાવ્યા અથવા ભાવ સંયુક્ત થઇ શ્રીવિઠ્ઠલનાથજીને આશીશ દેવા લાગ્યા. જે સાક્ષાત જગતના ઈશ એવા પુરૂષોત્તમ વલ્લભ-પ્રભુજીને ત્યાં પ્રકટયા છે. તે પછી અઢારમાં ચરણથી વર્ણન કરે છે

ધવળ ધન્યાગાન જે કરે ઉચ્ચરે શ્રીવિઠ્ઠલજી અવતાર ॥
આ સારસ્વત લીલા તે જન લહે (૧૮)

અર્થ. આ ધોળ ધન્યાશ્રી રાગમાં ગાન કર્યું છે તેમાં પુરૂષોત્તમ સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીની અવતાર લીલાનું વર્ણન કર્યું છે તેનું જે ઉચ્ચાર કરે તેને પ્રભુજીએ સારસ્વત કલ્પને વિષે જે લીલા કરી છે, તેનું અનુભવ થાય તે પછી ઓગણીસમા ચરણથી વર્ણન કરે છે કે–

દાસનો દાસ જાય વારણે બારણે રહ્યોરે ઉત્સવ જુએ ॥
કો એક ભાગ્યવંત તે સમે (૧૯)

અર્થ:—આ તૃતીય આખ્યાનની સમાપ્તિ કરતાં ગોપાલદાસજી કહે છે કે ભાઈલા કોઠારી આપના દાસ તેનો હું દાસ એટલે દાસાનુદાસ તે આપની બલીહારી જાઉં છું વળી આ આખ્યાનના ગાન વખતે ગોપાલદાસજીને આ બધી લીલાના સાક્ષાત દર્શન પણ અનુગ્રહ કરી કરાવ્યા છે તેથી કહ્યું જે બારણે કેતાં દરવાજા ઉપર રહિને એ પ્રાદુર્ભાવોત્સવના દર્શન કર્યા હવે એ સમયમાં એ લીલાની ઝાંખી કરવાવાળા કોણ કોણ ભાગ્યવંત હતા ? સર્વે ભાગ્યવંત હતા.

ચતુર્થ આખ્યાનનું વિવેચન.

તે પદવંદું શ્રીવલ્લભનંદજી ત્રિભુવન મંગલ પરમાનંદજી ॥
સકલ જીવનો ટાળ્યો દ્વંદજી જગમાં વ્યાપ્યો મુખ મકરંદજી (૧)

તે પદ કે જેને વેદ ખોજે છે કઠવલ્લી ઉપનીષદની બીજી વલ્લીમાં કહેલ છે કે બધા વેદો જે પદનો વિચાર કરે છે તે પદ વળી શ્રીભાગવતમાં કહેલ છે કે (अद्यापि यत्पदरजः श्रुतिभि र्विमृग्यं) અર્થ જે પ્રભુજીના ચરણારવિંદની રજને વેદ આજદિન સુધી ખોજે છે એ પદનું વંદન ગોપાલદાસજી કરે છે તે પદ કોનાં છે તો કહે છે કે (શ્રીવલ્લભનંદ) એટલે શ્રી વલ્લભાચાર્યજીના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીના તે કેવા છે કે ત્રિભુવન એટલે સ્વર્ગ મૃત્યુ અને પાતાળ એ ત્રણે ભવનને મંગળ રૂપ છે વળી કેવા છે કે પરમાનંદ રૂપ છે અને બધાયે જીવોનો દ્વંદ કેતાં લૌકિક સુખ દુઃખ અથવા દ્વૈત ભાવને ટાળ્યો વળી જગમાં (આપે મુખારવિંદથી વ્યાખ્યા કરેલ ભાષ્યાદિક રૂપ) મકરંદ ફેલ્યો તે પછી બીજા ચરણથી સૂચન કરે છે કે

સુખદ વંદું શ્રીવલ્લભ સુતના પાદાંબુજ સુકુમાર
નિગમ રહસ્ય વિચાર કીધો સકલજનનિસ્તાર (૨)

અર્થ:—સુખના દેવાવાળા શ્રીવલ્લભસુત શ્રીવિઠ્ઠલનાથજીના ચરણકમલ સુકુમાર છે. ચરણને કમલની ઉપમાં આપી છે પણ કમલ કરતાં વિશેષ કોમળતા સમાયલી છે તેથી સુકુમાર શબ્દ કહેલ છે વળી પ્રકટ થઈને શું કાર્ય કર્યું તેનું વર્ણન કરે છે કે (નિગમ રહસ્ય વિચાર કીધો વેદના રહસ્ય જે શુદ્ધાદ્વૈત વેદાંત અને ફલરૂપ ભક્તિ તેનું વિચાર કર્યું. હવે વિચાર કરવું તો જેને સિદ્ધાંતનું નિશ્ચય ન હોય તેને સંભવે આપ તો પુર્ણ પુરૂષોત્તમ છે તેથી આપને

એ વાત કેમ સંભવે એ શંકાના નિરાકરણ માટે કહે છે કે (સકલજન-નિસ્તાર) સર્વે દૈવી જીવોના ઉદ્ધારાર્થે નિગમ રહસ્યનું વિચાર કર્યો તે પછી ત્રીજા ચરણથી વર્ણન કરે છે કે

બ્રહ્મકુળ હરિ અવતર્યા તે ટાળવા ભૂમી ભાર
શ્રીનાથ વિઠલ નામ નિરૂપમ વૃંદાવન શ્રૃંગાર (૩)

અર્થ:— એ શ્રી વિઠ્ઠલનાથજી હરિસ્વરૂપ છે પણ હમણા બ્રહ્મકુલને વિષે અવતર્યા છે શા માટે કે પૃથ્વી માથે અનેક પાખંડ રૂપ માયામતો ભાર રૂપ પ્રકટ થયા છે તેનો ખંડન કરી તે ભાર ટાળવા અર્થે આપનું પ્રાકટય થયું એ સાક્ષાત શ્રીનાથજીજ છે પણ શ્રીવિઠ્ઠલ એવા નામથી પ્રકટયા છે આપનું નામ નિરૂપમ કેતાં ઉપમાં ન આપી શકાય તેવું છે અને વ્રજ વૃંદાવન આપનું ધામ છે તેના શ્રૃગાર રૂપ છે એટલે શ્રી વૃંદાવન આપનું ધામ હોવાથી જો કે શોભા સંયુકત છે તોપણ આપથકી વિશેષ શોભાવાળું થાય છે તેથી વૃંદાવનના આપ શ્રૃંગાર છે એમ અત્રે વર્ણવ્યું છે તે પછી ચોથા ચરણથી વર્ણન કરે છે કે—

એક રસના કેમ કહું ગુણ પ્રકટ વિવિધ વિહાર ।।
નિત્ય લીલા નિત્ય નૌતન શ્રુતિ ન પામે પાર (૪)

શ્રીવિઠ્ઠલનાથજી શાક્ષાત પુર્ણ પુરૂષોત્તમ સ્વરૂપ હોવાથી તેમના ગુણગણનો પાર નથી અને વિહાર જે રાસક્રીડાદિકનો પાર નથી તેથી શ્રુતી જે વેદ તે પણ પાર પામી શકતો નથી અને શેષજી સહસ્ત્ર રસનાઓથી ગાતાં પણ પાર પામી શકતા નથી તો ગોપાલદાસજી કહે છે કે મારી તો એકજ રસના છે તેથી હું કેમ કહી શકું ? આપની લીલા નિત્ય વળી નિત્ય પ્રતિ નવીન નવીન છે.

તે પછી પાંચમાં ચરણથી વર્ણન કરે છે કે—

સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે પદ સાર માહે સાર ।।
તત્વ માહે તત્વ ત્રિભુવન ભક્તનો આધાર (૫)

સર્વ શાસ્ત્રો પ્રમાણરીતીથી કહે છે અથવા સર્વ શાસ્ત્રોના પ્રમાણરૂપ જે વેદ તે કહે છે કે શ્રીપુરૂષોત્તમ કેવા છે કે સકલ જગતના સારરૂપ જે અક્ષરબ્રહ્મ તેના પણ સારરૂપ છે. સૌથી પરત્વ નિરૂપણ કરીને હવે અંતર્યામિત્વ નિરૂપણ કરે છે કે (તત્વમાંહે તત્વ) અઠયાવીશ તત્વોમાં પણ તત્વરૂપ એટલે (આધિદૈવિકરૂપ) અંતર્યામિત્વ નિરૂપણ કરીને હવે આધારત્વ નિરૂપણ કરે છે કે (ત્રિભુવન ભક્તનો આધાર) ત્રિ. કેતાં ત્રણ દેવ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અને ચૌદભુવન અને ભક્તજન તેના આધારરૂપ છે. તે પછી છઠ્ઠા ચરણથી વર્ણન કરે છે કે—

સર્વે અંગોઅંગ રસભર્યા રસભર્યા લોચન ચાર ।।
ચલણ વલણે બોધવ્યાં હૃદયભાવ અનેક પ્રકાર (૬)

અર્થઃ—શ્રીવિઠ્ઠલનાથજીના સર્વાંગ શૃંગારરસે કરીને પરિપૂર્ણ છે વળી નેત્ર ચારૂ કહેતાં સુંદર છે તે પણ રસભર્યા છે પ્રાસ મેળવવાને ચારૂનું ચાર શબ્દ કહેલ છે અથવા નેત્રો ચાર પ્રકારના રસથી ભરેલા છે. નેત્રમાં જે શ્યામતા છે તે શૃંગારરસ છે તે વ્રજ સુંદરિઓને અર્થે છે અને શ્વેતતા છે તે શાંત રસ છે તે જ્ઞાની-ઓના અર્થે છે અને લાલ ડોરા છે તે રૂદ્ર રસ દુષ્ટોને અર્થે છે અને નેત્રના કિરણ છે તે હેમવર્ણ છે તે વીર રસ તે ભકતોને નિર્ભયતા પ્રાપ્ત કરવાના અર્થે એવી રીતે ચાર રસ યુકત આપના નેત્ર છે. વળી (ચલણ વલણે) એટલે શ્રૃંગાર રસોદ્બોધક દ્રષ્ટિ ચાંચલ્યે

કરીને અનેક પ્રકારના ભાવનો બોધ ભકતોના હૃદયમાં કર્યો તે પછી સાતમાં ચરણથી નિરૂપણ કરે છે કે:—

મુખ સુગંધે મોહ્યા અલી સકલ તે આવી કરેરે ગુંજાર ॥
સરસ વચન ઉચ્ચાર માત્રે સંશયનો પરિહાર (૭)

અર્થ:—શ્રીમુખની સુગંધીયે કરીને મોહિત થયેલા ભ્રમર તે આવીને ગુંજારવ કરવા લાગ્યા હવે અત્રે શ્રીમુખનું અલૌકિક કમલત્વ સૂચન કર્યું. અને ભ્રમરો આવી કરેરે ગુંજાર એમ કહ્યું તેથી સુગંધીનું દૂરગામિત્વ સૂચન કર્યું. અને ભમરાતો મકરંદમાં લુબ્ધ માત્ર થાય મોહિત થાય નહીં પણ અત્રે મોહ્યા શબ્દે કરીને અલૌકિકત્વ સૂચન કર્યું છે હવે બહિરંગ શોભાનું નિરૂપણ કરીને અંતરંગ શોભાનું નિરૂપણ કરે છે (સરસ વચન ઉચ્ચાર માત્રે સંશયનો પરિહાર) સરસ એટલે ભકિતરસથી ભરેલા ઉપદેશ વચન તેના ઉચ્ચાર માત્રે કરીને ભકતોના તમામ સંદેહોનો પરિહાર એટલે નાશ એકજ વખતમાં સંશયની નિવૃત્તિ થાય છે હવે ભકતજનોને મુખારવિંદ રૂપ અલૌકિક કમલની સુગંધ રૂપ ઈષ્ટ સંપાદનપૂર્વક સંશય રૂપ અનિષ્ટની નિવૃત્તી આપ કરે છે. તે પછી આઠમાં ચરણથી વર્ણન કરે છે કે—

નામ વ્યાજે પ્રકટ કીધો મુક્તિ શત્રુકાર ॥
ભુજદંડ સ્પર્શે ભય હર્યા એવા નાથ અમિત ઉદાર (૮)

અર્થ:—નામ જે શ્રીવિઠ્ઠલ તેનું વ્યાજ કેતાં મિષ કરીને (મુકિત શત્રુકાર) કેતા અજ્ઞાનાદિક મિટાવવાનો ઉપાય આપે પ્રકટ કર્યો. મુકિત બ્રહ્મ ભાવ તે વિષે શ્રી ભાગવતમાં કહેલ છે કે (मुक्तिर्हित्वा-न्यथारूपं स्वरूपेण व्यवस्थितिः) જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગો ઉડે છે

તે અગ્નિના અંશ છે તેમ પ્રભુમાંથી જીવ ઉત્પન્ન થયા છે તે બધા પ્રભુના અંશ જ છે તેને અવિદ્યા લાગી તેથી તે પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે તેથી શરીરને પોતે કરી માને છે. હવે અન્યથા રૂપથી શરીરાદિકનો અભિમાન છોડીને જ્યારે એ જીવ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થાય એટલે હું પ્રભુનો અંશ છું અભિન્ન છું એમ જાણે ત્યારે તેની મુક્તિ કહી જાય. તો આ શ્લોકમાં નિરૂપણ કરી છે એવી મુક્તિ તેનો (શત્રુકાર) તે અજ્ઞાન તેનો નાશ કરે છે અર્થાત શ્રીવિઠ્ઠલ એવા નામોચ્ચારણ માત્રથી અજ્ઞાનરૂપ અનિષ્ટ નિવૃતી અને જ્ઞાનરૂપ ઇષ્ટ પ્રાપ્તિ થાય છે અને ભક્તજનો માથે પોતાનો શ્રીહસ્ત ધરે છે તેથી તેના ભય હરાઈ જાય છે.

તે પછી નવમાં ચરણથી વર્ણન કરે છે કે:-

સ્વ સ્વરૂપ અર્થે પ્રોજીયા કૃત હુતા જે સંસાર ||
રાજકાજે જોડિયા જન ઉચાવચ નરનાર (૯)

અર્થ:—જે જનો અહંતામમતાત્મક સંસારમાં જ આસક્ત હતા તેમને શુદ્ધાદ્વૈત વેદાંતનો ઉપદેશ કરીને પોતાના સ્વરૂપનો બોધ કરાવ્યો એટલે હું પુરૂષોતમનો અંશ છું તેથી પુરૂષોતમનો દાસ છું પુરૂષોતમ મારા પ્રભુજી છે તે દેવાધિદેવ રાજાધિરાજ છે તેમના કાર્યમાં એટલે પ્રભુ સેવામાં (અહંતામમતાત્મક સંસારની આસક્તિ છોડાવીને) જોડયા કોને જોડયા તો કહે છે ઉચનીચ સ્ત્રી સુદ્રાદિકને સર્વેને જોડયા તે પછી દશમા ચરણથી વર્ણવે છે કે

આગળ અંશે પ્રકટિયાં તે ગ્રંથ કહ્યા બહુવાર
શ્રીયશોદા ઉત્સંગ લાલિત પૂરણ અતિ સુકુમાર (૧૦)

અર્થ:—પ્રભુજી પહેલા અંશાવતારે તથા કલાવતારે પ્રકટ થયા છે તેનો પ્રસંગ વેદશાસ્ત્ર પુરાણાદિકને વિષે બહુવાર કહેલો છે પણ શ્રીયશોદોત્સંગ લાલિત જે પુરૂષોતમ છે તે પૂર્ણ પુરૂષોત્તમ છે. અને અત્યંત સુકુમાર છે તે પછી અગ્યારમાં ચરણથી વર્ણન કરે છે કેઃ—

અનેક ધર્મ કહ્યા તે પ્રભુજીયે નિગમને અનુસાર ॥
ગિરિરાજધરનો તાપ ટાળ્યો શ્રીલક્ષ્મણ સુત નિરધાર (૧૦)

અર્થ:—અનેક કેતાં વિવિધ પ્રકારના ધર્મ તે વેદાધ્યયનાધ્યાપનાદિક અને ગુરૂ શુશ્રૂષાયજ્ઞાદિક અને જ્ઞાન માર્ગીયના ધર્મ અને ભકિતમાર્ગીયના ધર્મ તે સર્વ પ્રભુજીયે કહ્યા નિગમ કેતાં વેદને અનુસાર કહ્યા અને તે પ્રમાણે આચરણ પણ કર્યું હવે ધર્મ તો જેને ફલની ઈચ્છા હોય તે કરે જ્ઞાની નહીં કરે તે વિષે કોઈ મહાનુભાવીયે કહેલ છે કે–(**निस्त्रैगुण्ये पथि विचरतां को विधिः को निषेधः**) અર્થ સાત્વિક રાજસ તામસ એ ત્રણે ગુણથી રહિત જે નિર્ગુણ ભકિતમાર્ગ તેમાં વિચારવાવાળાને શું વિધિ કે શું નિષેધ? એ કશુંય નથી તો અત્રે આપે ધર્મ કેમ કહ્યા છે કાંઇ ફલની ઇચ્છા હશે એ શંકાના નિવારણાર્થે (પ્રભુજીયે) એ શબ્દ અત્રે કહેલ છે તેથી સૂચન કર્યું જે આપ તો પ્રભુ છે સર્વ સમર્થ છે તેથી આપને ફલની ઈચ્છા નથી પણ આપ તો સદા જગતના હિતાર્થ ધર્મોપદેશ કરે છે અને આચરણ પણ કરે છે **स्वदासार्थकृताशेष साधनः**) અને (**सर्व शक्तिधृक्**) એ આપના નામો છે. હવે ગિરિરાજધર જે શ્રીપુરૂષોત્તમ તેનો તાપ ટાળ્યો કોણે કે લક્ષ્મણ સુતે એટલે શ્રીવલ્લભાચાર્યજીયેં ટાળ્યો એ પ્રસંગ નિશ્ચય છે એમાં સંદેહ

નથી એ નિરધાર શબ્દથી સૂચન કર્યું છે. આ પ્રસંગનો ફલિતાર્થ એ છે કે આપે ગૃહસ્થાશ્રમનો અંગીકાર કર્યો ત્યારે આપને ત્યાં પુરૂષોત્તમ શ્રીવિઠ્ઠલનાથરૂપથી પ્રકટ થયા ત્યારે પુરૂષોત્તમના મનનો તાપ મિટયો અને શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગ આપે પ્રકટ કર્યો તેથી પણ પ્રભુનો તાપ મિટયો અને લક્ષ્મણ સુત કહ્યું તેથી લક્ષ્મણ ભટજીના મનનો તાપ પણ નિવારણ કર્યો હવે એ રીતીથી તો પુરૂષોત્તમત્વ તો કેવલ શ્રીવિઠ્ઠલનાથજીનું સિદ્ધ થયું પણ શ્રીવલ્લભાચાર્યજીને તો વસુદેવાદિકની તુલ્યતા થઇ એ શંકાનું નિવારણ અગ્યારમાં ચરણથી કરે છે કેઃ-

પોતે તે પ્રકટ પોતા તણો રસતણો કર્યો રે ઉચ્ચાર ॥
પોતે તે અંગો અંગ સુખદ શોભા સદન અંગીકાર (૧૧)

અર્થ:—શ્રીવિઠ્ઠલનાથજી જે પ્રકટયા છે તે પોતાનું જ પ્રાકટય છે એટલે શ્રીવલ્લભાચાર્યજી પોતે પણ પુરૂષોત્તમ જ છે લૌકિક જેમ પિતા પુત્રમાં તારતમ્ય થાય છે તેવું અત્રે નથી પિતા પુત્ર બન્ને પુરૂષોત્તમ રૂપ છે હવે પ્રકટ થઇને શું કર્યું? તે કહે છે કે (પોતા-તણો રસતણો કર્યો રે ઉચ્ચાર) આપનું રસ જે સુબોધિન્યાદિક ગ્રંથ રૂપ શબ્દ તેનો ઉચ્ચાર કર્યો અર્થાત ભાષ્ય સુબોધિન્યાદિક ગ્રંથ પ્રકટ કર્યા અને તેનો ઉચ્ચાર કર્યો એમ કહેવાથી તે ગ્રંથોનું નિત્યત્વ સૂચન કર્યું હવે (પોતા તણો રસતણો કર્યો રે ઉચ્ચાર) આપનું રસ તે ભક્તિ રસ તેનું નિરૂપણ કર્યું તેથી સર્વોત્તમજીમાં (भक्त्याचारोपदेष्टा) અને भक्त्याचारोपदेशार्थ नाना वाक्य निरूपकः) એ આપના નામો છે અને ભક્તિનું રસત્વ તો શ્રીભાગવતમાં (पिबत भागवतं रसमालयं) એ સ્થલને વિષે તથા બીજે અનેક

સ્થળે નિરૂપણ કરેલ છે. હવે જ્ઞાન કાર્યનું નિરૂપણ કરીને સૌંદર્યનું નિરૂપણ કરે છે (પોતે) તે શ્રીવિઠ્ઠલનાથજી આપ તે કેવા છે (અંગો અંગ સુખદ શોભા) આપના સર્વાંગને વિષે સુખદ શોભા કેતાં બ્રહ્માનંદ ભજનાનંદરૂપી સુખને દેવાવાળી અલૌકિક શોભાને આપે અંગીકાર કરી છે હવે સૌંદર્યનું નિરૂપણ કરીને સૌંદર્યની સાર્થકતા ગૃહસ્થાશ્રમથી છે તો સદન નાગ ગૃહ કેતાં ગૃહસ્થાશ્રમ તેનો અંગીકાર આપે કર્યો છે હવે બારમા ચરણથી સૂચન કરે છે.

સ્કંધ સંખ્યાયે કહ્યા પદ શ્રીભાગવત રસરાજ ॥
ભક્તજન પદ રજપ્રતાપે સકલ સરિયાં કાજ (૧૨)

અર્થ:—શ્રીમદ્ ભાગવતના સ્કંધ દ્વાદશ છે તેવી રીતે આ ચાતુર્થાખ્યાનનાં ચરણબાર છે તે કેવા છે કે શ્રીભાગવતમાં જેમનું યથાસ્થિત નિરૂપણ છે એવા જે રસરૂપ જે પુરૂષોત્તમ તેમનું રાજ કેતા પ્રકાશ કરવાવાળી એ બારેતુક છે વેદવ્યાસજીયે સમાધી દ્વારા દ્વાદશાંગ પુરૂષોત્તમ સ્વરૂપનો અનુભવ કર્યો તે સ્વરૂપનો અનુભવ કરાવવાવાળી આ બારેતુક છે અથવા દ્વાદશ સંખ્યાથી એ તુકોને દ્વાદશાત્મક સૂર્યત્વ સૂચન કર્યું. ઉપર કહેલી બારે તુક તે (પદ શ્રીભાગવત રસરાજ) પદ તે શ્રીપુરૂષોત્તમના ચરણ તેના રાજ કેતાં પ્રકાશક એથી પદને કમલત્વ સૂચન થયું કેમ જે કમલોને દ્વાદશાત્મા સૂર્ય પ્રકાશ કરે છે અથવા પદ કેતાં જ્ઞાન તેના પ્રકાશક સૂર્ય પણ વેદાત્મક છે તેથી જ્ઞાન પ્રકાશક છે ત્યારે ષડગુણ ઐશ્વર્યના પણ પ્રકાશક છે તે કેમજે અજ્ઞાને કરીનેજ ષડ-ગુણ ઐશ્વર્ય લુપ્ત થયા છે તે જ્ઞાને કરીને ઉદ્‌ભૂત થાય છે આ પ્રકાર વિદ્વન મંડનમાં અને ભાષ્યાદિ ગ્રંથોમાં નિરૂપણ કરેલ છે હવે એટલો ફલ તો મર્યાદામાર્ગીયોને પણ પ્રાપ્ત થાય છે તો ભક્તોને એથી અધિક પુષ્ટિ ફલ શું થાય

છે કે (ભાગવત રસરાજ) ભગવાન જે ૫ડ્ ગુણ ઐશ્વર્યવાન પુરૂષોત્તમ તેમનું રસ જે ભક્તિરસ તેના પણ રાજ કેતાં પ્રકાશક આનું ફલિતાર્થ એ છે જે આ આખ્યાનના ગાનથી અજ્ઞાન રૂપ અનિષ્ટ નિવૃત્ત થઇને જ્ઞાન દ્વારા અલૌકિકૈશ્વર્ય રૂપ ફલની પ્રાપ્તી થાય અને જ્ઞાનનું પરમ ફલ જે પ્રેમલક્ષણા ભક્તિ તેની પ્રાપ્તી થાય. હવે એવો પદાર્થ કરવાની શક્તિ તમોને કેમ થઇ? એ શંકાના નિવારણ માટે ગોપાલદાસજી આગળ કહે છે કે (ભક્તજન પદરજ પ્રતાપે) ભક્તજન જે ભાયલા કોઠારી પ્રભૃતિ સર્વ ભગવદ ભક્તો તેમની પદરજ કેતાં ચરણ સંબંધી જે રજ તેના પ્રતાપથી અથવા ભક્ત છે જન જેમના એવા પૂર્ણ પુરૂષોત્તમ શ્રીવિઠ્ઠલનાથજી તેમના ચરણ સંબંધી રજના પ્રતાપે મારા સર્વ કાર્ય સિદ્ધ થયા. ભાવાર્થ એ જે પૂર્ણ પુરૂષોત્તમ શ્રીવિઠ્ઠલનાથજી મારા હૃદયમાં પધારીને એ કાર્ય કર્યું નહીંકાં મારૂં શું સામર્થ્ય જે એ કાર્ય હું કરી શકું એમની કૃપાથી હું કૃતકૃત્ય થયો અને એ બારે તુકોમાં ગુપ્ત રીતીથી શ્રીભાગવતના બારે સ્કંધોનું મુખ્ય સારભૂત અર્થ વર્ણન કર્યું છે.

આ ચતુર્થાખ્યાનમાં શ્રીગુસાંઇજીને ભક્તોનું અનિષ્ટ નિવૃત્ત કરીને ઇષ્ટ સંપાદકત્વ નિરૂપણ કર્યું હવે પંચમાખ્યાનમાં શ્રીગુસાંઇજીને સ્વતંત્ર માર્ગ પ્રકાશકત્વ નિરૂપણપૂર્વક સ્વરૂપ નિરૂપણ કરીયે છીયે પંચમાખ્યાનનું રાગ સામેરી છે તેથી એ રાગમાં પંચમાખ્યાનનું ગાન કરવાનું કારણ કે ગોપાલદાસજીને શ્રીગુસાંઇજીના દર્શન નિત્ય રાસલીલા વિશિષ્ટ પુરૂષોત્તમના થયા રાસલીલાનું સમય રાત્રી છે અને રાત્રીનું રાગ સામેરી છે તેથી એ રાગમાં ગાન કર્યું.

પંચમાખ્યાનનું વિવેચન.

શ્રીવિઠ્ઠલ સુખકારી નામે નિષ્પાપ થાય નરનારી ॥
દુર્ગતિ સકલ નિવારી પ્રકટયાં શ્રીવ્રજપતિ રાસબિહારી (૧)

અર્થ:—શ્રીવિઠ્ઠલ જે શ્રીસ્વામિન્યાદિક તેણે કરીને સદા યુક્ત નિઃસાધન જન હિત કર્તા પુરૂષોત્તમ તે કેવા છે (સુખકારી) નિરવધિ આનંદદાતા એજ અભિપ્રાય બ્રહ્મવલ્લી ઉપનિષદમાં નિરૂપણ કર્યું છે હવે નિરવધિ આનંદ કયા પ્રકારથી આપે છે તે કહે છે કે (નામે નિષ્પાપ થાય નરનારી) શ્રીવિઠ્ઠલ એવું જે નામ લેવાથી બ્રહ્મજ્ઞાન થાય છે તે બ્રાહ્મણ વર્ણ અને પુરૂષ વ્યક્તિ વિના ન થાય તેથીજ મુચુકુંદ રાજાનો બ્રાહ્મણ જન્મ થયા પછી મોક્ષ થયો અને શ્રીગુસાંઈજી તો પુષ્ટિ પુરૂષોત્તમ છે તેથી પોતાના નામોચ્ચારણ માત્રથી સ્ત્રી પુરૂષાદિક સર્વને નિષ્પાપ કરે છે. એ પ્રસંગ અજામિલ આખ્યાનમાં સ્પષ્ટ છે હવે નામોચ્ચારણ માત્રથી પાપ નિવૃત થયા તેની ખબર કેમ પડે તેનું નિશાન બતાવે છે કે (દુર્ગતિ સકલ નિવારી) દુર્ગતિ જે દુઃખ તે સર્વ નિવારણ કર્યા ભાવાર્થ એ જે દુઃખ છે તે પાપનું ફલ છે અને પાપ પૂર્વ અદશ્ય છે તેથી જ્યારે દુઃખ નિવૃત્ત થઇને અલૌકિક સુખ આ લોકમાં જ્યારે મળે ત્યારે જાણવું જે પાપ નિવૃત્ત થયા એ અનુભવ જેના માથે શ્રીગુસાંઈજી કૃપા કરે તેને સ્પષ્ટ થાય છે એવી રીતે પુષ્ટિકાર્ય કરવાને માટે અંશાવતાર ન થયો નિત્યલીલા વિશિષ્ટ પુર્ણ પુરૂષોત્તમજ પ્રકટયાં તે કહે છે કે (પ્રકટયા શ્રીવ્રજપતિ રાસ બિહારી) શ્રી યુક્ત કેતાં સહસ્ત્રાવધિસ્વામિન્યાદિકે કરીને યુક્ત એવું જે વ્રજ તેના પતિ રાસને વિષે વિહાર કરવાવાળા પ્રભુજ પોતે શ્રીવિઠ્ઠલ સ્વરૂપથી પ્રકટ થયા. અથવા વિઠ્ઠલ જે પુર્ણપુરૂષોતમ

તેના નામે કેતાં ભગવન્નામરૂપ વડે કરીને નર નારીપણાંને પ્રાપ્ત થાય વેદથી તો અધ્યયન પૂર્વકસૂત્ર ભાષ્યદ્વારા શબ્દજ્ઞાન થાય પછી મનન નિદિધ્યાસે કરીને નિષ્પાપ થાય કેતાં અવિદ્યાનું સંબંધ છૂટીને અક્ષર બ્રહ્મ રૂપ થાય ત્યારે પ્રભુજી તેને સ્વીયત્વ કરીને વરે ત્યારે નર જે જીવ તે નારી થાય એનું ભાવાર્થ એજ પ્રભુ સ્વીયત્વ કરીને વરે ત્યારે એના હૃદયમાં પ્રેમ લક્ષણા ભકિત ઉત્પન્ન થાય ત્યારે એને એવું સ્ફુરે જે હું ઉપભોગ્ય છું અને પુરૂષોત્તમ પતિ છે એ અભિ· પ્રાયથી કહ્યું નરનારી વળી દુર્ગતિ જે હૃદયમાં ભગવદાવિર્ભાવ થવાના પ્રતિબંધોને નિવારણ કર્યા એટલે હૃદયમાં ગોલોકપતિ રાસવિહારીના દર્શન થયા હવે દ્વીતીય ચરણથી વર્ણન કરે છે કેઃ—

માયિક મત જેણે ખંડયો ભક્તિમાર્ગ જેણે બહુ પેરે મંડયો ॥
ઉત્પથજન સર્વે દંડયો મૂરખ હેતુ કુશબ્દ વિતંડયો (૨)

અર્થઃ—માયાવાદિઓના મતને ખંડન કર્યું અને ભકિતમાર્ગનું જેમણે બહુ પ્રકારથી મંડન કર્યું અને ઉત્પથ કેતાં વેદબાહ્ય બૌદ્ધાદિક મત અને એ મતોની વૃદ્ધિ કરવાવાળા જે જન તેમને દંડ આપ્યું શું દંડ આપ્યું તે કહે છે કે (મૂરખ હેતુ) મૂરખપણા અને અજ્ઞાનનો હેતુ એવો જે કુશબ્દ કેતાં કુત્સિત કલ્પના જેમાં છે એવી તેમના ગ્રંથ રૂપ વાણી તેને વૈદિક મતાનુસાર યુક્તીયે કરીને વિતંડયો એટલે એ વિતંડાવાદ છે એવું આપે સ્થાપન કર્યુ (શંકા) એ બધા કાર્ય પ્રથમ શ્રીવલ્લભાચાર્યજીયે કરેલા છે તો પછી એમણે ફરીવાર કેમ કર્યા (પ્રત્યુત્તર) શ્રીવલ્લભાચાર્યજીયે શ્રીગુસાંઈજીને સ્વતંત્રતાથી આચાર્યત્વ ભૂતલમાં પ્રસિદ્ધ કરવા જે જે અંશ રાખ્યા તે શ્રીગુસાંઈજીયે પૂર્ણ કર્યા. હવે અવતાર કાર્ય નિરૂપણ કરીને આપના મુખ્ય સ્વરૂપનો નિરૂપણ ત્રીજા ચરણથી કરે છે કેઃ—

વદન સુધાકર જોતે વચન સરસ રસ રાસ ઉદ્યોતે ॥
નવજલઘન વપુપોતે ભક્તિ સરસ કીધાં પ્રભુ હોતે (૩)

અર્થઃ—(વદન સુધાકર જોતે) એટલે વદન કેતાં મુખનો પ્રકાશ ચંદ્ર જેવો છે તે મુખથી (વચન ઉદ્યોતે) તે ગ્રંથ રૂપ વચન નીકળે છે તે સુધા કેતાં અમૃત જેવા (સરસ રસ રાસ) સરસ કેતાં સર્વથી ઉત્તમ અથવા શ્રૃંગારાદિ સર્વ રસ સહિત એવા જે પુરૂષોત્તમ તેનું રસ તે ભકિત રસ તેના રાસ કેતાં સમૂહરૂપ વચન છે એનું ભાવાર્થ એ છે જે આપના વચન સાંભળવા માત્રથી જીવોને ભગવદ ભકતી ઉત્પન્ન થાય છે હવે શ્રીમુખને ચંદ્રમાની ઉપમાં આપી તેથી એ સૂચન કર્યુ જે ચંદ્ર દર્શન માત્રે કરીને સૂર્યનો તાપ મીટાવે છે અંધકાર મિટાવે છે શીતલતા કરે છે અને પોતાની સુધાથી ઔષધીનું પોષણ કરે છે તેવી રીત આપ પણ મુખચંદ્રના દર્શન માત્રથી વિપ્રયોગનું તાપ મિટાવે છે અજ્ઞાનરૂપી અંધકાર મિટાવે છે અને વચનામૃતે કરી ભકતજનનું પોષણ કરે છે એ હિસાબે આપનું ગૌર વર્ણ હશે એવી શંકાના સમાધાનમાં કહે છે કે (નવજલઘન વપુ પોતે) શ્રીમુખ તો ચંદ્રમા જેવું છે અને પોતે આપ કેવા છે કે નવીન મેઘના જેવા શ્યામ છે શ્રીઅંગ જેમનું વળી જેમ ઘન આવતાં વેત રસ વૃષ્ટિ કરે છે આપ કીયા રસની વૃષ્ટિ કરે છે (ભક્તિ સરસ કીધા પ્રભુ હોતે) હોતે એટલે પ્રકટ થઇને ભક્તિયે કરીને સૌ દૈવી જીવોને સરસ કીધાં તેથી ભક્તિનું રસત્વ દ્યોતન કર્યું હવે ભક્તિરસથી સરસ કયા પ્રકારથી કર્યાં તે ચોથા ચરણથી વર્ણન કરે છે કેઃ—

ભક્તિ પક્ષ દ્રઢ કીધો વચન સુધારસ જન શ્રુતિ પીધો ॥
અર્થ સકલ તેનો સીધો તે લીલા માહે તાણીને લીધો (૪)

અર્થઃ—ભક્તિમાર્ગને ગ્રંથો દ્વારા ભક્તોના હૃદયમાં દૃઢ સ્થાપન કર્યું કેવી રીતે કર્યું તે કહે છે કે (વચન સુધારસ) વાણીરૂપી અમૃત-રસને આપના જનોયેં (જન શ્રુતિ પીધો) કાનોયે કરીને પીધું અને તે વચન કેવા છે (અર્થ સકલ તેનો સીધો) જેનો શબ્દાર્થ વાક્યાર્થ સરલ છે તેથી જીવને શ્રવણ માત્રથી તુરત બોધ થાય અથવા આપના વચનામૃત વેદરૂપ છે વેદનું સિદ્ધાર્થ વાદીત્વ તો પૂર્વ મીમાંસા ભાષ્યાદિકમાં શ્રીવલ્લભાચાર્યજીએ નિરૂપણ કરેલો છે અથવા આપના વચન સાંભળે તેના સઘળા અર્થ સરી જાય. કીયા મનોરથ સરે તે કહે છે કે (તે લીલા માહે તાણીને લીધો) જેમણે આપના વચના-મૃત સાંભળ્યા તેને લીલામાં ખેંચી લીધો. હવે નિત્યલીલામાં તાણીલીયે તેને શું ફલ મળે છે તે નિરૂપણ પાંચમાં ચરણથી કરે છે.

ઢાલ

જે લીલા માહે અંગીકૃત કરીયો તેનો સકલ તાપ નિસ્તરિયો ॥
જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે તેને પ્રકટ પદારથ ચારે (૫)

અર્થઃ—જે ભક્તને લીલામાં અંગીકાર કર્યો તેના સર્વ તાપ નિવૃત થયા હવે (જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે) જેને એ જીવ મારો છે એમ શ્રીગુસાંઇજી વિચારે તેને (પ્રકટ પદારથ ચારે) પુષ્ટિમાર્ગીય ચતુર્વિધ પુરૂપાર્થ પ્રત્યક્ષ પ્રાપ્ત થાય એ પ્રસંગ વૃત્રાસુર ચતુઃશ્લોકીની વ્યાખ્યામાં કહેલ છે કે

पुष्टिमार्गे हरेर्दास्यं धर्मोर्थो हरिरेवहि ॥
कामोहरेर्दिदृक्षैव मोक्षकृष्णस्य चेध्रुवम्

એ શ્લોકમાં નિરૂપણ કરેલ છે એનું ફલિતાર્થએ જે જેનો નિત્ય લીલામાં અંગીકાર કરે છે તેના સર્વ અનિષ્ટ નિવૃત

કરીને તેને આપ્ત કામ કરે છે. હવે અનિષ્ટ નિવૃતિ પૂર્વક આપ્તકામપણું મર્યાદાદિક મોક્ષમાં પણ થાય છે પણ અહિંયાં એથી અધિક ફળ છે તે છઠ્ઠા ચરણથી નિરૂપણ કરે છે

ઉપરાંત ભજન ફલ આપે વ્રજ મંડલ સ્થિર કરી સ્થાપે ।।
તેને દેવમુની સર્વે ગાયે તે સર્વ ઉપરાંત સુહાયે (૬)

અર્થ—લીલામાં અંગીકાર થયા ઉપરાંત ભગવદ્ ભજન રૂપ ફલ અથવા ભજસેવાયાં ધાતુનું ભજન શબ્દ છે તેથી ભજન જે સેવા તે રૂપી ફલ આપે છે એટલે નામ સ્મરણનું અને શ્રીઅંગ સ્પર્શાદિક આપે છે એવું ફલ મળ્યા પછી (વ્રજ મંડલ સ્થિર કરી સ્થાપે) નિત્ય લીલાસ્થાનને વિષે તેને સ્થિર કરીને રાખે છે (તેને દેવ મુની સર્વે ગાયે) તે ભક્તને દેવ મુનીઓ અને બીજા બધે તેના યશનું ગાન કરે છે તેથી તે ભક્ત (સર્વ ઉપરાંત સુહાય) બ્રહ્માદિકથી પણ અધિક શોભે છે એ તુકનું ફલિતાર્થ એ જે પરમ ફલ તેને પ્રાપ્ત થાય અને બ્રહ્માંડમાં તેનો યશ થાય. હવે પુષ્ટિમોક્ષ થયા પછી ભક્તને ભજન સેવા શ્રીઅંગનું સ્પર્શ ઈત્યાદિક ફલ થાય છે તે દેહ વિના ન સંભવે અને જેને દેહ હોય તેને જરાવસ્થા પ્રારબ્ધ મૃત્યુ ઇત્યાદિક બાધ કર્યા વિના રહે નહી એ શંકાનું નિવારણ સાતમાં ચરણથી કરે છે.

તેહેને કાલ કર્મ નવબંધે યમ તે શિર ધનુષ ન સંધે ।।
એવો મારગ શ્રીવલ્લભવરનો જહાં નહી પ્રવેશ વિધિહરનો (૭)

અર્થઃ—જેને નિત્યલીલાની પ્રાપ્તિ થઈ તેને કાલ તે જરાદિક અને કર્મ તે પાપપુણ્ય પ્રારબ્ધ બાધ ન કરે એ તો સ્વર્ગલોકમાં અને બ્રહ્મલોકમાં બાધ નથી કરતા તેથી આંઈ અધિક શું ? એ શંકાના નિવારણાર્થ કહે છે કે (યમ તે શિર ધનુષ ન સંધે) સ્વર્ગમાં તો

ક્ષીણ પુણ્ય થાય ત્યારે મૃત્યલોકમાં પડે (क्षीणे पुण्ये मृत्युलोके विशंति) એ ભગવદ્ વાક્ય છે અને મહા પ્રલયમાં તો ઇંદ્રાદિકનું તથા બ્રહ્મલોક પર્યંતનો પણ લય થાય અને નિત્ય લીલાસ્થ ભક્તને યમનું પણ ભય નહીં હવે આ ઠેકાણે યમ તે શિર ધનુષ ન સંધે એમ કહેવાનું કારણ એ છે જે લૌકિક જીવ તુચ્છ છે તેની આગળ યમ પોતે શા માટે જાય પોતાના પાર્ષદને મૂકે પણ નિત્યલીલાસ્થ જીવ તો ઉત્તમોઉત્તમ છે જેમ ભગવદ્ સ્વરૂપ સદેકરસ આનંદરૂપ છે તેથી તેવાની પાસે પોતાના દૂતને ન મોકલતાં યમરાજા પોતે કદાચિત આવીને તેની દેહને બાધા કરતો હશે ? એ શંકા નિવારણાર્થે કહ્યું જે યમ તે શિર ધનુષ ન સંધે એટલે ત્યાં યમની ગતી નથી એવું થયું પણ બ્રહ્માદિક તો યમાદિકથી મોહોટાં છે તેની ગતી હશે એ શંકાના નિવારણાર્થે કહે છે કે–(જ્યાં નહીં પ્રવેશ વિધિ હરનો એવો મારગ શ્રીવલ્લભવરનો) એટલે ત્યાં વિધિ નામ બ્રહ્મા અને હર નામ મહાદેવજીનો પ્રવેશ નથી તો બીજાનો ક્યાંથી હોય એવો શ્રીમદ્વલ્લભનો માર્ગ છે જેમાં આવું ઉત્તમ ફલ મળે છે ત્યાં શંકા થાય કે આસુરી જીવ પણ એ માર્ગમાં શરણ આવતા હશે દેહને પણ આ ઉત્તમ ફલ મળતું હશે તે વિષે ગીતાજીમાં અર્જુન પ્રતિ ભગવાને કહેલ છે કે (मामप्राप्यकौंतेय ततोयांत्यधमां गतिं) એ વાક્યને વિરોધ આવે તેથીજ કહેલ છે કે (તહાં નહી પ્રવેશ વિધિ હરનો) વિધિ તે વેદોક્ત વિધિ તેના હર કેતાં તેને બાધ કરવાવાળા જે આસુરી જીવ તેનો એમાં પ્રવેશ નથી તો અલૌકિક ફળ તેહને ક્યાંથી મળે એ તુકનું ફલિતાર્થ એ જે નિત્યલીલાની પ્રાપ્તી થયા પછી કાલાદિકનું ભય નહીં અને શ્રીમદ્વલ્લભાચાર્યજીની શરણ વિના એ ફલ મળે નહીં. આસુરીજીવ વિધિપૂર્વક શરણ આવે નહીં વિધિપૂર્વક એટલે શ્રીમહાપ્રભુજીને સાક્ષાત પુરૂષોતમ જાણીને અને

એકજ પ્રભુનો દૃઢાશ્રય રાખીને તે વિષે ગીતાજીમાં પ્રભુજીયે કહેલ છે કે–(मामेकं शरणं व्रज) વળી શ્રીભાગવતમાં કહેલ છે કે–(मामेकमेव शरणमात्मानं सर्वदेहिनां याहि सर्वात्मभावेन भक्त्यैक येशं गुरुदेवतात्मा) ઈત્યાદિક સ્થળોમાં કહેલ છે આવિ વિધિપૂર્વક શરણાગતિ આસુરીજીવને ક્યાંથી મળે (શંકા) લૌકિકદેહ તો પંચમહાભૂતનો છે અને શુક્રશોણિતના યોગથી ઉત્પન્ન થયેલો છે ત્યારે અલૌકિકદેહ કીયા પદાર્થનું થાય છે, કેમ થાય છે, (પ્રત્યુત્તર) બહુ સારૂં તમે પ્રશ્ન કર્યું એનો (પ્રત્યુત્તર) જ્યારે જીવ મુક્ત થઈને આ લોકમાંથી ભગવલ્લોકમાં જાય છે ત્યારે શ્રીયમુનાજી ભગવદ્સ્વરૂપથી અભિન્ન જે ભગવદ્ ચરણારવિંદની રજ તેણે કરીને લીલોપયોગી દેહને જીવનું નિર્માણ કરે છે પછી લીલોપયોગી દેહથી અભિન્ન થઈને એ જીવ સર્વદા લીલાનું અનુભવ કરે છે. તેથી તે દ્વૈત પણ નહીં અને કાલાદિકનું બાધ પણ નહી આ પ્રકાર સર્વ રૂગ્વેદની કૌપીતકિ બ્રાહ્મણ પ્રભૃતિ ઉપનીષદોમાં નિરૂપણ કરેલું છે તેમજ શ્રીગુસાંઈજીયે આનંદમયાધિકરણના બીજા વર્ણકમાં સ્ફુટ નિરૂપણ કરેલું છે એ રીતે પુષ્ટિ મુક્તિનું સ્વરૂપ નિરૂપણ કરીને હવે નિત્યલીલા સ્થાનનું નિરૂપણ આઠમાં ચરણથી કરે છે.

જહાં નિત્ય રાસ બહુ પેરે મધ્ય નાયક નૃત્યત ઘેરે ॥
જહાં રત્નજડિત તટ સરિતા નવ પલ્લવ ભૂમી હરિતા (૮)

અર્થઃ—જ્યાં એટલે નિત્યલીલાસ્થાન જે વ્યાપી વૈકુન્ઠ ત્યાં નિત્ય રાસ થાય છે તે પણ ઘણા પ્રકારથી થાય છે અને બજ્જએ વ્રજ ભક્તના વચમાં નાયક તે પુર્ણ પુરૂષોત્તમ ઘેરદાર કાછનીનું વાગો ધારણ કરીને નૃત્ય કરે છે. હવે કાછની તો ઉપલક્ષણ રીતીથી કહી પણ રાસલીલોચિત બધાયે વસ્ત્રાભરણ ધારણ કરીને સર્વદા

નૃત્ય કરે છે અથવા (ઘેરે) એટલે વ્રજ ભક્તોના સમૂહમાં નૃત્ય કરે છે અને ત્યાં રત્નોયેં કરીને જડિત બન્ને તટો છે એવા શ્રીયમુનાજી ત્યાં છે એટલે જલ ક્રીડોપયોગી સર્વ પદાર્થો ત્યાં છે એવું સૂચન કર્યું હવે સ્થળ ક્રીડોપયોગી વૈભવ કહે છે (નવ પલ્લવ ભૂમિ હરિતા) નવા કોમલ પત્તા દરેક વૃક્ષમાં લાગી રહ્યા છે. અને સર્વ ભૂમી (વૃક્ષોની હરિયાલીથી અને તૃણાદિકથી) હરી થઈ રહી છે. પ્રભુ તથા સ્વામિનીજી એ ભૂમીમાં સર્વત્ર ક્રીડા કરે છે તો પ્રભુજીની ક્રાંતિ શ્યામ અને શ્રીસ્વામીનીજીની કાંતિ પીરી એ બેરંગ મળે તો હર્યો રંગ થાય તેથી બન્નેની કાંતીની હરીયાળી પણ ભૂમી માથે છાઈ રહી છે. હવે નવમાં ચરણથી વર્ણન કરે છે.

જહાં ધાતુ રત્નગિરિરાજે વાદિત્ર વિવિધ પેરે વાજે ॥
જહાં યુવતી યૂથ બહુમાંય ॥ શ્રીજી શ્યામલ વરણ સુહાયે (૯)

અર્થ—ઉપલા ચરણમાં છેલે વનની શોભાનું વર્ણન કરીને હવે પર્વતની શોભા કહે છે કે ભગવદ્ધામમાં અનેક પ્રકારના રત્નોયે કરીને તથા સુવર્ણાદિક ધાતુયે કરીને યુક્ત એવા શ્રીગીરિરાજજી શોભી રહ્યા છે વળી ત્યાં નૃત્યના ઉપયોગી વાજીંત્રો નાના પ્રકારથી વાગી રહ્યા છે અને ત્યાં વ્રજ ભક્તોના અનેક યૂથના મધ્યમાં શ્યામલવરણ કેતાં સાંવરા રંગના શ્રીજી શોભી રહ્યા છે પછી દશમાં ચરણથી વર્ણન કરે છે કેઃ—

એણીપેરે શ્રીગુસાંઈજીને જાણે જાણી અહર્નિશ ગાયે વખાણે ॥
તે જીવ જાત હોય કોઈ તેને તત્ક્ષણ સર્વ સુખ હોય (૧૯)

અર્થ—પેહલાં વર્ણન કર્યાં તેવા પ્રકારના શ્રીગુસાંઈજીને જાણે એમ અત્ર કહ્યું પણ ગોલોકને જાણે એમ ન કહ્યું તેનું કારણ કે

લીલા સામગ્રી સરવે પુરૂષોત્તમ રૂપ છે. તેથી એણી પેરે શ્રીગુસાંઈજીને જાણે એમ કહ્યું તે યુક્ત છે જાણી અહર્નિશ તે રાતદિન અથવા નિરંતર એમના ગુણાનુવાદ ગાયે અને સુયશ વખાણે એવી કૃતિનું આચરણ કરનાર ગમે તે કેતાં ઉંચ નીચ કોયપણ જાતીનો જીવ હોય તેને તત્ક્ષણ કેતાં તેજ ક્ષણમાં સર્વ પ્રકારના સુખ થાય હવે લૌકિક સુખ તો નાશવંત છે તેમ લેશ માત્ર છે પણ લીલા સુખ છે તે નિરવધિ સુખ છે તે સુખની પ્રાપ્તી થાય તે પછી અગીયારમા ચરણથી વર્ણન કરે છે કેઃ—

સેવક જન દાસ તમારો ॥
તેનો રૂપ વિયોગ નિવારો (૧૧)

અર્થ—આપના સેવક જે ભાયલા કોઠારી તેના જન કેતાં દાસાનુદાસ ગોપાલદાસ તે કહે છે કે જે આપના મૂળ રૂપનો વિયોગ છે તેનું નિવારણ કરો એટલે નિરંતરને માટે લીલાસ્થ સ્વરૂપનો અનુભવ કરાવો.

પંચમાખ્યાનની સમાપ્તિમાં રૂપવિયોગ નિવારણની પ્રાર્થના કરી તેજ હવે છઠા આખ્યાનમાં પૂર્ણરસ રૂપ જે આપનું નંદનંદન સ્વરૂપ તેના નિરૂપણ પૂર્વક પ્રાર્થના કરે છે રાગ પરજમાં છઠા આખ્યાનનું ગાન કર્યું છે તેનુ કારણ એ છે જે એ રાગ રાત્રીના તૃતીય પ્રહરનું છે અને તે સમય ગાઢ નિદ્રાનું છે અને ગાઢ નિદ્રામાં નિત્ય બ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે ईक्षत्यधिकरणમાં તથા તૃતીયાધ્યાયમાં નિરૂપણ કર્યું છે તેવીજ રીતે શ્રદ્ધાપૂર્વક આ છઠા આખ્યાનનું ગાન મનન નિદિધ્યાસન કરે તો આલોકમાં આ દેહથી ભગવદ્ દર્શન થાય એ સૂચનાર્થ પરજ રાગમાં એ આખ્યાનનું ગાન કર્યું છે.

છઠ્ઠા આખ્યાનનું વિવેચન.

સગુણ સનેહી સાંવરા વાહલા અહનિશ દરશન આપો ॥
પરમ સુખ દેવાને કાજે વ્રજમંડલ સ્થિર કરી સ્થાપો (૧)

અર્થ:—અલૌકિક ગુણોયે કરીને યુક્ત જે સ્વામિન્યાદિક તેઓના સ્નેહ રૂપ અથવા તેમના વિષે સ્નેહ છે જેનો એવા અથવા અલૌકિક ગુણોથેં કરીને યુક્ત સ્નેહરૂપ એવા એથી આપને શ્રૃંગાર રસનું સ્થાયી ભાવત્વ સૂચન કર્યું વળી કેવા (સાંવરા) તે શ્યામ વર્ણ વિશિષ્ટ તેથી શ્રૃંગારરસનું શ્યામ વર્ણ છે એ પણ સુચન કર્યું હવે એટલું વર્ણન કરતામાં ગોપાલદાસજીના હૃદયમાં પ્રેમલક્ષણા ભક્તિ અવિર્ભાવ થઇને સ્ત્રી ભાવની સ્ફૂર્તિ થઈ તેથી કહ્યું જે (વાહલા) તે હે પ્યારા આપ નિરંતર દરશન આપો તે કેવલ દર્શનની પ્રાર્થના નથી કરી પણ (પરમ સુખ દેવાને કાજે) પરમ સુખ તે લીલાનુભવ તે દેવાને સારૂ (વ્રજ મંડલ સ્થિર કરી સ્થાપો) વ્રજ મંડલ જે લીલા સ્થાન તેમાં મને સ્થિર કરીને રાખો એટલે ત્યાં મારો સ્થિર વાસ કરો હવે પ્રથમ તુકમાં જેનું નિરૂપણ કર્યું તે આપજ છો એમ બીજા ચરણથી નિરૂપણ કરે છે

શ્રીવલ્લભ કુંવર કોડામણા તમારૂં નામ નિરંતર લીજે ॥
રૂપ સુધારસ માધુરી તે લોચન ભરિ ભરિ પીજે (૨)

અર્થ:—(શ્રીવલ્લભ કુંવર) વર્તમાન કાલમાં આપ શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર છો અથવા શ્રી જે સ્વામિન્યાદિક તેના (વલ્લભ) એટલે પ્રિય છો વળી કેવા છો (કુંવર) કેતા કુમાર શ્રીયશોદોત્સંગ લાલિત એથી કરીને સર્વ લીલા નિત્ય છે એ સૂચન કર્યું અને વિરૂદ્ધ ધર્માશ્રયત્વ પણ સૂચન કર્યું અથવા શ્રીજેસ્વામિન્યાદિક અને

વલ્લભ જે સર્વ ભક્ત કેમ જે ભક્ત જેવું પ્રિય પ્રભુને બીજું નથી અને (કુ) જે પૃથ્વી તેના વર કેતાં પતિ એવા જે આપ કેવા છો (કોડામણા) કોડ જે મનોરથો તેને ઉત્પન્ન કરવાવાળા ભક્તોને આપના દર્શન માત્રથી અનેક મનોરથ ઉત્પન્ન થાય છે એથી કરીને હૃદયનું ફલ નિરૂપણ કર્યું હવે જીવ્હાનું ફલ નિરૂપણ કરે છે (તમારૂં નામ નિરંતર લીજે) હવે નેત્રનુ ફલ નિરૂપણ કરે છે (રૂપ સુધારસ) રૂપજ અલૌકિક સૌંદર્ય તે રૂપી જે સુધારસ તેની માધુરી જે મિષ્ટતા તેનુ પાન નેત્રો ભરિ ભરિને કરૂં એથી નેત્રોને પાન પ્રાત્રત્વ સૂચન કર્યું ભરિ ભરિ એમ બે વાર કહ્યાથી અત્યંત દર્શનાભિલાષત્વ સૂચન કર્યું અને નેત્રોથી જોઇ- એમ ન કહેતાં પીજે એમ કહ્યું તેથી આપનુ રસ રૂપત્વ સૂચન કર્યું તે પછી ત્રીજા ચરણથી વર્ણન કરે છે કે—

તે પદ કયારે દેખિશું જે ગોધન પૂઠે ધાયે ॥
વ્રજ સુંદરી મુખ સુખ પામીને વારંવાર અઘાયે (૩)

અર્થઃ—જે ચરણાર્વિંદથી આપ ગોધનની પાછળ ધાયા હતા તે કયારે દેખિશું હવે અત્રે ચાલે એમ નહી કહેતાં ધાયે શાથી કહ્યું જે સવારના ગાયોને ચરાવવા પધારે છે તે સમયમાં ગાયોને વનમાં જવાની અત્યંત ત્વરા રહે છે તેથી ગાયો દોડે છે તેની પાછળ આપ પણ દોડે છે તેથી ધાયે કહ્યું છે એથી ભક્તપરાધીનત્વ પણ સૂચન કર્યું વનમાં પધારતી વખતે (વ્રજ સુંદરી મુખ સુખ પામીને) વ્રજ ભકતો મુખચંદ્રની ઝાંખી કરી દર્શન સુખ પામીને (વારંવાર અઘાયે) વારંવાર તૃપ્ત થાય છે હવે પ્રભુજીના પધાર્યાં પછી વ્રજ ભકતોને વિરહથી એક ક્ષણ વીતે છે તે યુગ સમાન વીતે છે તેનું વર્ણન ચોથી તુકથી કરે છે કે:—

દિવસ સઉ શ્યામા મળી રસ રૂપ તણો યશ ગાયે ॥
ગોપ મંડલી મધ્ય દેખીને વારંવાર સુખ થાયે (૪)

દિવસના સર્વ શ્યામાઓ મળીને રસરૂપ પ્રભુના યશ ગાય છે સદાસર્વદા જેમની સોળ વર્ષની વય રહે તે શ્યામા કહેવાય અને પ્રભુને રસ રૂપ કહ્યા તેથી શીઘ્ર તાપ નિવારકત્વ સૂચન કર્યું વળી જે ભકતને કાંઇ પણ મિષ મળી જાય છે તે વનમાં જઈને પણ દર્શન કરે છે તેથી કહ્યું જે (ગોપ મંડલી મધ્ય દેખીને વારંવાર સુખ થાયે) વનમાં ગોપ મંડલીના મધ્યમાં આપના દર્શન થતાં દર્શનાતુર હોવાથી તેને વારંવાર સુખ થાય છે. તે પછી પાંચમા ચરણથી વર્ણન કરે છે કેઃ—

વાસર નિર્વાહ એમ કરે સખી સાયંકાલે પેખે ॥
અલક મુખ ખુરરજ લાગી તે કમલ ભ્રમર વિશેખે (૫)

અર્થઃ—દિવસના પ્રભુના યશ ગાઈને નિર્વાહ કરે છે અને સાંજસમે ગૌચારીને પધારતી વખતે સારી રીતે દર્શન કરે છે. આટલું વર્ણન કરતાં ગોપાલદાસજીને માનસિકતિરોધાનનો અનુભવ થયો હતો તેથી નિવૃત્ત થઇને દર્શન થયા તેથી કહે છે કે (અલક મુખ ખુરરજ લાગી તે કમલ ભ્રમર વિશેખ) કમલને વિષે સદા ભમરોની ભીડ રહે છે તો આપના મુખ રૂપી અલૌકિક કમલ માથે અલકાવલી બિરાજી રહી છે તે શ્યામ હોવાથી તેને ભ્રમરની ઉપમા આપી છે શ્રીમુખમાથે ગાયોના ખુરની રજ લાગી છે. તો પણ અલક યુકત મુખ શોભી રહ્યું છે. તે પછી છઠ્ઠા ચરણથી વર્ણન કરે છેઃ—

ગોપ બાલક મંડલી મધ્ય રંગ અનેક ઉપજાવે ॥
મત્ત ગજ ગતિ મલપતાં તે શ્રીગોકુલમાંહે આવે (૬)

અર્થઃ—આપના સખા જે ગોપના બાલકો તેના મંડલના મધ્યમાં પધારતી વખત હાસ્ય રસોદ્બોધક ચેષ્ટા વચને કરીને નાના પ્રકારના રંગ કૌતૂહલ તેને ઉત્પન્ન કરતા પધારે છે કેવી રીતે પધારે છે કે (મત્ત ગજ ગતિ મલપતાં) ચાલ હાથીની પરમ સુંદર હોય માતેલા હાથીની વળી અધિક સુંદર હોય તેવી મલપતિ ચાલથી ગોકુલમાં પધારે છે. તે પછી સાતમાં ચરણથી કહે છે કેઃ-

લોચન ભૃંગ પીયે ઘણું તે પ્રકટ મુખ મકરંદ ॥
કમલ પત્ર જેવી આંખડી તે જોઈ જોઇ ટાળ્યો દ્વંદ (૭)

અર્થઃ—જે વખત પ્રભુજી પધારે છે તે વખતે આપના મુખ કમલના દર્શન કરીને તે અલૌકિક કમલનું મકરંદ જે આપની રૂપ માધુરી તેનું પાન વ્રજ ભક્તો નેત્રપુટ દ્વારા કરે છે એવી રીતે દર્શન માત્રથી તૃપ્તિ નિરૂપણ કરી હવે નિરોધ નિરૂપણ કરે છે. (કમલ પત્ર જેવી આંખડી તે) કમલપત્ર જેવા પ્રભુના નેત્ર તે જોઈ જોઈ ટાળ્યો દ્વંદ) જોઈ જોઇ બે વાર કહ્યું તેથી દર્શનની અત્યંત ઉત્કંઠા સૂચન કરી (ટાળ્યા દ્વંદ) દ્વંદ એટલે સંસારિક સુખ દુઃખ તેને મિટાવ્યા ફલિતાર્થ એ જે જ્યારે વનથી પ્રભુ પધારે છે ત્યારે તેમના દર્શન કરી કાંઈક તૃપ્તિ થાય છે પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ થાય છે એજ નિરોધ તેની સિદ્ધિ થાય છે હવે સંપૂર્ણ સંયોગ સુખપૂર્વક તાપ નિવૃત્તિ આઠમાં ચરણથી નિરૂપણ કરે છેઃ-

જોતાં તૃપ્તિ ન ઉપજે પ્રભુ અધર સુધારસ પાયે ॥
ભુજલતા ભીડી ભામિની ત્યારે દિવસ તાપ બુઝાયે (૮)

અર્થઃ—પ્રભુજીના દર્શન માત્ર કરેથી તૃપ્તિ થાતી નથી તેથી (મોહન દુહિ દીજે હમારી ગૈયા) ઈત્યાદિ કીર્તનોના ભાવે કાંઈ

મિષે કરી પ્રભુજીને પોતાને ઘેરે પધરાવી આપના અધરામૃતનું પાન કરે છે અને ભુજારૂપી લતાઓ બીડી તેમને આલિંગન કરે છે ત્યારે તેમને દિવસના થયેલો વિરહતાપ શાંત થાય છે હવે નવમાં ચરણથી ગોષ્ટ કેતાં ખિરક લીલા વર્ણન કરે છે.

પૂરણ સુખ દઈ ગોષ્ટમાં પ્રભુ આઘેરા પાઉધારે ॥
યશોમતિ લીયે વારણા સુતને નિરાંજન ઉતારે (૯)

વનમાંથી વ્રજ પધારતાં પ્રથમ તો ગોદોહન કરવા ખિરકમાં પધારે છે ત્યાં વ્રજ ભક્તોને પરિપૂર્ણ સુખ આપીને પછી આઘેરા કેતાં નંદાલય તરફ પધારે છે તે પછી દશમાં ચરણથી વર્ણન કરે છે કેઃ—

વસ્ત્રાંચલ મુખ રજ પોંછીને રૂપ સકલ નિહારે ॥
ઊભી થાય રોમાવલિ કરકોમળ અંગ સંભાળે (૧૦)

નંદાલયમાં પધાર્યા પછી યશોદાજી પોતે ધારણ કરેલા વસ્ત્રના છેડાથી મુખને વિષે લાગેલી રજ પોંછીને પછી યશોદાજી પોતાના કોમલ કરકમલથી શ્રીઠાકુરજીના કોમલ અંગ સંભારે છે ત્યારે યશોદાજીને રોમાંચ થાય છે. તે પછી અગ્યારમાં ચરણથી વર્ણન કરે છે.

કરી પેરે પેરે વારણા સુતને સદન માહે પધરાવે ॥
સુંદરી ગૃહ કારજ મિષે વળી નિરખવાને આવે (૧૧)

અર્થ:—અનેક પ્રકારથી યશોદાજી દુખણાં લઈને પ્રભુજીને નંદાલયમાં પધરાવે છે ત્યારે વ્રજ ભક્તો ઘરના કામકાજના મિષથી પ્રભુજીનું શ્રીમુખ નિરખવાને વળી આવે છે તે પછી બારમા ચરણથી વર્ણન કરે છે કે—

ઉષ્ણોદક સોંધો ભેળી વળી અંગ અંગોળ કરાવે ॥
અંગ વસ્ત્ર કરી સ્વચ્છ વપુને પછે તેલ ચઢાવે (૧૨)

અર્થઃ—ગરમ જલમાં સુગંધી મેળવી તેથી પ્રભુજીને નવરાવે છે પછી વસ્ત્રથી આપના શ્રી અંગને લૂંછીને સ્વચ્છ કરે છે. પછી ફુલેલ તેલ ચઢાવે એટલે ચરણાર્વિંદથી માંડીને કેશ પર્યંત સમર્પે છે. તે પછી ૧૩ માં ચરણથી વર્ણન કરે છે કે—

અનેક સુગંધ વસનને ભૂષણ ફૂલ અંબોડે ફાવે ॥
ઠણુઠણુતો વાહલો લાડકડો તે ભોજન શાળાયે આવે (૧૩)

અર્થઃ—ઋતુને અનુસાર વસ્ત્રાભૂષણ અને સુગંધ અત્તર પ્રભૃતિ અને ભૂષણ તે આભરણ શયન સમયોચિત આભરણ અને કેશમાં કાંકસી કરીને પુષ્પોની રચના કરીને અંબોડામાં ફૂલ શોભે છે. હવે એ લીલાના દર્શન થયા તેથી ગોપાલદાસજીના હૃદયમાં વાત્સલ્ય રસ ઉત્પન્ન થયું તેના સૂચન પૂર્વકશયન ભોગ આરોગવાને પ્રભુ પધારે છે તે નિરૂપણ કરે છે (ઠણુઠણુતો) નૂપરના શબ્દ સહિત અથવા નેત્રોમાં કાંઈક નિદ્રા આવેલી છે તેથી મંદ ગતિથી લટકતા (ભોજન શાળાયે આવે) ભોગ મંદિરમાં આવે છે. હવે ભોગ મંદિરમાં જાય એમ ન કહેતાં આવે એમ કહેવાનું કારણ કે ગોપાલદાસજીને તે વખતમાં એવો અનુભવ થયો જે હું ભોગ-મંદિરમાં ઊભો છું તેથી આવે એમ કહ્યું અથવા ભોગ મંદિરમાં રોહિણીજી ભોગ સિદ્ધ કરીને પ્રભુજીની પધારવાની રાહ જૂએ છે અને જ્યારે પ્રભુ પધારે છે ત્યારે દર્શનાનંદનો અનુભવ કરે છે. તે સમયમાં પ્રભુજી કેવા લાગે છે (વાહલો) પ્રિય વળી (લાડકડો) તે યશોદાજી નંદરાયજીને અત્યંત લાડિલા છે હવે માતૃ સમર્પિત શયનભોગ શ્રીસ્વામિનીજીના અધરામૃતથી પણ અધિક સ્વાદ લાગે

છે એ નિરૂપણ કરવાને પ્રથમ શ્રીસ્વામિનીજીના અધરામૃતનું ઉત્કર્ષ ચૌદમાં ચરણથી વર્ણન કરે છે.

રાધા અધર સુધા વિના હરિને બીજું કાંઈ નવ ભાવે ॥
પ્રાત પધારે ને નિશાયે આવે પ્રીત નવી ઉપજાવે (૧૪)

રાધા—જે મુખ્ય શ્રીસ્વામિનીજી વૃષભાનુજા પરિનિષ્ઠિતાનંદ રૂપ તેમની જે અધર સુધા વિના હરિને બીજું કાંઇ પણ ભાવતું નથી. અત્રે હરિ નામ કહ્યું તેથી એ સૂચન કર્યું જે આપ સર્વના દુઃખ હરતા છો તોપણ આપને તાપ શાંતિ શ્રીરાધાજીના અધર સુધાથી થાય છે એથી શ્રીસ્વામિનીજીના અધરામૃતનું અત્યંત ઉત્કર્ષ સૂચન કર્યું. વળી શ્રીરાધાજીને મુખ્ય શ્રીસ્વામિની પણું તો શ્રીમદ્ ભાગવત દ્વિતીયસ્કંધના ચતુર્થાધ્યાયમાં શ્રીશુકદેવજીએ નમો નમસ્તે એ શ્લોકમાં નિરૂપણ કરેલું છે અને ઋગવેદમાં પણ નિરૂપણ કરેલું છે, ત્યારે એવા શ્રીસ્વામિનીજી તેમને છોડી પ્રભુજી ક્યાંય પધારતા નહી હોય ત્યારે બીજી લીલાઓની સિદ્ધિ કેમ થાશે? એ શંકાના નિવારણાર્થે કહે છે (પ્રાત પધારે) પ્રાતકાલને વિષે આપ ગાયો ચરાવવાને પધારે છે અને નિશાયે આવે કેતાં રાતના શયનભોગ આરોગીને શય્યામંદિરમાં શ્રીસ્વામિનીજી પાસે પધારે છે. હવે પ્રભુ તો સર્વ સમર્થ છે ત્યારે આખો દિવસ વિપ્રયોગ દુઃખ કેમ અનુભવ કરાવે છે એ શંકાનું નિવારણ કરે છે (પ્રીત નવી ઉપજાવે) એ દ્વારા શ્રીસ્વામિનીજીના હૃદયમાં નિત્ય નવી પ્રીતી ઉપજાવે છે. વિપ્રયોગ વિના પૂર્ણ સંયોગ સુખ પ્રાપ્ત થતું નથી તેથી દિવસના વિપ્રયોગ અનુભવ કરાવે છે. રાત્રીના પરિનિષ્ટિત સંયોગ સુખનું અનુભવ કરાવે છે. હવે પ્રભુ શયનભોગ આરોગે છે તેનું વર્ણન પંદરમાં ચરણથી કરે છે.

માતાનું મન રંજવા વાહલો આરોગ્યાં બહુ સ્વાદે ॥
સુગંધ બીડી કર ધરીને ઉઠયા નૂપુરને નાદે (૧૫)

અર્થ:—માતા યશોદા અને રોહિણીજીનું મન રંજન કરવા પ્યારા એવા પ્રભુજી બહુ સ્વાદ સંયુક્ત આરોગ્યા પછી (સુગંધ બીડી કર ધરીને ઉઠયા નૂપુરને નાદે) સુગંધ કેતાં જેમાં કપૂર બરાસ એલચી પ્રભૃતિ જે રૂતુમાં જે સુંગધી જોઈયે તે સુંગંધી યુક્ત બીડી શ્રીહસ્તમાં લઈને નૂપુરનો નાદ કરતા ઊઠયા અને શયન ગ્રહમાં ત્વરાથી પધાર્યા. ત્યાં આચમન શ્રીસ્વામિનીજીયે કરાવ્યું તો કદાચિત શંકા થાય કે માતા યશોદા રોહિણીજી અને શ્રીસ્વામિનીજીને સુખ આપે છે બીજાને નહી ? તેના સમાધાનમાં સોળમા ચરણથી વર્ણન કરે છે કે—

સકલ વ્રજમાં પોઢિયા વહાલો વિવિધ રસ સુખ દાન ॥
એ લીલા મારે મન વસો તે ભક્ત માગે માન (૧૬)

અર્થ:—(સકલ વ્રજમાં) કલાયે કરીને સહિત પૂર્ણચંદ્ર તેણે કરીને યુક્ત એવું જે નિત્ય લીલા સ્થાન જે વ્રજ તેમાં અથવા કામ શાસ્ત્રોક્ત સંપૂર્ણ કલાઓએ કરીને યુક્ત એવી જે વ્રજ સુંદરીયોના સમૂહમાં (પોઢિયાં) ભાવાર્થ એ જે પ્રભુ પોઢે છે ત્યારે અનેક વ્રજ ભક્ત ચરણ દાબવાની પંખો કરવાની ઈત્યાદિ અનેક અનેક સેવા કરે છે અથવા આખા વ્રજ મંડલમાં પોઢયા વ્રજમાં જેટલા ભક્ત છે તેમના સર્વ મનોરથો પૂર્ણ કરવાને સર્વેને શયન લીલાના મનોરથાનુસાર સુખ દે છે એજ અભિપ્રાય દશમસ્કંધમાં (सुखं सुषुपतुर्व्रजे) એ શ્લોકમાં નિરૂપણ કરેલું છે. આટલા વર્ણન માત્રથી ગોપાલદાસજીને શયન લીલાના દર્શન થયાં તેથી પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થઇ તેથી કહ્યું (વાહલો) એટલે હે પ્યારા કેવા છે કે

(વિવિધરસ સુખદાન) નાના પ્રકારના રસમાં મુખ્ય જે શ્રૃંગાર રસ તેના સુખના દાન દેવાવારા એ રીતે પ્રાતઃકાલથી લઈ સાયંકાલ સુધીની લીલાનું વર્ણન કરીને હવે પ્રાર્થના કરે છે કે (એ લીલા) કેતાં જે લીલાના મને દર્શન થાય છે તે લીલા (મારે મન વસો) એમ ગોપાલદાસ સન્માનથી માંગણી કરે છે. આપે લીલાનું વર્ણન કરાવીને વાણી સુફલ કરી લીલાના દર્શન કરાવીને નેત્ર સુફલ કર્યા હવે નિત્ય લીલામાં પ્રવેશ કરાવીને મારી સર્વ દેહને આપ સુફલ કરો. હવે ફરી લીલાઓનો અનંતપણું સૂચન કરીને પ્રેમપૂર્વક પ્રાર્થના સત્તરમાં ચરણથી કરે છે.

શ્રી વિઠ્ઠલ દ્વિજ રૂપ તમારી લીલા એણી પેરે જાજી ॥
ઓડવે કેમ ચાલશે જે પ્રીત અમસું બાજી (૧૭)

અર્થઃ—હવે આપ કેવા છો (શ્રીવિઠ્ઠલ) તે નિત્ય લીલા વિશિષ્ટ પુરૂષોત્તમ છો વળી કેવા (દ્વિજરૂપ) દ્વિજ કેવાં ચંદ્રમાં તેના જેવું આનંદદાયક છે જેનું રૂપ સૌન્દર્ય અથવા (દ્વિજ) જે બ્રાહ્મણ તેમના વિષે છે રૂપ જેમનું ભાવાર્થ એ જે વેદ ભગવદ રૂપ છે અને તે બ્રાહ્મણને વિષે રહે છે વેદનું ભગવદ રૂપત્વ તો (**वेदो नारायण साक्षात्**) ઈત્યાદિ વાક્યોમાં પ્રસિદ્ધ છે અથવા (દ્વિજરૂપ)ને વર્તમાન સમયમાં બ્રાહ્મણ રૂપ જેમણે ધારણ કર્યું છે એવા જે આપ તેની (લીલા એણીપેરે જાજી) છે એટલે અનંત છે છતાં (ઓડવે કેમ ચાલશે) ભાવાર્થ આપની લીલા તો અનંત છે અને અમને થોડી લીલાનું થોડું અનુભવ કરાવીને ઉડાવસો તે કેમ ચાલશે? કારણ કે (પ્રીત અમસું બાજી) અમારી સાથે પ્રીત બંધાણી છે તો જેનાથી પ્રીત બંધાયે તેનાથી કાંઈ છનું ન રાખવું જોઈએ માટે હમને સર્વ લીલાનું પ્રત્યક્ષ અનુભવ

કરાવો હવે એ માંગણી બહુવચનથી કરી છે તે સર્વ ભક્તોના ભાવથી છે એથી ગોપાલદાસજીનુ પરોપકારિત્વ સૂચન થયું ભગવદીયોના એજ લક્ષણ છે અને પ્રભુજીનું પ્રીતિબદ્ધત્વ (वशेकुर्वंतिमां भक्तया) ઇત્યાદિક સ્થળમાં પ્રસિદ્ધ છે.

સપ્તમાખ્યાનનું વિવેચન.

એવી રીતે છઠ્ઠા આખ્યાનમાં નંદનંદન સ્વરૂપની લીલાના દર્શન થયા તેનું વર્ણન કરીને હવે સપ્તમાખ્યાનમાં શ્રીવિઠ્ઠલ સ્વરૂપની લીલાનું સાક્ષાત અનુભવ થાય છે તેનું નિરૂપણ કરે છે.

પ્રથમ ચરણ

આપ સેવા કરી શીખવે શ્રીહરિ
ભક્તિ પક્ષ વૈભવ સુદ્રઢ કીધો
આપની લીલા તે વદન પોતે કહી
ઉચ્ચાર આનંદ તે અધિક દીધો (૧)

અર્થ:—આપ શ્રી વિઠ્ઠલનાથજી ભક્તોને ભગવદ્સેવા કરીને શીખવે છે. ત્યારે આપને કાંઇ ફલાકાંક્ષા હશે ? એ શંકાના નિવારણાર્થે કહે છે કે (શ્રીહરિ) તે સર્વના દુઃખહરતા અને શ્રીએ કરીને યુક્ત એનો ભાવાર્થ એ જે લૌકિકમાં યત્કિંચિત શ્રી કહેતાં લક્ષ્મીવાળો હોય તે પણ કોઇની આકાંક્ષા કરતો નથી તો આપ (શ્રીપતિ) છે તેથી આપને આકાંક્ષા શેની હોય ? નજ હોય અથવા શ્રીહરિ રૂપ શ્રીવિઠ્ઠલનાથજી છે તે પોતાની સેવા પોતે કરીને (આવી રીતે પ્રભુની સેવા કરવી એમ કરીને) શાખવે છે. ભક્તોને એવી

રીતે શીખાવવાનું પ્રયોજન કહે છે કે (ભક્તિપક્ષ વૈભવ સુદૃઢ કીધો) ભક્તિમાર્ગના વૈભવને તે દ્વારા સુદૃઢ કર્યું. ભક્તિમાર્ગ પ્રકટ તો પ્રથમ શ્રીવલ્લભપ્રભુએ કરેલ છે પણ તેનો વિસ્તાર શ્રીવિઠ્ઠલનાથજીયેં કર્યો. સેવાના અનવસરનું સમય વૃથા જાતું હશે ? એ શંકાના નિવારણાર્થે આગળ કહે છે કે અનવસરના વખતમાં (આપની લીલા તે વદન પોતે કહી) પોતાની લીલા પોતાના શ્રીમુખથી કહી. ઉચ્ચારનું આનંદ ભક્તોને અધિક આપ્યું. (અથવા) પ્રભુજીના મુખસ્વરૂપ શ્રીમહાપ્રભુજી તેમના દ્વારા કહી. સેવાના અવકાશમાં શ્રીસુબોધિનીજી ગ્રંથદ્વારા શ્રવણ કીર્તન સ્મરણ કરવા એ સૂચન કર્યું. સેવાનંદનું પ્રથમ નિરૂપણ કર્યું હવે તેથી અધિક સ્મરણાનંદ આપે દીધું અને કીર્તનાનંદ પણ દીધું એ સૂચન કર્યું છે. સ્મરણાનંદનું આધિક્ય એ જે સેવામાં તો કાંઇક સમયનું નિયમ છે અને સ્મરણાનંદ તો સદા સર્વદા અનુભવ કરવાનું છે. અને સેવા તો કેવલ આપ કરે ત્યારે સુખ થાય અને કીર્તન તો આપ કરે તો આનંદ થાય બીજો કોઈ કરે તોપણ શ્રવણાનંદ થાય એવી રીતે સેવા માર્ગ અને સ્મરણ માર્ગ આપે આચરણ કરીને દૃઢ કર્યું પણ એ બે માર્ગ આપે મનકલ્પિત પ્રકટ કર્યા ? ત્યારે તો એ માર્ગ વેદોક્ત નહીં હોય ? ત્યારે એ માર્ગોથી મોક્ષપ્રાપ્તિ કેમ થાશે ? એ શંકાનું નિવારણ બીજા ચરણથી કરે છે.

વેદ દધિ મધ્ય નવનીત જે ભજન રસ
મથિત માધુરી જીવે શ્રવણે પીધો ॥
તક્ર સમ કર્મપથ સ્નેહરસ હીન જે
શ્વેતજાણી વિમુખ તાણી લીધો ॥ ૨ ॥

અર્થ:—વેદરૂપ અલૌકિક દધિ મંથન કરેલું તેના મધ્યમાં રહ્યું એવું (માખણ) તે ફીયું જે જ્ઞાનમાર્ગ તે સંબંધી જે ભજન રસ તે ભક્તિ રસ; રસ શબ્દથી ઘૃતરૂપત્વ સિદ્ધ થયું તેની જે (માધુરી) તે મિષ્ટતાઃ હવે માધુરી અત્રે કહી તેનું કારણ એ છે જે લૌકિક ઘૃત તો ફીકું હોય છે પણ આ તો મીઠું છે તેથી ઘૃતથી પણ ઉત્કૃષ્ટતાવાળું સૂચન કર્યું હવે એ માધુરીનો શો ઉપયોગ થયો તે કહે છે જે (જીવ) જે દૈવી જીવ તેમણે (શ્રવણે પીધો) કર્ણ રંધ્ર દ્વારા તેનું પાન કર્યું. એથી શ્રવણોને પાન પાત્રત્વ સૂચિત થયું. એનો ભાવાર્થ એ જે વેદરૂપ દહીં તેનું આપે મંથન કરીને નવનીત કહેતાં માખણ રૂપ જ્ઞાનમાર્ગ ઉત્પન્ન કર્યો. હવે વેદનું મંથન તે વ્યાસ સૂત્રાનુસાર વિચાર ભાષ્યરૂપ એથી જ્ઞાન માર્ગ અનાદિ સિદ્ધ છે. પરંતુ આપે વેદમાંથી કાઢીને સ્પષ્ટ જુદુ દેખાડયું એ સૂચન કર્યું. જેમ માખણનું સાર ઘૃત તેમ જ્ઞાનનું સાર ભક્તિ તે શ્રીભાગવતાદિકમાં પ્રસિદ્ધ છે. અને ગીતાજીમાં પણ કહેલ છે કે ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ॥ समः सर्वेषु भूतेषु मद्भक्तिंलभते पराम्) ઈત્યાદિ સ્થળમાં સ્ફુટનિરૂપણ છે અને માખણમાંથી સાર ભૂત ઘૃત ઉત્પન્ન કરવાનું સામર્થ્ય તો અગ્નિનું છે. એથી શ્રીમહાપ્રભુજીનું અગ્નિત્વ પણ સૂચિત થયું અને જીવોને ઉપદેશદ્વારા ભક્તિરૂપ ઘૃત પીવરાવે છે તેથી આપનું પરમ ઉપકારિત્વ પણ સૂચન થયું. પ્રથમ ઉપકાર ઘૃત ઉત્પન્ન કર્યાનું અને બીજો ઉપકાર ઘૃત પીવરાવી પુષ્ટિ સંપાદન કરી. એ બે પ્રકારનું ઉપકારત્વ બે સ્વરૂપોનું છે. હવે વેદાર્થનું વિચાર કરીને જ્ઞાનમાર્ગ આપે પ્રકટ કર્યો અને તેના ફલરૂપ ભક્તિમાર્ગ પણ પ્રકટ કર્યો. ત્યારે બીજા પણ વેદાર્થનું વિચાર કરવાવાળા છે તેમણે શું કર્યું તે કહે છે કે

(તક્રસમકર્મપથ) તક્ર જે છાસ તેના જેવો કર્મમાર્ગ. હવે કર્મ-માર્ગની તક્રસમતા બતાવે છે. (સ્નેહરસહીન) જેવી રીતે છાસ સ્નેહરૂપ ઘૃતે કરીને રહિત છે તેમ કર્મપથ જે ભટ્ટ ભાષ્કરાદિ દર્શિત માર્ગ તેપણ સ્નેહરસહીન કહેતાં સ્નેહ સ્થાનીય ભક્તિરસે કરીને હીન છે છતાં તેઓએ (જેમ માખણ શ્વેત છે તેમ છાશ પણ શ્વેત છે પણ માખણ સ્નેહરૂપ ઘૃત સંયુક્ત છે અને તક્ર ઘૃત રહિત છે તોપણ શ્વેતની ભ્રાંતિથી તેને પણ સાર જાણીને વિમુખ લોકો તેને (તાણી લીધો) એટલે ગ્રહણ કર્યો. હવે એ આખ્યાનના ત્રીજા ચરણથી વર્ણન કરે છે કેઃ—

> એ ચરણ શરણ વિના લોક દશ ચારમાં
> કહો કેહનો કાંઇ અર્થ સીધો ॥
> શું કહું ચતુર થઇ થઇ અને વિસ્તરે ભજે નહી
> પશુ જેમ વિષય કીધો ॥ ૩ ॥

અર્થ:—ગોપાલદાસજી ચરણાર્વિંદના દર્શન કરીને પોતાના અંતઃકરણને ઉપદેશ કરે છે કે એ ચરણાર્વિંદની શરણ વિના ચતુર્દશ લોકમાં કોઇનો પણ કાંઈ અર્થ સર્યું હોય તો કહો? એમ પ્રશ્ન કર્યું છે યાને પુષ્ટિમોક્ષ પ્રાપ્તિરૂપ અર્થ એ ચરણશરણ વિના નજ સરે. વળી આશ્ચર્ય સંયુક્ત કહે છે કે (શું કહું ચતુર થઈ થઈ અને વિસ્તરે ભજે નહીં) હું શું કહું! બુદ્ધિમાન થઈ થઈને વિસ્તારપૂર્વક આપની સેવા તથા સ્મરણ કરતા નથી ત્યારે તેઓ શું કરે છે (પશુ જેમ વિષય કીધો) જેમ પશુ કેવલ વિષય સુખને જાણે છે તેવી રીતે અજ્ઞાની જીવ સંસારીક જે તુચ્છ સુખ તેનું સેવન કરે છે. આપની સેવા નામ સ્મરણ આદિ નિરંતર કરતા નથી. હવે સંસારસુખમાંથી ચિત્ત નિવૃત્ત થઇને આપની સેવા સ્મરણમાં ચિત્ત કેમ લાગે તેનું વર્ણન ચોથા ચરણથી કરે છે.

બોલ વલ્લભ સુવન વિમલ વાણી ॥
જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી ॥ ૪ ॥

અર્થ:—હવે (શ્રીવલ્લભસુવન) એવી જે (વિમલવાણી) તે પવિત્ર શબ્દનું નિરંતર ઉચ્ચાર કર. હવે અંત્રે શ્રીવિઠલ એવું નામ ન કહ્યું (વલ્લભ સુવન) કહ્યું. તેનું કારણ એ જે શ્રીવિઠલ કહે તે તો એકજ શ્રીગુસાંઈજીનું સ્મરણ થાત અને વલ્લભ સુવન કહેવાથી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી બન્નેનું સ્મરણ થયું અથવા શ્રીમહાપ્રભુજી અને તેમના પુત્ર શ્રીગુસાંઈજી એમની જે વેદતુલ્ય નિર્દોષ એવી જે ગ્રંથરૂપ વાણીનું ઉચ્ચાર કર એનું કારણ શું તે આગળ કહે છે (જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી) એટલે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની ગતિને બ્રહ્માદિ દેવતાઓએ પણ જાણી નથી એવી છે. તેથી એમના નામ સ્મરણથી ચિત્ત સદાય શુદ્ધ રહે અને અણુભાષ્યાદિક જે પ્રમાણ પ્રમેય ગ્રંથ તેનું અભ્યાસ યથોચિત કરે. ત્યારે આપના સ્વરૂપનું જ્ઞાન થાય નહીં તો બ્રહ્માદિકને પણ આપના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય નહીં તો જીવને કયાંથી થાય. આપના સ્વરૂપનું જ્ઞાન આપ કરાવે ત્યારે થાય તેનું ઉદાહરણ પાંચમા ચરણથી કહે છે:—

નંદનંદન રૂપે રાસલીલા કરી પોતે ન ઉચ્ચરી છાની રાખી ॥
દિવસ એકાદની ઉત્તરા કુંવર પ્રતિ વ્યાસ નંદન
વિમલ વદન ભાંખી ॥ ૫ ॥

અર્થ:—કૃષ્ણાવતાર સમયમાં છ મહિનાની રાત્રિ કરીને રાસક્રીડા કરી તે (પોતે ન ઉચ્ચરી છાની રાખી) તે લીલાનું ઉચ્ચાર પોતે ન કર્યો અને ગુપ્ત રાખી તેથી એ લીલાનું સૌને જ્ઞાન

નથી થયું છતાં સર્વ લોક એ લીલાને કેમ જાણે છે તેનું કારણ કહે છે (દિવસ એકાદની ઉત્તરા કુંવર પ્રતિ) છ માસની રાસ-લીલામાં એકાદ દિવસની કથા વિરાટ રાજાની દીકરી જે ઉત્તરા તેનું કુંવર જે પરિક્ષિત રાજા તેને (વ્યાસ નંદન વિમલ વદન ભાંખી) વ્યાસજીના પુત્ર શુકદેવજીએ વિમલ વદન તે અલૌકિક મુખથી કહી. હવે અત્રે પરિક્ષિત નહી કહ્યો ઉત્તરા કુંવર કહ્યો તેથી એમને ભગવદ્દસંબંધ સૂચન કર્યું કેમ જે ઉત્તરાના ગર્ભમાં જ્યારે પરિક્ષિત રાજા હતા ત્યારે જન્મ લીધું ત્યાંસુધી પ્રભુજીના તેને દર્શન થયા તેથી અલૌકિક દેહ એમનું છે અને જીતેંદ્રિય છે તેથી એટલી લીલા શ્રવણનું અધિકાર સુચન કર્યું. હવે પરિક્ષિત રાજાની દેહનું અલૌકિકત્વ તો શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવત તત્વ-દીપમાં (अलौकिकस्य देहस्य न दाहो लौकिकोमतः ॥ अतः शापमिषेणश-स्तक्षकाग्निमवासृजत् ॥ એમ કારિકામાં સ્પષ્ટનિરૂપણ કરેલું છે. વળી અત્રે વ્યાસનંદન એથી કહ્યું છે જે ભગવદસ્વરૂપત્વ સુચન કર્યું છે કેમ જે વ્યાસજી જ્ઞાનાવતાર છે તેના નંદન એટલે આનંદદેવાવાળા. જ્ઞાનીને આનંદ દેવાવાળા તો પ્રભુ જ છે એ સર્વ ઉપનીષદોમાં નિરૂપણ કરેલ છે એનું ભાવાર્થ એ જે એવા અલૌકિક શ્રોતા અને અલૌકિક વક્તા હતા તોપણ એકાદ દિવસની લીલાનું જ્ઞાન થયું ત્યારે સામાન્ય જીવને આપની લીલાનું જ્ઞાન ક્યાંથી થાય ? તેથી આપની વાણીરૂપ ગ્રંથ તેના યથોચિત અભ્યાસે કરીને આપના સ્વરૂપનું જ્ઞાન થાય (શંકા) આપ તો હમણાં પ્રકટ્યા છે અને ગ્રંથ પણ હમણા પ્રકટ કર્યા છે અને બ્રહ્માદિક તો સર્વે પૂર્વ કાલના છે અને એમને ભગવદ્દસ્વરૂપનુ જ્ઞાન છે તે પણ પુરાણા-દિકમાં પ્રસિદ્ધ છે ત્યારે આપની વાણીરૂપ ગ્રંથોદ્વારા જ આપના

સ્વરૂપનુંજ જ્ઞાન થાય એમ અત્રે કહ્યું છે તેના ખુલાસો છઠ્ઠા ચરણથી કરે છે કેઃ—

બ્રહ્માદિ મહામુની અતિ જ્ઞાન પારંગત
તે મધુસિંધુની કહિયે માંખી ॥
ન કોય હુવો ન હોય એ રૂપ સમ
તેહના સકલ નિજ નિગમ સાંખી ॥ ૬ ॥

અર્થઃ—બ્રહ્માદિક જે (મહામુની) અત્યંત મનનશીલ તે યુક્તિપૂર્વક ભગવદ સ્વરૂપનું ચિંતવન કરનારા તે કેવા છે (અતિ જ્ઞાન પારંગત) અતિ તે અતિંદ્રિય, અલૌકિક જ્ઞાન તેના પાર પામેલા તે કેવા કે (મધુ સિંધુની કહિયે માંખી) મધના સમુદ્રની માંખી તુલ્ય છે હવે મધુસિંધુ સ્થાનાપન્નજ્ઞાન તેથી જ્ઞાનનું મિષ્ટત્વ અપારત્વ સાર રૂપત્વ યત્નપ્રાપ્યત્વ ચિરકાલ લભ્યત્વ સૂચન કર્યું અને માંખી સ્થાનાપન્ન જે બ્રહ્માદિક તેઓને જ્ઞાનરસ પ્રિયત્વ પરિમિતાધિકારિત્વ સૂચન કર્યું હવે પારંગત જે હોય તેને સમુદ્રની અગાધતાનું યથાર્થ જ્ઞાન ન હોય જેટલું તેમાં ડૂબે તેટલૂંજ તેને જ્ઞાન થાય તેથી બ્રહ્માદિક પણ અલૌકિક જ્ઞાનવાળા છે પરંતુ જેટલું પ્રભુજીયે તેમને અધિકાર આપેલું છે તેટલૂં તેમને જ્ઞાન છે અને પૂર્ણ જ્ઞાન તો આપ કૃપા કરે ત્યારે થાય અને એ કૃપાનું સાધન યથોચિત આપની વાણી રૂપ ગ્રંથનો અભ્યાસ છે. તેથી આગળ કહ્યું છે જે (ન કોય હુવો ન હોય એ રૂપ સમ) શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઇજીના સ્વરૂપ તુલ્ય અવતાર કોઇ થયો નથી ન થાશે. એમાં પ્રમાણ શું તે કહે છે કે (તેહના સકલ નિજ નિગમ સાંખી) એ વાતની સાક્ષી પ્રભુજીના નિઃશ્વાસરૂપ વેદ હોવાથી તેને નિજ નિગમ એટલે

પોતાના વેદ કહ્યા તે સાંખ ભરે છે અથવા નિજ જે ભક્ત નિજ જન અને વેદ તે બન્ને સાંખ ભરે છે અથવા નિજ જે ભક્ત તેને જ્ઞાન કરાવવાળો અંતઃકરણ તે સાંખ ભરે છે એનુ ફલિતાર્થ એ જે આપ પૂર્ણ પુરૂષોત્તમ છે આપના સ્વરૂપનું જ્ઞાન આપની કૃપાયે કરીને થાય એ વાતના સાક્ષી ભગવદીય અને વેદ છે. હવે બ્રહ્માદિકોને પણ જેનું પૂર્ણ જ્ઞાન નથી એવો અનાદિ અનંત તો અક્ષર બ્રહ્મ પણ છે તેનું આપ અવતાર હશે ? એ શંકાનું નિરાસ સાતમા ચરણથી કરે છે કેઃ—

એ પ્રભુ રસપુંજ ભૂમિપર રૂચિકરી
ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી ॥
તેહને દેવ ઉપર રહ્યા ધિકાર બોલે
મંદમતિ કહી અને નિંદા દાખી ॥ ૭ ॥

અર્થ:—એ પ્રભુ તે શ્રી ગુસાંઈજી કેવા છે કે (રસપુંજ) નિરવધિ આનંદાત્મક તે પ્રભુજીયે (ભૂમિ પર રૂચિ કરી) એટલે રૂચિ કરી ભૂમિને વિષે પધાર્યા જેમ જીવ કર્મ બંધને કરીને પૃથ્વી માથે દેહ ધારણ કરે છે તેમ નહી પણ આપની ઇચ્છાથી આપ પ્રકટયા એ દ્વીતીયાખ્યાનમાં સ્પષ્ટ નિરૂપણ કર્યું છે. અથવા (રૂચિ) જે તેજ તેને પૃથ્વી માથે ફેલાવ્યો તેથી આસુરાંધકાર નાશકત્વ સૂચન કર્યું હવે એ રીતીથી અત્યંત દુર્લભ અને નિરવધિ અને ઉત્તમ પદાર્થ સ્વેચ્છાથી સુલ્લભ થયું તોપણ જેણે (કણિક ન ચાખી) એટલે લેશ માત્ર પણ આપના સ્વરૂપનો અનુભવ જેણે ન કર્યો તે (ભાગ્યહીન જીવ) છે એમ ગોપાલદાસજી કહે છે કે એ પ્રસંગ કેવલ હુંજ નથી કહેતો પણ (તેને દેવ ઉપર રહ્યા ધિઃક્કાર બોલે) એવા જીવને સ્વર્ગમાં બેઠા દેવતા ધિઃક્કાર આપે છે

અને (મંદમતિ કહી અને નિંદા દાખી) એવા જીવ મંદ બુદ્ધિ-વાળા છે એમ અનેક પ્રકારની નિંદા તેમની કરે છે હવે એ રીતીથી દેવતા ભૂતલના જીવોને ધિઃક્કાર કહે છે ત્યારે તે સ્વર્ગમાં કેમ બેસી રહ્યા છે આપના સ્વરૂપનો અનુભવ કેમ નથી કરતા ? એ શંકાનું નિવારણ આઠમા ચરણથી કહે છે કેઃ—

વિબુધ વાંછે વાસ વસુમતિ ઊપરે
શ્રીવલ્લભ કુંવરની ટેહેલ કરવા ॥
ઘોષથી વેગે પાઉધારિયા ગિરિભણી
ગિરિરાજ ધરણનો તાપ હરવા ॥ ૮ ॥

અર્થઃ—વિબુધ જે દેવતા તે શ્રીમહાપ્રભુજીના કુંવરની ટહેલ કરવા ઇચ્છે છે અત્રે દેવતાવાચક વિબુધ શબ્દ કહ્યો તેથી તેમને આપનું માહાત્મ્ય જ્ઞાન સારી રીતે છે એ વિબુધ શબ્દે સૂચન કર્યું અને વાંછે એ શબ્દથી દેવના ઇચ્છા માત્ર કરે છે પણ આપની પૂર્ણ કૃપા વિના એ પદાર્થ મળતું નથી અને પૃથ્વી વાચક વસુમતિ શબ્દ અત્રે કહ્યો તેથી પુષ્ટિ સંપતીયે કરીને પૂર્ણત્વ અને આપના તેજે કરીને પ્રકાશિત્વ અને આપના પુત્ર પૌત્રાદિક રત્ને કરીને ભૂષિતત્વ સૂચન કર્યું કેમ જે વસુ શબ્દ દ્રવ્યકિરણ રત્નવાચક છે તેથી અને ટેહેલ કરવા એમ કહ્યું તેથી દેવતાઓનું દૈન્ય સૂચન કર્યું એનો ભાવાર્થ એ જે આપની સેવા દેવતાઓને પણ દુર્લભ છે. એવી રીતે અરધી તુકથી મહાત્મ્ય નિરૂપણ સમાપ્ત કરીને આગળ કહે છે કે (ઘોષથી વેગે પાઉધારિયા ગિરિ ભણી) શ્રીગોકુલથી આપ શ્રીગિરિરાજજી તરફ ઉતાવળથી પધાર્યા છે. ઉતાવળથી પધારવાનું કારણ કહે છે (શ્રીગિરિરાજધરણનો તાપ હરવા) આપના હૃદયમાં

શ્રીનાથજીને મળવા સંબંધી આર્તિ તેને મિટાવવા અથવા શ્રી જે શોભા અથવા સ્વામિન્યાદિક તેણે કરીને યુક્ત એવા શ્રીગિરિરાજજી તેને અને તેમને ધારણ કરનાર શ્રીનાથજી તેમને શ્રીગુસાંઈજીને મળવાનો તાપ મિટાવવા અર્થે પધાર્યાં ફલિતાર્થ એ જે પરસ્પર તાપ મિટાવવાને લીધે શ્રીગોકુલથી વેગથી શ્રીગિરિરાજજી પધારે છે. અરધી તુકથી મહાત્મ્ય નિરૂપણ કર્યું અને અરધી તુકથી ચરિત્ર આરંભ કર્યું તેથી બંને પ્રકારને એક વિષયત્વ સૂચન કર્યું હવે શ્રીગોકુલથી ગીરીરાજજી આપ કઈ રીતીથી પધારે છે તેનું નિરૂપણ ૯ માં ચરણથી કરે છેઃ—

ફૂલ ફેંટે ભર્યા વસન વાઘા તણાં
વિવિધ ભૂષણ તે અંગ ધરવા ॥
તુરંગ ચાલ્યો વાયુવેગે ઉતાવળો
જાણે નઉકા ચાલી સિંધુ તરવા ॥ ૯ ॥

અર્થ:—માલા કરવાને માટે ફૂલ અને વાગો નવો કરવાને માટે વસ્ત્ર અને નાના પ્રકારના આભરણો શ્રીઅંગને વિષે ધારણ કરવા એ સર્વે ફેંટમાં ભરીને ઘોડા ઉપર બિરાજીને પધારે છે તે ઘોડો કેવો ચાલે છે (તુરંગ ચાલ્યો વાયુ વેગં ઉતાંવળો) પવન જેમ વેગથી ચાલે છે તેમ ઘોડો પવન વેગથી ચાલ્યો હવે એવા વેગથી ઘોડો ચાલવાથી આપને શ્રમ થાતો હશે ? અને પુષ્પ વસ્ત્રા ભ્રણ ફેંટમાં છે તે પણ મસલાઇ જતા હશે ? એ શંકાના નિવારણાર્થે આગળ કહે છે કે (જાણે નૌકા ચાલી સિંધુ તરવા) જાણે નાવ સિંધુ તરવાને ચાલી હોય એ ઉપમાં આપી એથી એ સૂચન કર્યું વસ્ત્રાભૂષણ ફૂલ કશાને આંચ ન આવે. હવે વાયુવેગે ઉતાંવળો એ વિશેષણથી લિંગ વિપરિણામથી દૃષ્ટાંત દાર્ષ્ટાંતિક બેમાં લાગુ પડે છે

વળી નૌકાના દષ્ટાંતે કરીને જેમ નાવ અત્યંત ઉતાવળી ચાલે તોપણ તેમાં બેઠેલાઓને જરા પણ શ્રમ ન થાય તેમ તે ઘોડો પણ એવો ચાલે છે તે પછી દશમાં ચરણથી વર્ણન કરે છેઃ—

દિવસ એકાર્ધનો વિરહ તે યુગ સમો
નિરાંજન મિષે રૂપ હૃદય ધરવા ।।
જીવને એ કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણુ ક્ષણે
શ્રીવિઠ્ઠલનાથ એવા ઉચ્ચરવા ।। ૧૦ ।।

અર્થઃ—અરધા દિવસનો વિરહ પણ પરસ્પર યુગ સમાન લાગે છે. યુગની સંખ્યા ન કહી તેથી અસંખ્યાત યુગ તુલ્યતા સૂચન કરી છે તો એવા ગાઢ વિરહતાપની નિવૃતિ કેમ થાય અને દેહ સ્થિતિ કેમ રહે? તે કહે છે (નીરાંજન મિષે રૂપ હૃદય ધરવા) નીરાંજન કેતાં આરતિના મિષે પ્રભુજીની રૂપ માધુરીના દર્શન કરી હૃદયમાં પધરાવવા આરતીનું સમયનું નામ નથી કહ્યું તેથી સંધ્યા આરતિ શયન આરતિ બન્ને સૂચન કરી છે. સંધ્યા આરતિ સમય તો શ્રૃંગાર સહિત વેણુવેત્ર ગોરજ સહિત સ્વરૂપને હૃદયામાં ધારણ કરે તેથી તાપ નિવૃતિ થઈને સુખાભિલાષ વધે એ તાત્પર્ય તંગારજ સ્છુરિત કુંતલ એ શ્લોકની શ્રીસુબોધિનીજીમાં નિરૂપણ કર્યું છે. અને શયન આરતિ સમય અવ્યવહિત શ્રીઅંગના દર્શન થાય તેથી નિરવધિ સુખની પ્રાપ્તિ થઈને તે સ્વરૂપ હૃદયામાં બિરાજે તેથી બીજે દિવસ દેહ સ્થીતી રહે હવે ભગવદ્ પ્રવેશ હૃદયામાં થાય તો ગાઢ વિરહમાં પણ દેહ સ્થિતિ રહે એ પ્રકાર તો આનંદમયાધિકરણના દ્વિતીય વર્ણકમાં શ્રીગુસાંઈજીયે સ્પષ્ટ નિરૂપણ કર્યું છે હવે એવા પ્રકારથી પ્રભુની સેવા જીવ શિક્ષાર્થ આપ કરે છે એ સૂચન કરતાં કહે છે કે (જીવને એ કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણ ક્ષણે) જીવને

કેતાં શરણસ્થ જીવોને એ સેવા રૂપ કૃત્ય નિત્ય પ્રતિ કેતા દિવસ દિવસ પ્રતિ તેમાં પણ ક્ષણ ક્ષણને વિષે એટલે ક્ષણ માત્ર પણ સેવા વિના ન રહેવું અથવા સેવા રૂપ કૃત્ય કેવું છે કે (નિત્ય) છે માટે તે ન કરે તો અપરાધી થાય. પ્રતિક્ષણ કહેલ છે તેથી શંકા થાય કે સેવાના અનવસરમાં કેમ ? તો કહે છે (શ્રીવિઠ્ઠલનાથ એવા ઉચ્ચરવા) પ્રથમ શ્રીવિઠ્ઠલનાથજીનું વર્ણન કર્યું છે તેવા અથવા ગોપાલદાસને તે સમે દર્શન થઈ રહ્યા છે તેવા શ્રીવિઠ્ઠલનાથજીના નામોચ્ચાર કરવા. તે પછી અગ્યારમાં ચરણથી કહે છે કે:—

રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે
વિવિધ લીલા કરે ભજન સાર ॥
વિવિધ વચનાવલી નેણ સેણેં કરી
સંગના સૂચવે નિશ વિહાર ॥ ૧૧ ॥

શ્રીનાથજી અને શ્રીગુસાંઈજી એ બન્ને એકજ રૂપ છે અભિન્ન છે તે (ભિન્ન થઇ વિસ્તરે) કેતાં લીલા સામગ્રી રૂપથી અને પુત્ર પૌત્રાદિક રૂપથી ભિન્ન તે અનેક સ્વરૂપથી વિસ્તારને પામે છે તેનું કારણ કહે છે (વિવિધ લીલા કરે ભજન સાર) નાના પ્રકારની લીલા કરે છે તે લીલા કઇ કે ભજનસાર કેતાં ભજન જે સેવા અને નામ સ્મરણ તે જેમાં સાર રૂપ ગણ્યા છે એવી સેવ્ય સેવક ભાવ રૂપ લીલા કરે છે વળી (રૂપ બેઉ એક) નો બીજો અર્થ પ્રભુજી અને સ્વામિનીજી એ બન્ને સ્વરૂપ એક છે પરંતુ દ્વિધા થઇને વિસ્તરે હવે દ્વિધા એટલે પ્રથમ પૂર્ણ પુરૂષોત્તમ એકજ હતા તેમની રમણની ઈચ્છા થઈ ત્યારે પોતાના વામ શ્રીઅંગમાંથી શ્રી સ્વામિનીજી ઉત્પન્ન કરી અનેક લીલા કરે છે એ વાત બૃહદારણ્યકના પુરૂષવિધ બ્રાહ્મણમાં કહી છે તેમ નારદ પંચરાત્રમાં પણ કહી છે એ જુગલ સ્વરૂપ

નિત્ય લીલા વિશિષ્ટ છે તેમનો યથાધિકાર સદા ધ્યાન કરે સેવા કરે અને નામ સ્મરણ કરે તો તેને પુષ્ટિ મોક્ષની પ્રાપ્તિ થાય. હવે એ જુગલ સ્વરૂપ બિરાજે છે અને સર્વે વ્રજ ભક્ત યથાધિકાર સેવા કરે છે તે સમય બન્ને સ્વરૂપ પરસ્પર (વિવિધ વચનાવલિ) નાના પ્રકારના રસોદ્દ બોધક વચનામૃતનો સમૂહ કહે છે અને નેણ સેણેં કરી એટલે નેત્રની સમસ્યા યે કરી નિશવિહાર કેતાં રાત્રીના વિહારની સંજ્ઞાનું સૂચન કરે છે તે પછી ૧૨ માં ચરણથી વર્ણન કરે છે.

રત્ન મુક્તાવલી પાટસૂત્રેં કરી ગલસરી શોભિતા કરે શ્રૃંગાર ।।
વિવિધ કુસુમાવલિ ગ્રથિત હાથે કરી
એક એકને કંઠે આરોપે હાર ।। ૧૨ ।।

રત્ન તે માણિકયાદિક અને મુક્તા તે મોતી તેની આવલી કેતાં સમૂહ તેની માલા રેશમના દોરામાં પરોવીને તેની ગલસરી બનાવીને શોભિતા શ્રૃંગાર પરસ્પર યથાભિલાષ સમયોચિત કરે છે હવે ગલસરી તો ઉપલક્ષણ રીતીથી કહી પણ સર્વ પ્રકારના આભરણ પરસ્પર બનાવીને ધરાવે છે એ સૂચન કર્યું અને વિવિધ પ્રકારની સુગંધ જેમાં છે એવા કુસુમો કેતાં ફૂલોની માલા પોતાના શ્રી હસ્તે ગૂંથીને હાર બનાવી એક બીજાના શ્રીકંઠને વિષે આરોપણ કરે છે એટલે ધરાવે છે તે પછી ૧૩ માં ચરણથી કહે છે.

વિવિધ મેવા ભોગ મધુર મિષ્ટાન રસ
રસમસ્યા અર્પે તે બહુ પ્રકાર
વિવિધ બીડા સુગંધ કર્પૂર એલચી
લવીંગ પુંગી પાન ખેરસાર ।। ૧૩ ।।

નાના પ્રકારના લીલા અને સૂકા મેવા અને (મધુર) તે દૂધગર ખાંડગરની સામગ્રી અને (રસ) તે આંબા સેલરી વગેરેના રસ (રસમસ્યા) તે રસીલા પદાર્થો ચમચ્યાથી અરોગવાના એ સર્વે ઘણા પ્રકારના અર્પણ કર્યા પછી સું અર્પણ કર્યું તો કહે છે કે બીડા તે કેવા કે બરાસ કપૂર એલચી લવીંગ સોપારી પાન અને કાથો એ જેમાં છે એવા બીડા ધરે છે એ સરવે અનવસરનો સાજ છે તે સિદ્ધ થયા પછી યુગલ સ્વરૂપ સય્યા માથે બિરાજે છે તે સમયનું પ્રકાર ૧૪ માં ચરણથી વર્ણન કરે છે.

વ્યજન શીતલવાયુ મુકુર કર કમલધરી દેખાડતાં મોહે
સકલ સંસાર ।। એ અહનિંશ ધ્યાન શ્રી વીઠુલાધીશનું
સકલ કલિમલ દુરિત કોટિક્ષાર ।। ૧૪ ।।

હવે વ્રજ ભક્તો પંખા કરે છે જેણે કરીને શીતલ પવન આવે છે અને મુકુર કેતાં આરસી દર્પણ બન્ને સ્વરૂપો પોતાના કર કમલમાં લઇને પરસ્પર દેખાડે છે તે સમે (મોહે સકલ સંસાર) મોહ પ્રાપ્ત થાય છે કોણ તો કહે છે કે (સકલ કલા) જે કામ શાસ્ત્રોક્ત કલા અથવા ચોસઠ કલા યુક્ત (સંસાર) સંકેતા સુંદર હંસ જેવી જેની સાર કેતાં ગતિ છે જેમની એવા વ્રજભક્ત મોહ પ્રાપ્ત થયા તેથી તે શોભા અનિર્વાચ્ય છે અથવા (સકલ સંસાર) સર્વ કલા યુક્ત જે ચંદ્રમાં તેની ગતિ પણ અટકી ગઈ કેમ જે નિષ્કલંક ગોલ ચંદ્ર જેવી આરસી તેમાં યુગલ સ્વરૂપનું મુખચંદ્ર દેખાય છે તેના આશ્ચર્યથી ચંદ્ર સ્થિર થઈ જાય છે હવે એવા સ્વરૂપના ધ્યાનનું ફલ નિરૂપણ કરે છે. (એ અહર્નિશ ધ્યાન શ્રી વિઠ્ઠલાધીશનું) (એ) કેતાં જે રીતીનું ઉપર નિરૂપણ કર્યું એવું જે (અહર્નિશ ધ્યાન) રાત્ર દિન ધ્યાન તે કોનું (શ્રી વિઠ્ઠલાધીશનું)

શ્રી ગુસાંઈજીનું અથવા નિસાઃધન જનહિત કરવાવાળા શ્રી યમુનાજી પ્રભુતિ તેમના પતિ શ્રી નાથજી તેમનું ધ્યાન કેવું છે તે કહે છે (સકલ કલિમલ દુરિત કોટિ ક્ષાર) કલિકાલના મલ રૂપ જે પાખંડમત તથા અન્યાશ્રયાદિક તેણે કરીને થયેલ જે દુરિત કોટિ તે અસંખ્યાત પાપ તે ક્ષાર કેતાં બળી રાખ થઇ જાય હવે પંદરમાં ચરણથી કહે છે.

એ પ્રભુ ભુવિ પ્રકટ વિપ્રવરતનુ ધરી દીઠડે ત્રિભુવનતણા
ચિત્ત ચાળે ।। હાવભાવાદિક કોટિ કોટિક કરે
મદન જ્વર વ્યથા તે વેગે ટાળે (૧૫)

હવે (એ પ્રભુ) તે શ્રી ગુસાંઇજી અત્રે પ્રભુ શબ્દ કહ્યો તેથી કર્મજન્ય દેહનું નિરાકરણ કર્યું હવે એઓ પૃથવી માથે પ્રત્યક્ષ (વિપ્ર વરતનુ ધરી) છે આચાર્ય સ્વરૂપ ધારણ કર્યો અને તનુ શબ્દે વંશવિસ્તારકત્વ સૂચન કર્યું. અથવા (એ પ્રભુ) તે નિત્ય લીલા વિશિષ્ટ પુરૂષોતમ તેમણે (ભુવિ પ્રકટ) (ભૂ) જે સૃષ્ટિ તેનું ઉત્પત્તિ સ્થાન જે અક્ષરબ્રહ્મ લીલા સ્થાન તેના વિષે મને પ્રત્યક્ષ દર્શન હમણા આપે છે. તેવો (તનુ) તે સ્વરૂપ ધર્યા હવે પ્રભુને અનેક લીલાવિશિષ્ટ અનેક રૂપ છે તેમાં કીયો સ્વરૂપ ધર્યો તો કહે છે કે (વિપ્રવર) વિશેષે કરીને વ્રજભકતોની રમણેચ્છા પૂર્ણ કરવાવાળું એવું જે શ્રેષ્ઠ તનુ ધર્યું હવે તનુ શબ્દથી લૌકિક ઇંદ્રિયથી અગ્રાહ્ય-પણું અનેક રૂપ ધારણ કરીને દર્શન થયા તેથી ગોપાલદાસજીની સર્વ ઈંદ્રિયો અલૌકિક થઇ ગઈ (ધરી) શબ્દ કહ્યો તેથી ષડ ભાવ વિકારનું નિરાકરણ કર્યું હવે સ્વરૂપ કેવું છે કે (દીઠડે) એ સ્વરૂપના દર્શન કર્યાથી (ત્રિભુવન તણા ચિત્ત ચાળે) ત્રણે ભુવનના ચિત્ત ચળાય-માન થાય હવે ત્રિભુવન માત્ર કહ્યું પણ જાતિ કે વ્યક્તિ કહી નહીં તેથી પ્રાણી માત્રનું ચિત્ત ચળાયમાન થાય એવું સૂચન કર્યું. એ

સ્વરૂપે અલૌકિક ઇંદ્રિયોએ કરીને ગ્રાહ્યત્વ નિરૂપણ પૂર્વક વ્રજ સુંદરીઓનું મનોરથ પૂરકત્વ નિરૂપણ કરે છે. હવે યુગલ સ્વરૂપના દર્શન કરીને મોહિત થઈને બધા વ્રજ સુંદરીઓ (હાવભાવાદિક કોટિ કોટિક કરે) હાવ ભાવ જે મનોહર કામ ચેષ્ટા તે કોટી કોટીક તે અનેક પ્રકારના કરે છે પછી પ્રભુ પ્રસન્ન થઇને તેમની (મદનજ્વર વ્યથા તે વેગે ટાળે) કામ રૂપી જ્વરની પીડાને શીઘ્ર નિવૃત્ત કરે છે એટલે મનોરથ પૂરણ કરે છે એવી રીતે સર્વ વ્રજ સુંદરીઓ સર્વદા પ્રભુની સમીપમાં રહે છે અને પ્રભુજી તેમના સર્વ મનોરથો પૂર્ણ કરે છે તો પણ તેમની દર્શનેચ્છા પૂર્ણ નથી થાતી એવા મનોહર પ્રભુ છે તે નિરૂપણ ૧૬ માં ચરણથી કરે છે.

જાલરંધ્રે સખી જાણે ચિત્રેંલીખી
વાંછિતનાથની છબી નિહાળે ॥

કમલખંજન મીન મધુપ જહાં તહાં થકાં
વક્રલોચન પ્રાંત પાછાં વાળે (૧૬)

અર્થ:—હવે જે સમયમાં યુગલ સ્વરૂપ એકાંતમાં બિરાજે છે તે સમે કેટલાક વ્રજ ભકતોને પ્રભુના દર્શનની અત્યંત ઈચ્છા થાય છે ત્યારે (જાલરંધ્રે) એટલે શય્યામંદિરમાં પવન અને પ્રકાશ આવવા માટે નાના પ્રકારની સુંદર જાળી છે તેના છિદ્રમાંથી તે સખી (વાંછિતનાથની છબી નિહાળે) મનવાંછિત પતિની શોભાને નિહાળે છે તે પણ વારંવાર જુવે છે તે સમે તે ભક્ત ચિત્રલીખી પૂતરીવત બની જાય છે અને તેમની આરતિ જોઇને પ્રભુજી પણ જાલરંધ્ર તરફ જુએ છે તેથી પ્રભુજીના નેત્રોને અત્રે કમલ ખંજન અને મીનની ઉપમા આપી છે એવા લોચન પ્રાંત અન્યત્ર જહાં તહાંથી વ્રજ ભક્ત તરફ પાછા વાળે છે હવે સત્તરમાં ચરણથી વર્ણન કરે છે કે—

દાસનો દાસ ભણે સકલ સજ્જન સુણે ॥
શ્રીવિઠ્ઠલ આપનુ બિરદ પાળે (૧૭)

અર્થ:—દાસ જે ભાયલા કોઠારી તેનું દાસ જે હું ગોપાલદાસ તે કહે છે જે હું કહું છું તે સર્વે સજ્જનો સાંભળે છે એથી હું જે કહીશ તે અણુ માત્ર પણ અપ્રમાણિક નથી એ સૂચન કર્યું હવે શું કહેવું છે તે કહે છે જે [શ્રી વિઠ્ઠલ આપનો બિરદ પાળે] શ્રીવિઠ્ઠલનાથજી નિસાઃધન જનનું હિત કરવું એ આપનો બિરદ છે તે આપ પાળે આપના પરમ કૃપા પાત્ર ભાયલા કોઠારી તેની કાનીથી યુગલ સ્વરૂપની લીલાના મને દર્શન કરાવ્યા નહીં કાં એ દર્શન મને કયાંથી એ વાત અણુ માત્ર પણ મિથ્યા નથી હવે આ સાતમો કડવો અર્ધી તુકથી સમાપ્ત કરવાનું કારણ કહે છે કે મને યુગલ સ્વરૂપના દર્શન માત્ર કરાવ્યા લીલામાં પ્રવેશ હજી કરાવ્યો નથી અર્ધુ ફલ પ્રાપ્ત થયું તેથી અર્ધા ચરણથી કડવો સમાપ્ત કર્યો.

અષ્ટમાખ્યાનનું વિવેચન.

સપ્તમાખ્યાનમાં શ્રીગોકુલથી ગિરિરાજજી પધારીને નિત્ય શ્રીગોવર્ધનધરની સેવા આપ ભક્ત શિક્ષાર્થ કરે છે. એ નિરૂપણ દ્વારા પરમસ્નેહ બેઉ સ્વરૂપનો પરસ્પર છે એ નિરૂપણ કર્યું. વળી બેઉ સ્વરૂપના સેવ્ય સેવકભાવ વર્ણનથી દ્વૈત શંકા થાય છે તેના નિવારણને માટે નંદનંદન સ્વરૂપથી જે આપની અનવસર સમયની લીલા તેનું નિરૂપણ કર્યું તથા એ લીલાના ધ્યાનનું ફલ અને મહાત્મ્ય નિરૂપણ કર્યું હવે આઠમા આખ્યાનમાં શ્રીવિઠ્ઠલાવતારની લીલા

નિરૂપણ પૂર્વક શ્રીગોકુલમાં શ્રીનવનીત પ્રિયાજીની સેવા આપ પરમ પ્રેમથી જીવ શિક્ષાર્થ કરે છે તે નિરૂપણ કરે છે (રાગ ધન્યાશ્રી)નું કારણ જે એ આઠમા આખ્યાનનું ગાન અને તેને અનુસાર ધ્યાન પણ જે કરશે તેઓને ધન્ય છે એ સૂચનાર્થ ધનાશ્રી રાગમાં ગાન કર્યું છે.

પ્રથમ ચરણ

લલિત મનોહર શ્રીવલ્લભ સુવન સુજાણ ॥

નખ શિખ સુંદર વ્રજ જન જીવનપ્રાણ (૧)

અર્થ:—(લલિત) કેતાં સુંદર તે પણ સામાન્ય નહી (મનોહર) ચિત્ત હરણ કરે તેવી સુંદરતા વળી કેવા કે (સુજાણ) સર્વ વિદ્યાના અનેકલાના નિધાન અને ભક્તોની સેવાને પણ જાણવાવારા એવા કોણ તે કહે છે કે (શ્રીવલ્લભાચાર્યજીના પુત્ર શ્રીગુસાંઇજી આપ. હવે સુવન કહ્યા તેથી લૌકિક જીવતુલ્ય હશે એ શંકાનું નિવારણ કરવાને નંદનંદન રૂપ આપ છો સર્વાંગ સુંદર છો અને (વ્રજ જન જીવનપ્રાણ) વ્રજસુંદરી તેમના મનને હરણ કરવાવાળા અને શ્રીજેસ્વામિન્યાદિક તેના (વલ્લભ) તે પતિ હવે વ્રજસુંદરી પ્રભુની લીલા સામગ્રીમાં દ્વૈત ભાસે છે તેનું નિવારણ કરે છે (સુવન) તે સ્વરૂપાભિન્ન લીલાસૃષ્ટિના ઉત્પન્ન કરવાવાળા તેજ વેદમાં બૃહદારણ્યકાદિ ઉપનિષદોમાં પુરૂષવિધ બ્રાહ્મણાદિ સ્થળોમાં નિત્ય લીલાસૃષ્ટિ કહી છે અને તત્વદીપ શાસ્ત્રાર્થ પ્રકરણમાં ૭ પ્રકારની સૃષ્ટિ લખી છે તેમાં (कदाचित्सर्वमात्मैव) એ કારિકામાં પુરૂષોત્તમ પોતેજ લીલામાં નદવૃક્ષાદિરૂપ થાય છે આ સૃષ્ટિમાં આનંદાંશ તિરોભાવાદિક નથી એવી નિત્ય લીલાસૃષ્ટિ કહી છે અને તત્વાર્થદીપ નિબંધમાં શ્રીમહાપ્રભૂજીયે (कदाचित्सर्वमात्मैव भवतीहजनार्दनः) એ સ્થળમાં નિરૂપણ કર્યું છે. વળી આપ કેવા છે (સુજાણ) વિવિધ ભોગ ચતુર એજ

વિશેષણ પુરૂષોત્તમને બ્રહ્મવલ્લિ ઉપનિષદમાં કહ્યું છે હવે કેવલ મનોહરત્વ તો મંત્રાદિકે કરીને પણ થાય છે તેના નિવારણાર્થ સૌંદર્ય નિરૂપણ કરે છે (નખશિખ સુંદર) ચરણાર્વિંદના નખથી માંડીને શ્રી મસ્તકના કેશ સુધી સર્વાંગ સુંદર અને વળી કેવા કે (વ્રજ જન જીવન-પ્રાણ) વ્રજજન જે સખીજન તેના જીવન જે ચારો યૂથાધિપતિ શ્રીસ્વામિન્યાદિક તેના પ્રાણ તે અનન્ય પ્રિય અથવા ત્રીજો અર્થ (લલિત) જેશ્રીગોવર્ધનધર તેના (મનોહર) તે ચિત્ત હરવાળા એવા અને (શ્રી) જેશ્રીસ્વામિનીજી તેના (વલ્લભ) તે પ્રિય કેમ જે અત્યંત સેવાયે કરીને બન્ને સ્વરૂપોને આપ રીઝાવે છે તેથી (સુવન) તે પુષ્ટિમાર્ગના પ્રકટ કરવાવારા કેમ જે પડ પ્રસવાર્થક ધાતુનો સુવન શબ્દ છે અને આપ કેવા છે (સુજાણ) અલૌકિક જ્ઞાનવાળા એથી ભક્તોને સેવા શિક્ષકત્વ પુષ્ટિમાર્ગાચાર્યત્વ જ્ઞાનદાતૃત્વ સૂચન કર્યું અને આપ કેવા અત્યંત સુંદર અને વળી કેવા (વ્રજજન જીવનપ્રાણ) જન જે દૈવી જીવ તેના વ્રજ કેતાં સમૂહ તેના જીવન જે શ્રીમહાપ્રભુજી તેના પ્રાણ અત્યંત પ્રિય પુત્ર હવે સૌંદર્ય નિરૂપણ કરીને તેજ નિરૂપણ દ્વિતીય ચરણથી કરે છે.

વદન કાંતિ જાણે ઉદયાકોટિક ભાણ ॥
દ્વિજકુલ મંડન પ્રકટયા પુરૂષ પ્રમાણ (૨)

અર્થઃ—(વદનકાંતિ) તે શ્રીમુખનું તેજ તે જાણે (ઉદયાકોટિક-ભાણ) કોટાન કોટિ જાણે સૂર્ય ઉદયા હોય હવે અત્રે સૂર્યની ઉપમાં આપી તેથી (ભક્ત હૃદયાબ્જ વિકાશત્વ) ભક્તના હૃદયરૂપી કમળને ખીલવવાપણું અને અજ્ઞાનાંધકાર નાશકત્વ, ઉલુક સદસ પાખંડી જનોને ગતિહીન કર્તૃત્વ ઈત્યાદિ અનેક અભિપ્રાય સૂચન કર્યા વળી આપ કેવા છો (દ્વિજકુલમંડન) દ્વિજ જે બ્રાહ્મણ તેમનું

કુલ જે તૈલંગ કુલ તેના મંડન કેતાં આભરણરૂપ (પ્રકટયા) તે પ્રકટ થયા કોણ તે કહે છે કે (પુરૂષ પ્રમાણ) પ્રમાણ જે વેદ તદ્રૂપ પુરૂષ એવું ભાવાર્થ એ જે તૈલંગ કુલને શોભા કરવાને સાક્ષાત વેદસ્વરૂપ આપ પ્રકટ થયા હવે તેજનું નિરૂપણ કરીને નામ મહાત્મ્યનું નિરૂપણ ત્રીજા ચરણથી કરે છે.

નામ તે નિરૂપમ ઉચ્ચરે સકલ કલ્યાણ ॥
તેના સાંખી ચારે વેદ પુરાણ (૩)

અર્થ:—તે કેતાં શ્રીવિઠ્ઠલ એવું પ્રસિદ્ધનામ તે કેવું છે (નિરૂપમ) ઉપમા ન આપી શકાય તેવું (ઉચ્ચરે સકલ કલ્યાણ) એમના નામનું ઉચ્ચાર કરેથી સર્વ પ્રકારનું કલ્યાણ પ્રાપ્ત થાય અથવા (ઉચ્ચરે) તે ઉચ્ચાર કરે તો (સકલ) સર્વ કલાયુક્ત તે જો વિશિષ્ટ થાય અને (કલ્યાણ) તે પર્યવસાનમાં કેતાં છેવટમાં તેનું મોક્ષ થાય તેથી (નિરૂપમ) એમ કહ્યું એવી રીતે તમે કહો છો તે યથાર્થ છે કે કેમ? તેમાં પ્રમાણ શું તે કહે છે કે (તેના સાંખી હું જે કહું છું તેના સાક્ષી (ચારે વેદ પુરાણ) અહિં વેદ તો ચાર કહ્યા પણ પુરાણની સંખ્યા ન કહી તેથી સાક્ષાત્ ભગવત્પ્રતિપાદક શ્રીમદ્ ભાગવતાદિક સારભૂત સાત્વિક પુરાણ તે સાક્ષી છે એ સૂચન કર્યું ભાવાર્થ એ જે શ્રીવિઠ્ઠલ એવું નામ નિરંતર પ્રેમપૂર્વક ઉચ્ચાર કરે તો તેના સર્વ કાર્ય સિદ્ધ થાય એ વાર્તા વેદ પુરાણમાં પ્રસિદ્ધ છે. એવી રીતે નામ માહાત્મ્ય નિરૂપણ કરીને હવે વીર્યનું નિરૂપણ ચોથા ચરણથી કરે છે.

અસુર હણેવા બ્રહ્મવાદ કરપાણ ॥
ભક્તિ કરે સહુ વાજંતેરે નિશાણ (૪)

(અસુર) જે આસુર જાત તેને (હણેવા) કેતાં નાશ કરવાને (બ્રહ્મવાદ કરપાણ) બ્રહ્મવાદ જે વેદાંત તે રૂપી કરપાણ કેતાં કૃપાણ જેને ભાષામાં ખાંડો અથવા તરવાર કહે છે. ફલિતાર્થ એ જે વૈદિક સિદ્ધાંતાનુસાર સર્વ આસુર મતોનુ ખંડન આપે કર્યું તેથી (ભક્તિ કરે સહુ વાજંતેરે નિસાણ) સર્વ ભક્તો નિર્ભય થઇ ડંકો વગાડીને નિશંક થઇ ભક્તિ કરવા લાગ્યા. હવે વીર્યનું નિરૂપણ કરીને પાંચમા ચરણથી યશનું નિરૂપણ કરે છે.

વૈષ્ણવ જનને આપે પદ નિર્વાણ
મારગ મુગતો કોય ન માગે દાણ (૫)

અર્થ—(વૈષ્ણવજન) જે ભગવદીય જન અથવા (વૈષ્ણવ) જે ભગવદીય તેના જન અનુગ્રહિત ગોપાલદાસજી પ્રભૃતિ તેમને (આપે પદ નિર્વાણ) નિર્વાણ પદ જે મોક્ષ પદ નિત્ય લીલાસ્થાન જે ગોલોક તે આપે. ફલિતાર્થ એ જે નિત્યલીલામાં તેનો અંગીકાર કરે છે એથી કહે છે જે (મારગ મુગતો કોય ન માગે દાણ). મારગ જે પર પ્રાપ્તિનું મારગ મુગતો એટલે પ્રતિબંધ રહિત છે તેથી કહે છે કે (કોયન માગે દાણ) દાણ જે રાજાઓનો કર કોઈ માગે નહી. ભાવાર્થ એ જે રાજાઓનો કર સર્વ પદાર્થો પર લાગે છે. પરંતુ ચક્રવર્તી રાજા કોઇને કહી પદાર્થ આપે છે તો તેનું કર કોઈ લેતા નથી તેવી રીતે આપ પણ જેને કૃપા કરી નિર્વાણ પદ આપે છે તેને દેવતા પણ પ્રતિબંધ કરી નથી શકતા. આ પ્રકાર બૃહદારણ્યકાદિક ઉપનિષદોમાં નિરૂપણ કર્યું છે. વળી છટ્ટા ચરણમાં પણ યશનું નિરૂપણ કરે છે.

ચરણ ચાંખડી વંદે રાણોરાણ ॥
સરસ થયા જેહુતા પ્રેત પાષાણ (૬)

અર્થ:—(ચરણુ ચાંખડી) તે ચરણારવિંદમાં પહેરવાની પાદુકા (વંદે રાણોરાણ) રાજાઓના રાજા એટલે ચક્રવર્તી રાજાઓ પણ વંદે છે. હવે લૌકિક યશનું નિરૂપણ કરે છે કે (સરસ થયા જેહુતા પ્રેત પાષાણ) એટલે પ્રેત રૂપ અને પાષાણ રૂપ હતા 'તેઓ પણ આપની પાદુકાના વંદને કરીને સરસ કેતા. રસ સંયુક્ત એટલે ભક્તિરસ સંયુક્ત થયા અથવા (રસ) રૂપ જે પુરૂષોત્તમ તેણે કરીને યુક્ત થયા એટલે નિત્યલીલાની તેમને પ્રાપ્તિ થઇ તે પછી સાતમાં ચરણમાં કહે છે:—

હતિત પતિતનું જૂવો તમે પ્રકટ એંધાણ ॥
શેષ સહસ્ર મુખ ઉચરે જેના વખાણ (૭)

અર્થ:—(હતિત પતિતનું) હતિત પતિત નામના બે પ્રેત હતા. તેમનું પ્રત્યક્ષ એંધાણ કેતાં ચિન્હ તમે જૂવો એમ ગોપાલદાસજી મન બુદ્ધિ ચિત્ત અને અહંકારથી કહે છે એટલે અંતઃકરણથી કહે છે. હવે એ પ્રકાર તો ઉપલક્ષણ રીતીથી કહ્યો. પરંતુ આપનો ગુણ એનાથી પણ અધિક છે તે કહે છે કે (શેષ સહસ્ર મુખથી) એટલે બે હજાર જીભ્હાથી જેના વખાણ ઉચ્ચારે છે. હવે શેષજી સ્તુતિ કરે છે તેથી આપની પ્રસિદ્ધિ પાતાળ પર્યંત હશે ? એ શંકાનું નિરાસ આઠમા ચરણથી કહે છે કે:—

ચૌદલોકમાં વરતે જેહની આણ ॥
ત્રાસ તિમિરનું જાણે સકલ વિહાણ (૮)

અર્થ:—ચૌદેલોકમાં જેની દુહાઈ ફરી રહી છે તે કેવી છે કે (ત્રાસ તિમિરનું) ત્રાસ તે પાખંડનું યમ, પ્રભૃતિનું ભય તે રૂપી તિમિર કેતાં અંધકાર. તેને (જાણે સકલ વિહાણ) સર્વ

પ્રકારથી નાશ કરે છે અથવા ત્રાસ તિમિર મિટાવવાને (વિહાણ) તે શસ્ત્ર કેવો કે (સકલ) તે કલાયે કરીને સહિત તે ઉજ્વલ, એથી તીક્ષ્ણતા સૂચન કરી. એનું ભાવાર્થ એ જે આપે દિગ્વિજય કર્યો. તેના શ્રવણ માત્રથી સર્વ અધર્મી લોપ થયા તેથી પાખંડીનું પાખંડ મટયું અને સર્વ દૈવો જીવ શરણે આવ્યા.અને ભક્તિ કરવા લાગ્યા. તેથી યમનો ભય પણ ગયો. હવે કેવલ એજ અવતાર આપે ધારણ કર્યો અને હમણાજ આપે એ કાર્ય કર્યું હશે ? નહીં પ્રતિયુગ અવતાર ધારણ કરીને એ કાર્ય આપ કરે છે તેનું નિરૂપણ નવમા ચરણથી કરે છે.

અધર્મ સકલનું પેરે પેરે કીધૂં વિત્રાણ ॥
ધર્મ સકલનું પ્રભુજીયે કીધું ત્રાણ (૯)

અર્થ:—હવે (પ્રભુજીયે) કેતાં સર્વ સમર્થ એવા પ્રભુજીએ (પેરે પેરે) વિવિધ પ્રકારથી (સકલ) તે કલાએ કરિને સહિત કેતાં પ્રબલ એવો જે અધર્મ તેનું (કીધું વિત્રાણ) એટલે નાશ કર્યું, એવી રીતે અધર્મ નાશકત્વ નિરૂપણ કરીને હવે ધર્મ રક્ષકત્વ નિરૂપણ કરે છે. (સકલ) તે સર્વ (ધર્મ) તે વૈદિક સ્માર્ત ધર્મ તેનું અથવા (ધર્મ) તે વૈષ્ણવ ધર્મ તેણે કરીને સકલ કેતાં સર્વ કલાયુક્ત તેજસ્વી જે નિજભક્ત તેનું અથવા ધર્મ છે, પ્રબલ જેનાથી એવા ઋષિ પ્રભૃતિ તેનું અથવા (ધર્મ) જે પ્રભુજીએ આપેલ સ્વસ્વાધિકાર ધર્મ તેણે કરીને (સકલ) તે તેજસ્વી સૂર્ય ચંદ્રાદિક દેવતા તેઓનું (કીધૂં ત્રાણ) તે રક્ષણ કરે છે. તેજ આપે ગીતાજીમાં કહેલ છે (यदा यदाहि धर्मस्य ग्लानि र्भवति भारत ॥ अभ्युत्त्थानम धर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥) એ શ્લોકમાં આપે આજ્ઞા કરી છે એવી

રીતે પ્રતિયુગ આપ અવતાર ધારણ કરે છે એ નિરૂપણ કરીને ફરી શ્રીવિઠ્ઠલાવતારનું ચરિત્ર દશમા ચરણથી વર્ણન કરે છે.

સન્મુખ કીધાં જેહુતા ભ્રષ્ટ અજાણ ॥
નિર્ભય કીધા શિર પર ધરી નિજ પાણ ॥ (૧૦)

અર્થ:—જે (અજાણ) કેતાં અજ્ઞાની હતા તેઓ ભગવન્ માર્ગથી વિમુખ અને ભ્રષ્ટ હતા તેઓને (સન્મુખ કર્યાં) એટલે ભગવન માર્ગોન્મુખ કર્યાં. પછી પોતાનો શ્રીહસ્ત તેમના મસ્તક પર ધરી નિર્ભય કીધા. એટલે કાલાદિકના ભયથી રહિત કર્યાં. કઈ રીતીથી વિમુખોને સન્મુખ કર્યાં તેનું વર્ણન ૧૧ માં ચરણથી કરે છે કેઃ—

નિગમ તત્વ રસ યશભર અમૃત સંધાન ॥
રૂપ સુંદરતા શું કહું નહીં કો એહ સમાન ॥ (૧૧)

અર્થ:—(નિગમ) જે વેદ તેનું (તત્વ રસ) તે સારભૂત રસ ભક્તિરસ તે શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધના પ્રથમાધ્યાયમાં (निगम कल्पतरोर्गलितंफलं) એ શ્લોકમાં નિરૂપણ કર્યું છે. અને યશ તેના કહેવાવારા પુરાણાદિક તેનો (ભર) તે સમૂહ તેનું (કરી સંધાન) તે ઉપદેશ કરીને અથવા (નિગમ) જે વેદ તેનું (તત્વ) જે સારભૂત એવો જે (રસ) તે ભગવદ્ સ્વરૂપ. તેના યશનું (ભર) તે સમૂહ જેમાં છે એવા શ્રીમદ્ ભાગવતાદિક તેનું (સંધાન). તે સુબોધિનીજી ગ્રંથ દ્વારા હૃદયમાં જ્ઞાને કરીને આપના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન કરાવે છે તે સ્વરૂપ કેવો છે તેનું નિરૂપણ કરે છે (રૂપસુંદરતા) તે આપના શ્રી અંગની સુંદરતાને (શું કહું?) હું શું કહી શકું મારાથી કહી ન જાય કેમ જે (નહીં કો એહ સમાન) એ સ્વરૂપના તુલ્ય કોઈ નથી. તેથી આનું ભાવાર્થ એ જે પ્રથમ જીવને ઉપદેશ દ્વારા

હૃદય શુદ્ધ કરીને પછી પોતાના અલૌકિક સ્વરૂપનું અનુભવ કરાવે છે. હવે ગોપાલદાસને જેવા જેવા દર્શન થયા તેનું વર્ણન કર્યું તેથી અત્યંત ચિત્તને આનંદ થયો અને ભાયલા કોઠારીનું મોટો ઉપકાર મનમાં માન્યો તેથી બારમાં ચરણથી કહે છે.

કૃપા કરી હરિ રાખી બહુ વિધિ કાન ॥
સેવકજનને રાખી લ્યો એહ લાહાણુ ॥ (૧૨)

અર્થ:—હવે ગોપાલદાસજી પ્રાર્થના કરે છે જે આપ કેવા છો (હરિ) તે સર્વ દૈવી જીવોના દુઃખ હરતા તેથી (કૃપા કરી) તે કૃપા કરીને (બહુવિધ) ઘણા પ્રકારની (રાખી કાન) ભાયલા કોઠારીની કાનીથી કાન રાખી તેઃમર્યાદા રાખી તે કેમ? જે એવા અલૌકિક દર્શન મને કરાવ્યા તે તેમની કાનથી પરંતુ હવે જે લીલાના મને દર્શન થયા તેમાં મને રાખો દૂર નહી રાખો! એ પ્રાર્થના કરે છે (સેવકજનને) સેવક જે ભાઈલા કોઠારી તેનો જન કેતાં દાસ જે હું ગોપાલદાસને (રાખી લ્યો). સેવકને લીલાના દર્શન કરાવ્યા તે લીલામાં રાખી લ્યો (એ લાહાણુ) તે એ સુખનું લાભ મને પ્રાપ્ત થાય તેવું અનુગ્રહ કરો હવે ગોપાલદાસે જે પ્રાર્થના કરી તે આપે સ્વીકારી એવું ભાસે છે તેથી આગળ ૧૩ મા ચરણમાં કહ્યું જેઃ—

એહવા તે ગુણનિધિ નાથ ગાતાં બ્રહ્મહત્યાદિક અઘટળે ॥
લીલા તે લેહેરી સિંધૂ જીલે રાસ રસિકને જઈ મળે (૧૩)

અર્થ:—(એહવા) જેમણે મારી તુચ્છની પ્રાર્થના માની અને જેમનું ઉપર વર્ણન કર્યું એવા કોણ તે કહે છે કે (તે ગુણનિધિનાથ) તે કે જેઓ વેદાદિકોમાં પ્રસિદ્ધ છે અને કેવા કે (તે ગુણનિધિ) તે ઐશ્વર્યાદિ અલૌકિક ગુણોના ભંડાર એવા (નાથ) તે સર્વ સમર્થ

અને પ્રભુ પ્રાપ્ત્યર્થ વિપ્રયોગના દેવાવારા એવા જે આપ તેમને (નાથ) એટલે ગુણાનુવાદનું ગાન કરેથી (બ્રહ્મહત્યાદિક અઘટળે) બ્રહ્મહત્યા પ્રભૃતિ પાપ મિટે. હવે એ રીતીથી ભકતોનો અનિષ્ટ નિવૃતત્વ વર્ણન કરીને ઈષ્ટ દાતૃત્વ નિરૂપણ કરે છે. (લીલા તે લેહેરી સિંધૂ ઝીલે) એટલે જે જે આપના યશનું ગાન કરે છે તે લીલા રૂપ જે લહરી યુક્ત સિંધૂ કેતાં સમુદ્ર તેમાં ઝીલે યાને નિમગ્ન થાય. હવે લીલાનુ સિંધૂત્વ કહ્યું એથી અગાધત્વ સૂચન કર્યું અને લેહેરી યુક્તત્વ એથી નિત્ય નવત્વ અને અદ્વૈત સૂચન કર્યું હવે બીજો તેને શું લાભ થાય છે તે કહે છે. (રાસ રસિકને જઈ મળે) રાસ રસિક જે પ્રભુ તેમને અથવા રસોનો જે સમૂહ રાસ તે કોણ જે પુરૂષોત્તમ તેમનું અનુભવ કરવાવાળા તે રસિક વ્રજ ભક્ત તેઓમાં જઈને મળે કેતાં આલોકમાંથી ભગવલ્લોકમા અલૌકિક દેહથી જઈને ભગવલ્લિલાનું અનુભવ કરે. આ પ્રકાર બ્રહ્મવલ્લી પ્રભૃતિ ઉપનિષદોમાં નિરૂપણ કર્યુ છે. હવે એવા પ્રભુ તો સર્વથી પર છે. તેઓ ભૂતલ માથે કેમ પધાર્યા? તેનું હેતુ ૧૪ મા ચરણથી કહે છે.

નિઃસાધનજન હિત કરેવા શ્રીનાથવિઠ્ઠલ આવિયા ॥
વ્રજમાં તે હીંડે મલપતાં તે વ્રજ સખી મન ભાવિયા (૧૪)

અર્થ:—(નિઃસાધન) તે જ્ઞાનાદિ સાધનહીન એવા જન જે દૈવી જીવ તેમનું હિત કરવાને તે અંગીકાર કરવાને શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીગોવર્ધનનાથજી એ બન્ને સ્વરૂપ આવિયાં. તે ભૂતલને વિષે પધાર્યા. ભૂતલમાં કયા દેશમાં પધાર્યા તે કહે છે (વ્રજમાં તે હીંડે મલપતાં) તે કેતાં શ્રીનાથજી અને શ્રીગુસાંઇજી નિત્યલીલા સ્થાન વ્રજ દેશમાં ગજ ગતિથી અનેક લીલા સુખ દેખવાને ચાલે છે તેથી તેઓ વેદ પુરાણાદિકમાં પ્રસિદ્ધ છે. (વ્રજ સખી) તે શ્રુતિરૂપા

તેમના મનમાં (ભાવિયા) તે તેમને અત્યંત પ્રિય લાગે છે એવી રીતે વ્રજ ભકતોનું પ્રિયત્વ નિરૂપણ કરીને હવે સેવકજનોનું પ્રિયત્વ ૧૫ માં ચરણથી નિરૂપણ કરે છે.

કમલ નેણેંને અમૃત વેણેં વાકય માધુરી રેડતાં ॥
વેદધ્વની મિષે હસ્ત ચલણે શોભે સૌને તેડતાં (૧૫)

અર્થ:—(કમલ નેણેં) કમલ નયન જે શ્રીગોવર્ધનધર તેનાથી (અમૃત વેણેં) અમૃત જેવા મધુર વચનથી (વાકયમાધુરી રેડતાં) વાકય જે યથોચિત પદ સમૂહ તેની માધૂરી મિષ્ટતા તેને રેડતા તે કાનમાં નાખે છે. એવા હવે રેડતાં એમ કહ્યું તેથી વચનને રસ રૂપત્વ સૂચન કર્યું. એનું ભાવાર્થ એ છે જે ભકતો માથે આપ એવી કૃપા પ્રભુજીની કરાવે છે. જે પ્રભુજી ભકતોની સાથે સંભાષણ કરે છે અને આપ શ્રીસુબોધિન્યાદિક રૂપી વચન તે ભકતોને પાવરાવે છે. હવે અલૌકિક કાર્યનું નિરૂપણ કરીને શ્રીવિઠ્ઠલાવતાર કાર્યનું નિરૂપણ કરે છે (વેદધ્વની મિષે હસ્ત ચલણે) વેદ તે ચારો વેદ તેની ધ્વની તે ઉંચા સ્વરથી પાઠ કરવો. તેનો જે હસ્ત ચલણ વાજસનેયી શાખા પ્રભૃતિના સ્વર સુચન કરવાને શ્રીહસ્તનું ચલન તે એવું શોભે છે. જેમાનો સૌને (તેડતાં) સૌ મૂર્તિમતિ શ્રુતિ છે તેને જાણે આપ બોલાવતા હોય એ ઉત્પ્રેક્ષા કરી તેથી એ સૂચન કર્યું. જે વસ્તુત આપ કાંઇ શ્રુતિઓને બોલાવતા નથી કેમ જે વેદ સ્વસ્વરૂપાભિન્ન છે. એ હસ્ત ચલણના મિષથી સર્વ દૈવી જીવોને ભગવતલીલા પ્રાપ્તિને માટે પોતાની સમીપ બોલાવે છે. હવે વંશ દ્વારા પણ આપ ભકતોને સુખ આપે છે તેનું નિરૂપણ ૧૬ માં ચરણથી કરે છે.

ભાંત ભાંત લીલા કરે પ્રભુ સાત સ્વરૂપ સોહામણા ॥
એકએકથી અધિક શોભે વ્રજ સખી લે ભામણા (૧૬)

અર્થ:—(ભાંતભાંત) નાના પ્રકારથી (લીલા કરે) લીલા કરે છે તે કોણ (પ્રભુ) સર્વ સમર્થ આપ અને (સાત સ્વરૂપ) તે સાત બાલક શ્રીગિરિધરજી પ્રભૃતિ તે કેવા (સોહામણા) અત્યંત મનોહર (એક એકથી અધિક શોભે) એક એકથી અધિક કહ્યા એથી સર્વ બાલકોનો ભગવદરૂપત્વ સૂચન કર્યું અથવા શ્રીગોવર્ધનધર રૂપથી સુખ દે છે તે પ્રથમ નિરૂપણ કર્યું. હવે શ્રીનવનીત પ્રિયાજી આદિ બીજા ભગવદ સ્વરૂપથી પણ આપ સુખ આપે છે તે નિરૂપણ કરે છે (ભાત ભાંત લીલા કરે) તે અનેક પ્રકારની લીલા કરે છે. તે કોણ (પ્રભુ સાત સ્વરૂપ) તે સાત નિધિસ્વરૂપો હવે આપના પરિવારની શોભા દેખીને દેવતા પણ પ્રસન્ન થાય છે. એ નિરૂપણ સત્તરમાં ચરણથી કરે છે.

પેરે પેરે પરિવાર સોહે દેવ મોહે નિરખતાં ॥
ઉત્સાહ આનંદ અધીક વાધ્યો કુસુમ વરખે હરખતાં (૧૬)

અર્થ:—(પેરે પેરે) તે અનેક પ્રકારે કરીને પુત્ર પૌત્ર બેટીજી તેના જન્મથી (પરિવાર) તે કુટુંબ શોભે છે. તેથી (દેવ મોહે નિરખતાં દર્શન કરતા દેવતાઓ પણ મોહ પ્રાપ્ત થાય છે. વળી (ઉત્સાહ આનંદ) એમના ઉત્સાહ તે પુત્ર પૌત્રાદિક જન્મોત્સવ તેનું જે આનંદ તે હર્ષ તે ભૂતલમાં અધિક વધ્યો તેથી તેઓ હરખીને કુસુમ વૃષ્ટિ કરે છે. હવે અઢારમાં ચરણથી શ્રૃંગાર રસરૂપત્વ નિરૂપણ કરે છે.

રંગે તે રંગ્યા રસ ભર્યો પ્રભુ ઘોષમાં લીલા કરે ॥
અધિક અધિક પ્રતાપ પૂરણ યશ દશો દિશ વિસ્તરે (૧૮)

અર્થ:—(રંગ) તે સ્નેહ શ્રૃંગાર રસનો સ્થાયી ભાવ તેથી (રંગ્યા) તે સ્નિગ્ધ કેતાં નિરવધી સ્નેહ યુક્ત તેથી (રસ ભર્યા)

તે શ્રૃંગાર રસરૂપ એવા અને કેવા કે (પ્રભુ) સર્વ સમર્થ આપતે (ઘોષમાં લીલા કરે). ઘોષ જે શ્રીગોકલ તેમાં લીલા કરે ને પરિનિષ્ટિતાનંદ રૂપ જે સ્વપરિગ્રહ તેનાથી વિહાર કરે છે અને બીજું આપ શું કરે છે તે કહે છે (અધિક અધિક પ્રતાપ પૂરણુ) દિનો દિન અધિક એવો જે પ્રતાપ કરે છે. આપ પુત્રાદિ સહિત પુરૂષોતમ રૂપ છે તેથી આપ્તકામ છે તો પણ ગૃહસ્થાશ્રમના સુખને કેમ અનુભવ કરે છે? તેને હેતુ જણાવતાં વહુબેટીનું વર્ણન ૧૯ મા ચરણુથી કરે છે.

અંતઃપુર લીલા કરે પ્રભુ સકલ જન સંતોષતાં ॥
જાણે તે મતમ.તંગ છૂટયા નૂપુરને નિરઘોષતાં (૧૯)

અર્થઃ—હવે (પ્રભુ) ષડગુણ ઐશ્વર્ય સંપન્ન આપ છો પરંતુ (સકલજન) જે અંતઃપુરસ્થ સર્વ જન અથવા કલા કરીને સહિત તે (સકલ) કેતાં ચંદ્ર તેના જેવા (જન) તે પરિનિષ્ટતાનંદરૂપ સ્વપરિગ્રહરૂપ તેમને (સંતોષતાં). સંતોષ જે આપ્તકામતા તેને કરવા લાગ્યા (અંતઃપુર લીલા કરે) તે અંતઃપુરમાં લીલા કરે છે. એનું ભાવાર્થ એ જે સ્વકીયજન જે ભૂતલમાં છે તેના સંતોષાર્થે આપે ગૃહસ્થાશ્રમનું અંગીકાર કરેલ છે. હવે એ રીતીથી ગ્રહસ્થાશ્રમનો અંગીકાર લોકસંગ્રહાર્થ છે એ નિરૂપણ કરીને હવે વસ્તુતઃ ભગવદ્સેવાર્થ ગૃહસ્થાશ્રમનું અંગીકાર છે તેજ શ્રીમહાપ્રભુજીને તત્વદીપમાં (मार्या दिरनुकूलश्चेत्कारयेत् भगवत् क्रियाम्) એ કારિકામાં આજ્ઞા કરી છે તેજ નિરૂપણ કરીયે છીયે (જાણે તે મત્તમાતંગ છૂટયા) જાણે માતેલા હાથી છૂટયા. એવી રીતે (નૂપુરને નિરઘોષતાં) નૂપુરના અવાજ સહિત પધાર્યાં. તે પછી ૨૦ માં ચરણુથી વર્ણન કરે છે.

હારકંકણ કર્ણભૂષણ નાદ નાના હીંડતાં ॥
ગાન ગાયે ને સ્વર સુહાય શ્રીનવનીતપ્રીયાજીને પોઢતાં (૨૦)

અર્થ:—હાર કંકણ કર્ણભૂષણ આદિના (જ્યારે ચાલે છે ત્યારે નાના પ્રકારના) નાદ થાય છે અને ભગવદ્ યશનું ગાન કરે છે તે વખતે કંઠમાંથી નીકળતા સમ સ્વર સુહાયે છે. કોને સુહાયે છે કે પોઢતી વખતે શ્રીનવનીત પ્રીયાજીને સુહાય છે. બપોરના અનવસર થાય છે તે વખતમાં ગાન સાંભળતાં શ્રીનવનીત પ્રીયાજી અથવા પ્રીયાપ્રીતમ જુગલ સ્વરૂપ ને અત્યંત પ્રીય લાગે છે. વળી સવારના જગાવવાથી માંડી અનવસર સુધી બાળક વહુબેટીઓ સેવામાં તત્પર હોય છે. તેથી તેમનો અંગીકાર કરેલ હારકંકણ કર્ણભૂષણ આદિના નાદ થાય છે તે પણ જુગલ સ્વરૂપ ને અતિ પ્રિય લાગે છે. સવારથી રાજભોગ સુધીનું વર્ણન કરીને ૨૧ માં ચરણથી સાંજ સમયનું વર્ણન કરે છે.

સંજાસમે શ્રૃંગાર નૌતન ફૂલગૂંથે સૌ મળી ॥
સદન શોભા નિરખતાં તે લક્ષ્મી મન પામ્યા રળી (૨૧)

અર્થ:—સાંજ સમયમાં વહુબેટીઓ નવો શ્રૃંગાર ધારણ કરે છે અને સરવે મળીને ફૂલગૂંથે છે અથવા ફૂલઘરની સેવા કરે છે તે સમયની શોભા કેવી છે તે નિરૂપણ કરે છે (સદન શોભા નિરખતાં) સદન તેજનાનો તેની શોભા જોઇને લક્ષ્મી જે વૈકુંઠમાં રહે છે તે હર્ષ પામ્યા. હવે બાવીસમાં ચરણથી વર્ણન કરે છે કે—

વાસ વાંછે વ્રજ બસેવા એણી પેરે સુખ પામવા ॥
શ્રીપુરૂષોત્તમ ઉત્તમવરને સમે જોઇ શિરનામવા (૨૨)

અર્થ:—વહુબેટીઓ જે પ્રભુની સેવા કરે છે તે સંબંધી સુખ પ્રાપ્ત થવાને મારો વ્રજમાં વાસો થાય તો એ સુખની પ્રાપ્તી

થાય અને યથાધિકાર શ્રીપુરૂષોત્તમ એવા પ્રભુને સમય જોઈ દંડવત કરવા થાય એ વાંછના કરે છે. હવે ત્રેવીસમાં ચરણથી વર્ણન કરે છે.

પ્રતિસદન શોભા અતિ ઘણી ભણી વેદ વદને ન જાય ।।
મકરંદ માતા ભ્રમર ગુંજે પક્ષી નાદ સુહાય (૨૩)

અર્થ:—પ્રતિસદન તે સર્વ બાળકોના ઘરની શોભા અતિ ઘણી છે એટલે અનિર્વાચ્ય છે તે (ભણી વેદ વદને ન જાય) વેદ ચાર છે તેથી વેદની સંજ્ઞા ચાર સચક છે. વેદ વદને એટલે ચાર વદન એવા બ્રહ્માથી પણ વર્ણવી ન જાય. અથવા મૂર્તિમાન જે ચારે વેદ તેઓ પણ પોતાના મુખથી કહી નથી શકતા. એવી રીતે ઘરની શોભા વર્ણન કરીને બાહિરની શોભા વર્ણન કરે છે (મકરંદ માતા) શ્રી યમુનાજીમાં જે કમલ છે તેના મકરંદથી ભ્રમરમત્ત બની ગુંજારવ કરી રહ્યા છે અને (પક્ષીનાદ સુહાય) અને અનેક પક્ષીઓ પોતપોતાની શબ્દ માધુરી કરી રહ્યા છે. તે પક્ષીઓ સામાન્ય નથી. લીલોપયોગી અલૌકિક છે તે ૨૪ માં ચરણથી નિરૂપણ કરે છે.

લીલાને અનુસાર કલરવ કૂજતા દ્વિજ શોભતા ।।
સ્વ સ્વભાવ ત્યાગીને ધ્યાનરાગી કોઈક ભાવે લોભતા (૨૪)

અર્થ:—(દ્વિજ) તે પક્ષી (લીલાને અનુસાર) એટલેજેવી જેવી લીલા પ્રભુજીની થાય છે તેને અનુસરતું કૂજન એટલે શબ્દમાધુરી કરે છે. અને પક્ષીઓનો સ્વભાવ ચંચળ હોય છે, તે પોતાના ચંચળતા રૂપી સ્વભાવને તજીને ભગવદ્ ભાવમાં લોભાય છે. જે લીલાના દર્શન કરે છે તે લીલાનું ધ્યાન કરીને અનુરાગવાળા થાય છે તે પછી ૨૫ માં ચરણથી વર્ણન કરે છે કે—

સહચરી રત્ન સુકંઠ નાદે ગાન સુયશ પ્રકાર ।।
રસિકજન સૌ સંગી મળીને કરે તે ઉચ્ચાર (૨૫)

અર્થઃ—(સહચરી) વહુ બેટીઓની સહચરી અંતઃપુરમાં રહેવાવારી સ્ત્રીઓ તે કેવી છે કે રત્ન જેવી કેતાં સર્વ સ્ત્રીજનોમાં સૌંદર્યાદિક ગુણોયે કરીને તે ઉત્તમ છે તે (સુકંઠ નાદે) પોતાના સારા કોમલ કંઠના સ્વરથી ગાન કરે છે. શું ગાય છે (સુયશ પ્રકાર) સર્વ સ્વરૂપોના દૈવોદ્ધારાદિક ચરિત્ર તે ગાય છે એવી રીતે અંતઃપુરનો પ્રકાર નિરૂપણ કરીને હવે બાહેરનો પ્રકાર નિરૂપણ કરે છે. (રસિકજન) રસિક જે પ્રભુ તેની લીલા સુખનું અનુભવ કરવાવારા તે રસિક શ્રી ગુસાંઈજી અને સાતોં બાલક પ્રભૃતિ તેમના જન કેતાં સેવક અથવા (રસિક) જે આપની લીલા રસનું અનુભવ કરવાવારા એવા (જન) ગોવિંદસ્વામી પ્રભૃતિ તે કેવા (સૌરંગી) આપના યશોગાનમાં એક ચિત્તવાળા તે સર્વે મલીને આપના સુયશ પ્રકારનું ઉચ્ચાર કેતાં ગાન કરે છે. તે પછી છત્રીશમાં ચરણથી વર્ણન કરે છે કે—

એણીપેરે લીલા કરે શ્રી વલ્લભ રાજકુમાર ।।
ભક્તજનના કોડ પૂરો આપો ચરણ વિહાર (૨૬)

શ્રી (શ્રી વલ્લભ રાજકુમાર) શ્રી વલ્લભ તે શ્રી મહાપ્રભુજી તે કેવા કે (રાજ) કેતાં સર્વ આચાર્યોમાં શ્રેષ્ઠ તેમના કુમાર શ્રી ગુસાંઈજી તે (એણીપેરે લીલા કરે છે) હવે ચરિત્ર પૂર્ણ કરીને પ્રાર્થના કરે છે (ભક્તજનના કોડ પૂરો) ભક્ત જે ભાયલા કોઠારી તેનો જન કેતાં દાસાનુદાસ ગોપાલદાસ તેના મનોરથો પૂર્ણ કરો કયા મનોરથ તે કહે છે કે (આપો ચરણવિહાર) આપના ચરણારવિંદનો વિહાર કેતાં ધ્યાન ચિત્તમાં સદા રહે એવું માગું છું તે આપો.

નવમાખ્યાનનું વિવેચન

હવે અષ્ટમાખ્યાનમાં પરિવાર ચરિત્ર વર્ણન કરીને નવમાખ્યાનમાં ગોપાલદાસજી પોતાની જીવ્હાને શિક્ષા કરતાં શ્રી મહાપ્રભુજીના પરિવારનું અને નામ પૂર્વક સર્વ બાલકોના ગુણોનું સંક્ષેપે કરીને વર્ણન કરતાં શ્રી વલ્લભાચાર્યના પરિવારનુ નામ સ્મરણ ક્ષણ માત્ર પણ ન છોડવું એ શિક્ષા પોતાના અંતઃકરણને કરે છે હવે શ્રી પુરૂષોત્તમના સ્મરણનું આવશ્યકત્વ તો શ્રી મહાપ્રભુજીયે ચતુઃશ્લોકીમાં (गोकुलेश्वर पादयोः) ॥ स्मरणं भजनंचापि नत्याज्ञ मितिमेमति : ॥ એ શ્લોકમાં નિરૂપણ કરેલ છે. હવે નવમાં આખ્યાનનું ગાન રાગ બિભાસમાં કરેલ છે એ આખ્યાનનું ગાન સવારમાંજ અવશ્ય કરવું. તેણે કરીને દેહમાં ભગવદ્તેજની વૃદ્ધિ થાય એ અભિપ્રાયથી પ્રાતકાલનો રાગ વિભાસ છે તેમાં ગાન કર્યું હવે નવમાખ્યાનનું વર્ણન કરે છે.

નિત્ય પ્રતિક્ષણ ક્ષણ સુમરિયે શ્રીવલ્લભનો પરિવારરે રસના ।।
શ્રીપુરૂષોત્તમ પ્રકટિયા જગત કરેવા ઉદ્ધાર રે રસના (૧)

અર્થ:—જીવ્હા વાચક અત્રે રસના શબ્દ કહ્યો તેથી નામ સ્મરણને રસરૂપત્વ દ્યોતન કર્યું (નિત્ય) કેતાં પ્રતિદિન તે પણ (પ્રતિક્ષણ અને હર્ષ આનંદ સહિત સ્મરણ કરવું કોનું કરવું તો) કહે છે કે (શ્રીવલ્લભનો પરિવાર) શ્રીવલ્લભાચાર્યજીના કુટુંબનું તેનું હેતુ કહે છે (શ્રીપુરૂષોત્તમ પ્રકટિયા) શ્રી જે સ્વામિનીજી તેના સહિત પુરૂષોત્તમ પ્રકટ થયા તેનું કારણ કહે છે (જગત કરેવા ઉદ્ધાર) જગતમાં જે દૈવી જીવ તેનો ઉદ્ધાર કરવા. હવે શ્રીપુરૂષોત્તમ પ્રકટિયા એવું જે કહ્યું છે તેનો ભાવાર્થ એ જે વહુ બેટી સર્વ શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે અને બાલક સર્વે પુરૂષોત્તમનું સ્વરૂપ છે એજ પ્રકાર

તત્વદીપ નિબંધમાં कदाचित्सर्वमात्मैव भवतीहजनार्दनः એ કારિકામાં નિરૂપણ કરેલ છે અથવા એ વાણી શ્રીગુસાંઈજીની છે તેથી માતા-પિતાનું નામ પ્રત્યક્ષ લેવું નહીં એવી મર્યાદા છે તેથી પરોક્ષ રીતીથી આજ્ઞા કરે છે કે (શ્રીપુરૂષોત્તમ પ્રકટિયા) શ્રી તે શ્રીમહાલક્ષ્મીજી અને પુરૂષોત્તમ તે શ્રીમહાપ્રભુજી એ જુગલ સ્વરૂપ સ્વવંશ દ્વારા જગતનું ઉદ્ધાર કરવાને પ્રકટયા છે હવે દ્વીતીય ચરણથી વર્ણન કરે છેઃ—

કલિમાં કારણ એહ છે બીજું સર્વે ભૂમિનો ભારરેરસના ॥
એ વિના બીજું સર્વે બોડવું ચૌદલોક સણગાર રે રસના (૨)

(કલિમાં કારણ એહ છે) કલિયુગમાં દૈવોદ્ધારના કારણ શ્રી મહાપ્રભુજી છે તેથી (दैवोद्धार प्रयत्नात्मा) એ સર્વોત્તમજીમાં આપનું નામ છે અથવા કલિયુગની શોભા નામ સ્મરણ માત્રથી છે તે વિષે શ્રી ભાગવતમાં (कलौतद्धरि कीर्तनात) ઇત્યાદિ સ્થળમાં નિરૂપણ કરેલ છે વળી એહ છે એમ અત્રે કહ્યું છે તેથી ગોપાલદાસજીને એ વખતે દર્શન શ્રી મહાપ્રભુજીના થયા એવું ભાસે છે. તો એ વિના બીજુ સર્વે ભૂમિના ભાર રૂપ છે અને શ્રી મહાપ્રભુજી વિના બીજુ સર્વે (બોડવું) મુંડિત કેશ જેવું સમજવું ને આપ ચતુર્દશ લોકના શૃંગારરૂપ છે હવે ત્રીજા ચરણથી ગુણ અને નામ પૂર્વક પરિવારનું ક્રમથી વર્ણન કરે છે.

શ્રી ગોપીનાથજી સોહામણા નવજલઘન તનુભાણુરે રસના
સુખદાતા લઘુભ્રાતના પૂરણ પુરૂષ પ્રમાણ રે રસના (૩)

અર્થઃ—શ્રી મહાપ્રભુજીના મોહોટા પુત્ર શ્રી ગોપીનાથજી સોહામણા છે અને (નવજલઘન તનુભાણ) નવીન જલથી ભરિત મેઘના જેવું આપના શ્રીઅંગની ભાણુ કેતાં કાંતિ જેની છે એવા

અને (સુખદાતા લઘુ ભ્રાતના) નાના ભાઈશ્રી ગુસાંઈજીને સુખ દેવા વારા એને (પૂરણ પુરૂષ) સર્વ ગુણે કરીને પરિપૂર્ણ સંકર્ષણ વ્યૂહાત્મક અને (પ્રમાણ) કેતાં મર્યાદા સ્થાપક તે પછી ચોથા ચરણથી વર્ણન કરે છે કે—

કમલ લોચન કરૂણાભર્યા શ્રી વિઠ્ઠલસુખ રાસરે રસના ॥
દીઠડે તાપ ત્રિવિધ ટળે સ્મરણ માત્ર અઘનાસ રે રસના (૪)

(શ્રી વિઠ્ઠલ) તે નિઃસાધન જનહિત કર્તા શ્રી ગુસાંઈજી કેવા છે (કમલ લોચન) કમલ જેવા નેત્ર છે જેમના એ વિશેષણથી સૌંદર્ય અને પુરૂષોત્તમત્વ સૂચન કર્યું કેમ જે (કમલ લોચન) એ નામ કોશમાં પ્રભુનું છે અને શ્રી ગોપીનાથજીને વેદ રૂપત્વ નિરૂપણ કર્યું તેથી બેઉ સ્વરૂપનો અભેદ સૂચન કર્યું કેમ જે (वेदोनारायण साक्षातस्वयं मूरितिश्रुमः) ઈત્યાદિ વાકયોય કરીને પુરૂષોત્તમ અને વેદ એકજ સ્વરૂપ છે તેથી પ્રથમ પ્રાકટ્ય શ્રી ગોપીનાથજીનું છે પછી શ્રી ગુસાંઈજીનું છે કેમ જે પ્રમાણ વિના પ્રમેયનું જ્ઞાન નહીં થાય જેમ ચક્ષુવિના કોઈ પદાર્થ દીસે નહી એથી સ્વયં પ્રકાશત્વ શ્રી પુરૂષોત્તમનું સ્ફુટ છે કેમજે વેદ ભગવદ્ રૂપ છે અને પુરૂષોત્તમનું જ્ઞાન વેદથી થાય પ્રમાણથી ન થાય એ પ્રકારનું (ईक्षत्यधिकरणमां) સ્ફુટ નિરૂપણ કર્યું છે વળી આપ કેવા છે (કરૂણા ભર્યા) અને (સુખરાસ) અગણિતાનંદ સ્વરૂપત્વ નિરૂપણ કર્યું તે તો બ્રહ્મવલ્લીમાં નિરૂપણ કરેલ છે એવું સ્વરૂપ છે તેનું ચિન્હ શું ? તો કહે છે કે (દીઠડે તાપ ત્રિવિધ ટળે) દર્શન કર્યાથી ત્રિવિધ જે અધ્યાત્મિક અધિદૈવિક આધિભૌતિક એ ત્રણે પ્રકારના તાપ ટળી જાય કારણ જે સુખ વિના તાપ નિવૃત્તિ ન થાય હવે તાપ નિવૃત્તિ તો લૌકિકમાં આપણે

પ્રિય હોય તેના દર્શન માત્રથી પણ થાય છે એ શંકાના નિવારણાર્થે પુરૂષોત્તમત્વ સૂચક બીજો પણ વિશેષણ કહે છે (સ્મરણ માત્ર અઘનાશ) આપના સ્મરણ માત્રે કરીને સર્વ પાપોનો નાશ થાય છે તે પછી પાંચમા ચરણથી સૂચન કરે છે કે

શ્રીગિરિધરનરભૂષણ ભ્રાત સકલ ધુરિધારરે રસના
વક્તા વેદશાસ્ત્ર તણા શ્રીભામિનીજી ભરતાર રે રસના. (૫)

અર્થ:—શ્રી ગુસાંઇજીના જ્યેષ્ઠ પુત્ર જેમનું નામ શ્રીગિરિધરજી છે તે કેવા છે (નર ભૂષણ) નર જે પુરૂષ તેમના ભૂષણ. બીજા પુરૂષોનો લૌકિક સૌન્દર્ય છે અને આપનું અલૌકિક સૌન્દર્ય છે તેથી પુરૂષ માત્રના આપ ભૂષણ રૂપ છે વળી કેવા (ભ્રાત સકલ ધુરિધાર) ભ્રાતા જે ગોવિંદરાયજી પ્રભૃતિ છબાલક તે રૂપ કલા તેણે કરીને યુક્ત અથવા (ભ્રાત) જે છબાલક (સકલ) તે ચંદ્ર તેમના વિષે ધુંરધર એટલે સર્વ પ્રકારથી મોહોટા. હવે જ્યેષ્ઠત્વ નિરૂપણ કરીને ગુણોત્કર્ષ નિરૂપણ કરે છે (વક્તા વેદશાસ્ત્ર તણા) ચારોવેદ અને છ શાસ્ત્રોતણા વક્તા હવે આશ્રમોત્કર્ષ સૂચન કરે છે (શ્રી ભામિનીજી ભરતાર) શ્રી ભામિની વહુજીના પતિ એનુ ફલિતાર્થ એ જે સર્વ આશ્રમોનો નિર્વાહ ગ્રહસ્થાશ્રમે કરીને છે તેથી સર્વ આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે તેનો આપે અંગીકાર કર્યો છે. હવે છઠા ચરણથી વર્ણન કરે છે.

શ્રી ગોવિંદરાય આનંદમય ધર્મ સકલનું ધામરે રસના ॥
શ્રી રાણીજી રંજન રૂલાં ભક્ત સકલ વિશ્રામરે રસના (૬)

શ્રી ગુસાંઇજીના દ્વીતીયલાલજી શ્રી ગોવિંદરાયજી કેવા છે કે (આનંદમય) તે અગણિતાનંદ છે એથી પુરૂષોત્તમત્વ સૂચન કર્યું કેમ જે અગણિતાનંદમય તો પુરૂષોત્તમજ છે. તે બ્રહ્મવલ્લી ઉપનીષદ

પ્રભૃતિમાં નિરૂપણ કરે છે (ધર્મ સકલનું ધામ) સર્વ ભગવદ ધર્મના ધામ તે નિવાસસ્થાન અથવા પુરૂષોત્તમ અને અક્ષર બ્રહ્મનું અભેદ સૂચન કરતાં અક્ષર બ્રહ્મત્વ આપને નિરૂપણ કરે છે વળી (ધર્મ સકલનું ધામ) ધર્મ છે કલાયુક્ત જેણે કરીને એવો જે વેદ તેના ધામ તે સ્થાન હવે અક્ષર બ્રહ્મને વેદસ્થાનત્વ ભૃગુવલ્લી ઉપનિષદ પ્રભૃતિમાં તથા બૃહદ્વામન પુરાણમાં अक्षरंब्रह्मपरमं वेदानां स्थानमुत्तमं ॥ ઈત્યાદિ સ્થલમાં નિરૂપણ કરેલ છે. હવે અક્ષર બ્રહ્મ સહિત પૂર્ણ પુરૂષોત્તમ આપ પ્રકટ થયેલ છે એ નિરૂપણ કરીને અવતાર સમયના સ્વરૂપનું નિરૂપણ કરે છે (શ્રી રાણી રંજન) શ્રી જે સ્વામીનીજી તેના અવતાર એવા જે શ્રી. રાણી વહુજી તેમના (રંજન) કેતા અત્યંત સુખ દેવાવાળા વળી કેવા (રૂડલાં) તે સુંદર કોટિકંદર્પ લાવણ્ય હવે સૌંદર્ય નિરૂપણ કરીને ગુણ નિરૂપણ કરતાં અવતાર કાર્યનું નિરૂપણ કરે છે (ભક્ત સકલ વિશ્રામ) ભક્તોના આધાર સર્વ દુઃખો નિવારણ કરવાવાળા તે પછી સાતમાં ચરણથી વર્ણન કરે છે કે—

શ્રી બાલકૃષ્ણ અતિ બાલુડા સુંદર ભીનલેવાનરે રસના ।।
કમલ લોચન કમલાપતિ છબી કો નહી એ સમાન રે રસના (૭)

શ્રી ગુસાંઈજીના તૃતીય પુત્ર શ્રી બાળકૃષ્ણજી છે તે કેવા છે કે (બાલુડા) બાલ લીલા સંયુક્ત અને સુંદર અને ભીનલે વાન તે ગૌર શ્યામ વર્ણ અને (કમલ લોચન) કમલના જેવા જેના નેત્ર છે એવા અને (કમલાપતિ) તે શ્રી કમલાવતી વહુજીના પતિ વળી કેવા કે (છબી કો નહીં એ સમાન) એમના તેજ તુલ્ય કોઈનું તેજ નહીં. હવે આ તુકમાં શ્રી બાલકૃષ્ણજીનું પુરણ પુરૂષોત્તમત્વ સૂચન કર્યું હવે પ્રથમ વિરૂદ્ધ ધર્માશ્રયત્વ પુરૂષોત્તમનુંજ છે તે નામથી સૂચીત થયું તે પછી આઠમાં ચરણથી વર્ણન કરે છે કે—

શ્રીગોકુલપતિ અતિગુણનિધિ તાતતણો પ્રતિબિંબરે રસના ॥
શ્રીપારવતી પતિ પ્રેમસું શોભા સકલ કુટુંબ રે રસના (૮)

અર્થ:—શ્રીગુસાંઈજીના ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજી હવે નામથી પ્રથમ પુરૂષોત્તમત્વ સૂચિત થયું કેમ જે ગોકુલ નિઃસાધન તેના પતિ યહ ધર્મ પુરૂષોત્તમનું છે એ (तस्मान्मच्छरणंगोष्ठं) એ શ્લોકની સુબોધિનીજી પ્રભૃતિમાં નિરૂપણ કર્યું છે (અતિગુણનિધિ) અતિતેઅતિન્દ્રિય અલૌકિક જે ગુણ તેના નિધિ કેતાં ભંડાર અને (તાતતણો પ્રતિબિંબ) તાત જે શ્રીમહાપ્રભુજી અથવા ગુસાંઈજી તેમનો પ્રતિબિંબ વળી કેવા (પાર્વતી પતિ) શ્રીપાર્વતી વહુજીના પતિ પ્રેમથી (શોભા) તે મહાત્મ્ય જેમનું એ વિશેષણનો ભાવાર્થ એ જે મહાદેવજીની પણ જેના વિષે પ્રેમ લક્ષણા ભક્તિ છે તેથી પણ પુરૂષોત્તમત્વ સૂચિત થયું અને કેવા (શોભા સકલ કુટુંબ) શોભાનું મધ્યમણી ન્યાયથી બન્ને બાજુ સંબંધ છે. સર્વ કુટુંબની શોભારૂપ આપ છે એથી ભાવી જે માલા રક્ષાદિરૂપ યશ છે તેનું સૂચન કર્યું તે પછી નવમાં ચરણથી વર્ણન કરે છે કે

શ્રીરઘુપતિ અતિ ગજગતિ રતિપતિકરૂં બલિહાર રે રસના ॥
જાનકીજીવન એ સદા મધ્યમણી રત્નમયહારરે રસના (૯)

અર્થ:—શ્રીગુસાંઈજીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજી હવે નામથી મર્યાદા પુરૂષોત્તમત્વ સૂચન કરીને પુરૂષોત્તમત્વ વિશેષણથી સૂચન કરે છે (અતિ ગજગતિ) હાથીથી પણ સુંદર જેની ચાલ છે એવા વળી કેવા કે (રતિપતિ કરૂં બલિહાર) રતિપતિ જે કામદેવ જે અતિ શોભાવાળો છે તેને આપની શોભા માથેવારી નાખીયે. વળી કેવા (જાનકીજીવન એ સદા) તે શ્રીજાનકી વહુજીના પ્રિય પતિ વળી કેવા (મધ્યમણી રત્નમયહાર) શ્રીગુસાંઈજીના સાત લાલજી અને

ચાર બેટીજીમાં ચાર લાલજી તથા શોભા બેટીજી મળી ૫) એમનાથી નાના તથા બે લાલજી તથા ત્રણ બેટીજી એથી મોટા એટલે રઘુનાથજી મધ્યના થયા તો રત્નના હારમાં મધ્યમાં મણી શોભે તેમ શોભે છે તે પછી દશમાં ચરણથી કહે છે

યદુપતિજીવન જગતના સદા મન પ્રસન્ન હુલ્લાસ રે રસના ॥
નાહતે મહારાણીતણા મુખ માધુરી વિલાસ રે રસના (૧૦)

અર્થ:—શ્રીગુસાંઇજીના છઠા લાલજી શ્રીયદુનાથજી હવે નામથી પુરૂષોતમત્વ સૂચિત થયું તેનું વિશેષણ કહે છે કે (જીવન જગતના) જગત જે ચરાચર જીવ તેના જીવન કેતાં જીવાવવાવારા હવે જગતને જીવાવવાવારા પુરૂષોત્તમજ છે તે ઉપનીષદોમાં નિરૂપણ કરેલ છે વળી કેવા સદા સર્વદા મને કરીને પ્રસન્ન અને હુલ્લાસમાં રહેનારા અને કેવા (નાહતે મહારાણીતણા) તે કે જેઓ વેદાદિકમાં પ્રસિદ્ધ તેઓ શ્રીમહારાણી વહુજીના પતિ વળી કેવા કે (મુખ માધુરી વિલાસ) શ્રીપ્રભુજીના મુખરૂપ શ્રીમહાપ્રભુજી તેની માધુરી જે ભાષ્ય સુબોધિન્યાદિક તેનું છે વિલાસ જેમને એટલે નિરંતર શ્રીમહાપ્રભુજીના ગ્રંથનો અભ્યાસ કરવાવારા એથી જ્ઞાન રૂપતા દેખાડી હવે એ કીર્તનના અગ્યારમાં ચરણથી વર્ણન કરે છે કે

શ્રીઘનશ્યામજી સીંચે સુધા જીવન સકલ બ્રહ્માંડ રે રસના ॥
નાહતે કૃષ્ણાવતીતણા લીલા નિત્ય અખંડરે રસના (૧૧)

અર્થ:—શ્રીગુસાંઇજીના સાતમાં પુત્ર શ્રીઘનશ્યામજી કેવા છે શ્રીસ્વામીની સંયુક્ત ઠાકુરજી જેનું નામ ઘનશ્યામ છે તેજ છે જીવન જેમના એવા એથી પ્રેમ લક્ષણા વિશિષ્ટત્વ સૂચિત થયું એ આધુનીક અવતાર સામયિક પ્રકાર છે એટલે હમણા અવતાર સમયનું એ પ્રકાર છે કે જે પ્રભુ સેવ્યને આપ સેવક પરંતુ વસ્તુતઃ

તો આપ એકજ છે તેથી આગળ કહ્યું જે (સીંચે સુધા) સુધ અમૃત અથવા મોક્ષ તેને દે છે હવે મોક્ષ વાચક અમૃત શબ્દ તેને મૂકીને તેનો પર્યાય નારી જાતિ સુધાશબ્દ કહ્યું તેથી પુષ્ટિ મોક્ષ આપે છે એ સૂચન કર્યું. કેમજે પુષ્ટિમોક્ષ સ્ત્રી ભાવ પ્રધાન છે તેથ અને દાનવાચક સીંચન શબ્દ કહ્યો તેથી પુષ્ટિમોક્ષને રસરૂપત્વ સૂચન કર્યું અને આપનું નામ ઘનશ્યામજી છે તો ઘન છે તે જલ સીંચન કરે છે તેમ આપ અલૌકિક રસનું સીંચન કરે છે. ભાષ્ય સુબોધિત્યાદિ રસનું સીંચન કરે છે. (જીવન સકલ બ્રહ્માંડ) અનંત કોટિ બ્રહ્માંડ તેના જીવન યહ પુરૂષોત્તમનુંજ ધર્મ છે. વળી કેવ છે (નાહતે કૃષ્ણાવતી તણા) શ્રીકૃષ્ણાવતી વહુજીના પતિ તે પછી (લીલા નિત્ય) લીલા છે નિત્ય જેમની હવે લીલા નિત્ય કહી તેથ પરિછિન્નત્વ અને દ્વૈત સિદ્ધ થયો હશે? એ શંકાના નિવારણ માં આગળ કહે છે (અખંડ) સદૈકરસ અદ્વિતીય હવે સાતો બાળકોને સ્મરણોપદેશ કરીને શ્રી બેટીજીઓનો સ્મરણોપદેસ બારમા ચરણથ વર્ણન કરે છે.

લક્ષ્મી સત્યભામા બેઉ અગ્રજની અનુહાર રે રસના ॥
શ્રીનવનીતપ્રીયાજીને રીજવ્યા સેવા વિવિધ પ્રકાર રે રસના (૧

શ્રીગોપીનાથજીના બે બેટીજી એકલક્ષ્મી બેટીજી બીજા સત્યભામા બેટીજી એ બન્ને બેટીજી કેવી છે કે (અગ્રજની અનુહાર અગ્રજ કેતાં મોહોટા ભાઇ પુરૂષોત્તમજીની અણસાર છે જેમને હવે સ્વરૂપ નિરૂપણ કરીને હવે ગુણ નિરૂપણ કરે છે (શ્રીવનનીત પ્રિયાજીને રીજવ્યા) શ્રીનવનીતપ્રિયાજીને વિવિધ પ્રકારની સેવ કરીને રીજવ્યા શ્રીપુરૂષોત્તમજી પુરૂષોતમ રૂપ છે તેમની અણસારથ અલૌકિક સૌન્દર્ય સૂચિત થયું અને સેવા દ્વારા શ્રીનવનીતપ્રિયાજી

રીજવ્યા, તે દ્વારા અલૌકિક ગુણ વર્ણન કર્યું. હવે તેરમા ચરણથી શ્રીગુસાંઈજીના ચાર બેટીજીનું વર્ણન કરે છે.

શોભા યમુના કમલા દેવકાં જેને સાત બાંધવ સૌભાગ્ય રે રસના ॥ એઉનાં ચરણ સ્મરણ કરી શ્રીવિઠ્ઠલપદ રજ રતિ માગ રે રસના ૧૩

શોભા યમુના કમલા દેવકા એ ચાર બેટીજી (જેહને સાત બાંધવ સૌભાગ્ય) જેને સાત ભાઈઓ છે અને તેઓના અખંડ સૌભાગ્ય એવી રીતે સકલ પરિવારના વર્ણનપૂર્વક સ્મરણનો ઉપદેશ પોતાની જીવ્હાને કરીને હવે એ રીતીથી સ્મરણ કર્યાથી અવશ્ય પ્રભુ પ્રસન્ન થાય ત્યારે શું ફલ માગવું તે ઉપદેશ અરધી તુકથી વર્ણન કરે છે. (એહના ચરણ સ્મરણ કરી) એહના કેતાં એઉનાં ચરણ સ્મરણે કરીને (શ્રીવિઠ્ઠલપદરજ રતિ માગ) શ્રી જે શ્રીરૂક્ષ્મિણી વહુજી અને શ્રીપદ્માવતી વહુજી સંયુક્ત શ્રીગુસાંઈજીના ચરણ સંબંધી રજ વિષે પ્રીતિ માગ અથવા :(પદ) જે લીલા-સ્થાન અક્ષરબ્રહ્મ જેને ગોલોક કહે છે અને (રજ) તે ચરણ રેણુ અલૌકિક લીલાપયોગી દેહ સંપાદન કરવાવાળી અને (રતિ) તે ભક્તિ એ બધા માંગ કેમ જે એ ત્રણે પદાર્થ બ્રહ્મવલ્લી પ્રભૃતિ ઉપનીષદમાં ફલરૂપ નિરૂપણ કરેલ છે એનું ગૂઢાર્થ એ જે એ ત્રણે પદાર્થના દાતા શ્રીયમુનાજી છે તેઓ એ રીતીથી સ્મરણ કરવાથી પ્રસન્ન થાય ત્યારે તેમની પાસેથી એજ ફલરૂપ પદાર્થો માગવા સિવાય કાંઈ લૌકિક પદાર્થ માગવો નહી અને શ્રીયમુનાજીની પ્રસન્નતાના કારણ શ્રીયમુના જલનું પાન અને સ્નાન પ્રસિદ્ધ છે તેનો પણ ફલ એ રીતીથી નામ સ્મરણ કરેથી પ્રાપ્ત થાય એ સૂચન કર્યું. હવે જીવ્હા કદાચિત કહેશે જે આખા પરિવારનું નામ સ્મરણ માત્રનોજ મને ઉપદેશ કર્યો પરંતુ સર્વ પરિવારના

સુખનું વર્ણન કેમ નથી કરતા તેથી ચૌદમા ચરણથી વર્ણન કરે છે કેઃ—

પુત્ર પૌત્રાદિક સુખ શું કહું જો તું મુખમાં એક રે રસના ॥
શ્રીવિઠ્ઠલ કલ્પદ્રુમ ફલ્યો જેની સાખા પસરી અનેક રે રસના ૧૪

અર્થ—પુત્ર તે શ્રીગોપીનાજી શ્રીગુસાંઈજી પૌત્ર સાત બાલક અને પુરૂષોત્તમજી અને આદિ શબ્દે કરીને પ્રપૌત્ર બહુબેટી પ્રભૃતિના જે સુખ તે (શું કહું) શું કહું કાંઇ કહેવા નથી બની આવતું કારણ કે અગણિત સુખ છે તે અનેક જીવ્હા હોય તો પણ ન કહ્યા જાય તો એક જીવ્હાથી કેમ કહ્યા જાય હવે પરિવારને અગણિતપણું સૂચન કર્યું તેથી સર્વ પરિવારને પુરૂષોત્તમત્વ સૂચિત થયું. હવે શ્રીગુસાંઈજીને સર્વ ફલદાતૃત્વ અરધી તુકથી નિરૂપણ કરે છે (શ્રીવિઠ્ઠલ કલ્પદ્રુમ ફલ્યો) શ્રીગુસાંઈજી રૂપી જે કલ્પવૃક્ષ ફલે કરીને ફલ્યો તેની (સાખા પસરી અનેક) અનેક સાખા ફેલી હવે સાખા પસરી એમ વર્તમાન પ્રયોગ કહ્યો. એથી એવું ભાસે છે જે તે સમય જેટલા પુત્ર પૌત્રાદિક પ્રત્યક્ષ દર્શન આપી રહ્યા હતા તેમના સહિત જેટલા ભાવી ગોસ્વામી બાળકો છે તેમના પણ દર્શન ગોપાલદાસજીને થયા અને ફલ્યો એમ કહ્યું તેથી સાતે બાળકોનું ફલરૂપત્વ સૂચન થયું અને શ્રીગુસાંઈજીને કલ્પવૃક્ષ કહ્યા એથી સર્વ મનોર્થ પૂરકત્વ સ્ફુટ નિરૂપણ કર્યું.

[સંપૂર્ણ]

શ્રી યમુનાજીનાં પદ

પદ ૧

નિરખતહીં મન અતિ આનંદ ભયો દેખ પ્રભાત પ્રભાકર કન્યા ।।
જલ પરસતહીં સકલ અઘ ભાજે જયોં હરિ દેખ હરણકી સન્યા(૧)
ઓર જીવનકોં ઓરનકી ગતિ મેરીગતિ તો તુમહીં અનન્યા ।।
વ્રજપતિકી તુમ અતિહીં પ્યારી તુવ સંગમતેં જાન્હવી ધન્યા(૨)

આ શ્રીયમુનાજીનું પદ શ્રીવ્રજપતિજીનું કરેલું છે. પ્રથમ ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(નિરખતહીં મન અતિ આનંદ ભયો દેખ પ્રભાત પ્રભાકર કન્યા) આ કીર્તનના કર્તા શ્રીવ્રજપતિજી આજ્ઞા કરે છે કેઃ—

સવારમાં જ સૂર્યની કન્યા એવાં શ્રીયમુનાજીનાં દર્શન કરીને અતિ આનંદ થયું વળી શું થયું તે પ્રથમ ચરણના ઉતરાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(જલ પરસતહીં સકલ અઘ ભાજે જયોં હરિ દેખ હરણકી સન્યા) **અર્થ**ઃ–શ્રીયમુનાજીના દર્શન થયા પછી જ્યારે આપના જલનું સ્પર્શ કરતાંની સાથે સર્વ પાપો પલાયન થઈ ગયા કેવી રીતે કે જેમ સિંહને દેખાને હરણોની સન્યા નાશે તેમ નાશી ગયા.

તે પછી બીજા ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કેઃ-

(ઓરજીવનકો ઓરનકી ગતિ મેરિગતિ તો તુમહીં અનન્યા) કીર્તન કર્તા વ્રજપતિજી કહે છે જે બીજા અન્ય ઉપાસક જીવોની ગતિ ભલે બીજા હો પણ મારી અનન્ય ગતિ રૂપ કેવલ આપ છો તે પછી બીજા ચરણના ઉતરાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(વ્રજપતિકી તુમ અતિહી પ્યારી તુવ સંગમતેં જાન્હવી ધન્યા (૨) હેમ હારાણીજી વ્રજના પતિ એવા પ્રભુજીના તમે અતિ પ્યારા છો તમારા સંગમે કરીને ગંગાજી ધન્યવાદને પ્રાપ્ત થયા.

પદ ૪

યમુનાસી નહીં કોઈ દુઃખ હરની ॥
જાકે સ્નાનતેં મિટતહેં પાપ હોતહેં
આનંદ સુખકીજુ કરની (૧)
મહિમા અગાધ અપાર ઈનકે ગુણ વેદ પુરાણુન વરણી ॥
કહત વ્રજપતિ તુમ સબનકો સમજાય
છૂટે યમડર જો આવે ઇનકી શરણી (૨)

(શ્રીયમુનાસી નહી કોઈ દુઃખ હરની) **અર્થ**:—શ્રીયમુનાજી જેવું દુઃખ હરનાર કોઇ નથી તે પછી પ્રથમ ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(જાકે સ્નાનતેં મિટતહેં પાપ હોતહેં આનંદ સુખકીજુ કરની (૧) જે શ્રીયમુનાજીના સ્નાને કરીને પાપ મટી જાય અને આનંદ અને સુખની પ્રાપ્તી થાય તે પછી દ્વિતિય ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(મહિમા અગાધ અપાર ઈનકે ગુણ વેદ પુરાણુન વરણી) એ શ્રીયમુનાજીનું મહિમા અગાધ છે તેમજ એમના ગુણગણ પણ અપાર છે તેથી વેદ પુરણ પણ વર્ણન કરી શકતા નથી તે પછી બીજા ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કેઃ—

કહેત વ્રજપતિ તુમ સબનકોં સમજાય છૂટે યમ ડર જો આવે ઈનકી શરણી (૨) આ કીર્તનના કર્તા શ્રીવ્રજપતિજી છે તે તમો

સર્વેને સમજાવીને કહે છે કે જે એમની કેતાં શ્રીયમુનાજીની શરણે આવે તેને યમનો ડર છૂટી જાય.

પદ ૩

શ્રીયમુનાજી તુમ સમ ઓર ન કોઈ ॥
કરો કૃપા મોહિદીન જાનકે નિજ વ્રજ વાસો હોઈ (૧)
રાખો ચરણ શરણ તરણિ તનયા જન્મ આપદા ખોઈ ॥
યહ સંસાર સ્વારથકો સબ વિધ સુતબંધુ સગો ન કોઈ (૨)
પ્રેમભજનમેં કરત વિઘ્નતા સંત સંતાપે સોઈ ॥
તાકો સંગ મોહી સપને ન દીજેં માંગત નેન ભરરોઇ (૩)
ગરલપાન ડારત અમૃતમેં વિષયા રસસોં મોઈ ॥
રસિક કહે દીન હોય માગો લહેર સમુદ્ર સમોહી (૪)

(તુમ સમ ઓર ન કોઇ શ્રીયમુનાજી) હે શ્રીયમુનાજી તમારા સમાન બીજો કોઈ પણ નથી તે પછી પ્રથમ ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(કરો કૃપા મોહિ દીન જાનકે વ્રજ નિજ વાસો હોઈ (૧) મને દીન જાણીને મારા માથે કૃપા કરો જે આપના વ્રજમાં મારો વાસો થાય. તે પછી બીજા ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(રાખો મોહિ ચરણ શરણ તરણિ તનયા જન્મ આપદા ખોઈ) હે સૂર્યના પુત્રી મારી જન્મ મરણની આપદા મિટાવીને આપના ચરણારવિંદની શરણમાં મને રાખો તે પછી બીજા ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(યહ સંસાર સ્વારથકો સબ વિધિ સુત બંધુ સગો ન કોઈ (૨) આ સંસાર છે તે સર્વ પ્રકારથી સ્વારથનો સગો છે. સિવાય

સુત બંધુ કોઈ પણ સાચા સગા નથી તે પછી ત્રીજા ચરણના પૂર્વાર્ધથી સંસારના સગા કેવા છે તેનું વર્ણન કરે છે કેઃ—

(પ્રેમ ભજનમેં કરત વિઘ્નતા સંત સંતાપે સોઈ) સંસારના સગા પ્રેમ ભજનમાં વિઘ્ન કરવાવાળા અને સંત કેતા ભગવદ્દ ભક્તોને સંતાપવાવાળા હોય છે. તે પછી ત્રીજા ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(તાકો સંગ મોહિ સપને ન દીજે માંગત નેન ભરરોઈ (૩) ઉપર પૂર્વાર્ધમાં વર્ણન કર્યા તેવા સંસારીજનોનો સંગ મને સ્વપ્નમાં પણ દેશો નહી એ હું રોઈ રડીને આપની પાસે માગું છું. તે પછી ચોથા ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(ગરલપાન ડારત અમૃતમેં વિષયા રસસોં મોઈ) જીવ વિષય રસમાં મોહ પ્રાપ્ત થઈને રહે છે પણ વિષય રસ ઝેર જેવો છે અને આપના પ્રસંગ અમૃત જેવા છે. તેમાં એ ઝેર લઈને નાખે છે. તે પછી ચોથા ચરણના ઉત્તરાર્ધથી શ્રીહરિરાયજી સમાપ્તિ કરતાં કહે છે કેઃ—

(રસિક કહે દીન હોય માગોં લહેર સમુદ્ર સમોઇ (૪) સમાપ્તિ કરતાં શ્રીહરિરાયજી કહે છે કે હે શ્રીમહારાણીજી તમો દીનતાના સાગર છો અમે તેની એક લેહેર છીયે તો સાગરની લેહેર સાગરમાં જ સમાય તેમ અમો તમારામાં સમાઇયે એટલે તમારી પ્રાપ્તી થાય.

[સંપૂર્ણ.]

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું,
ઠે. પાંચકુવા, ચાર રસ્તા—અમદાવાદ.